શ્રી

મ્હારૂં સ્વપ્ન.

ભાગ ૧ લો.

રચનાર

લવજી ડાહ્યાભાઈ ઠક્કર.

રહેવાશી ધ્રાંગધ્રા.

પ્રકાશક.

માણેકલાલ જેઠાભાઇ પટેલ.

વિરમગામ.

આકાશ પૃથ્વિ જલથી જલપુર્ણ જોતાં,
વાયુ પ્રકાશ વચમાં વહતો હતો ત્યાં;
કો દિવ્ય રૂપ અદ્ભુત સ્વરૂપ ભુલ્યુ,
નાચે તરંગપર તે સહુ ભાન ભુલ્યું.

વૃત્તિ — પ્રત ૧૦૦૦

વિ. સં. ૧૯૭૨ — ઇ. સ. ૧૯૧૬

મુલ્ય રૂ. ૦—૮—૦

અમદાવાદ.
પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યું.

પ્રસ્તાવના.

ચિદાનંદ આત્મસ્વરૂપ તેજરાશી અન્ય માર્ગે ઉપર પ્રતિભા પાડતાં પોતે જીવમાં રૂપાંતર પામી, ચંચળતાને વશ થઈ સમુદ્ર તરંગની પેઠે સંકલ્પ સિદ્ધિને પ્રાપ્ત કરી મન રૂપે જગત સર્વેની વિસ્તિર્ણ ઇંદ્રજાળને ઉત્પન્ન કરે છે. દુર દ્રષ્ટીમાં ખરે બપોરે દેખાતાં ઝાંઝવાનાં જળથી ભરેલું સરોવર જેમ અનંત ચંચળ લહરીઓને ઉત્પન્ન કરે છે, તેમ આ સત્ય જેવા ભાસતા અસત્ય સંસારમાં અનેક અસત્ય ઇંદ્રજાળોને મન ઉત્પન્ન કરે છે. મન રૂપી માનવ, કલ્પના, પ્રકૃતિને આશરે પડી વાસનાની રજ્જુ વડે બંધાતાં તેનો દોર્યો દોરાય છે. મોહના અશ્વ ઉપર સ્વાર થઇ સત્ય પ્રદેશને પાછળ મુકી દુરનો દુર અંધારામાં કયાંય નીકળી જાય છે. ભુલો પડે છે. દુશ્મન લુંટારાઓને હાથે માર ખાય છે. તે માર તેને મીઠો લાગે છે. અતિશય માર ખાવાથી તેને માર ખાવાની ટેવ પડી જાય છે. તે સમયે સત્યનો રસ્તો અગમ્ય થઈ પડે છે. સત્ય દુષ્પ્રાપ્ય થાય છે. સત્ય કર્તવ્ય દુષ્કર થાય છે. ઉચ્ચ આત્મ સ્વરૂપ મન રૂપી અધોગતીને પામી પોતે પોતાને ભુલી જાય છે. પોતેજ પોતાને શોધતાં હાથ આવતો નથી. અંતે અસાધુપણાને પામે છે. સત્ય બોધ વચન તેને શલ્ય રૂપે ખુંચે છે. સર્વથા સ્વાર્થાંધ બની તે પોતાનું કહેવું સત્ય છે,

એમ માને છે. અન્યને મનાવવા યત્ન આદરે છે, ઠગવા પ્રપંચ જાળ પાથરે છે. કૃત્રિમ કાગળનાં કુસુમો કુદરતી કુસુમોની હરીફાઇ કરી પોતામાંજ કુદરતનો આભાસ ઉત્પન્ન કરે છે, તેમ અસાધુપણાને પામેલો દુર્જન દુર્જનતામાં સ્વાર્થને માટે સત્યતાનો આભાસ ઉત્પન્ન કરે છે. રૂપાનું નક્કર ઘરેણું સુવર્ણનો પુટ ચડાવવાથી સુવર્ણમયજ ભાસે છે પરંતુ ભઠ્ઠીમાં પડવાથી સુવર્ણના પુટને રૂપું પોતાનામાં અદ્રશ્ય કરે છે, તેમ ખળે બનાવેલી સત્યતા સત્ય સંયોગ વચ્ચે આવવાથી તે ખળપણાનોજ નિશ્ચય કરી બતાવે છે. દુધ જેમ જમીન ઉપર પડવાથી હાથ આવતું નથી, તેમ સત્યતા ખળના હૃદયમાં પડતાં શોધી હાથ આવતી નથી.

વાસનાઓથી વિંટળાએલ કલ્પનાઓને ગળે બાંધી, મન ચોતરફ જગત સર્વમાં સુખને માટે ભ્રમણ કર્યાં કરે છે, છતાં તે કયાંઇ અખંડ સુખનો અનુભવ મેળવી શકતું નથી. પરંતુ સત્ય માર્ગદર્શક મનસ્વીપણાના ખડ્ગ વડે પોતાની ગર્દન કપાવી પોતાનો સત્ય જ્ઞાનમાં લય કરે, તોજ તે ચંચળ મન પોતાનું રૂપ પાલટી પરમ દૈવત ચિદાત્મ સ્વરૂપમાં રૂપાંતર પામે.

પ્રસ્તુત કાલ્પનીક કથામાં મન તરંગોએ રચેલ ઇંદ્રજાળ, મૃગજળ કે સ્વપ્ન જેવા આ સંસારની

મોહ નિદ્રામાં વિચિત્ર - સ્વપ્નનાં ચિત્રનું યથામતી આલેખન કરી પુસ્તકાકારે વિદ્વજ્જનોની સેવા બજાવવા તેમના પવિત્ર પાદાંબુજે ધર્યું છે. વાંચક વર્ગ, તે માંહેના દોષ તરફ દ્રષ્ટી નહીં કરતાં હંસ પદ્ધતિએ સારગ્રાહી થઇ યથોચિત સત્કાર કરશે, તો શ્રમને ફલીભુત માની હું મને પૂર્ણ મહદ્‌ભાગી માનીશ.

અમદાવાદ અક્ષય તૃતિયા સંવત ૧૯૭૨	લી. લવજી ડાહ્યાભાઈ ઠક્કર.

પરમપુજ્ય સ્વર્ગસ્થ માતાપિતાને નમ્ર

કુસુમાંજલી.

ઉછંગે લઇ પ્રેમથી કર ગ્રહી,
ખેલાવતાં ખેલ તો,

મ્હારો પુત્ર કહી મુખે મુખ ધરી,
લેતાં બહુ ચુંબનો;

કોડે લાડ લડાવતાં કંઇ બહુ,
શિક્ષા મને સાંભરે,

હા હા તે ઉપકાર રૂણ મુજથી,
વાળ્યો ન કેમે વળે.

હું છું,
તમારો સદાનો રૂણી પુત્ર
લવજી.

श्री गणेशाय नमः॥

મ્હારૂં સ્વપ્ન.

ભાગ ૧ લો.

માલિની વૃત.

विगल दमल दान श्रेणी सौरभ्य लाभो
पगत मधुप माला व्याकुला काश देशः
अवतु जगद शेषं शश्वदुग्रात्म दर्पो
विपुल परिधि दन्तो द्दण्ड शुण्डो गणेशः॥

તરંગ ૧ લો.

પ્રેમની જાળ.

વસંતતિલકા છંદ.

કાવ્યો કરી કવિજનો કંઇને નમાવે,
શસ્ત્રો ધરી કંઇ શુરા કંઇને નમાવે;
સંગીત વાદ્ય થકિ ગાયક કૈં નમાવે,
ચાતુર્ય વાણી રસથી ચતુરો નમાવે.

* * * * *

આવા અનેક બહુ બુદ્ધિથિ દે નમાવી;
કો' કોણ જીત્યું જગતે મનને નમાવી.

અનંત કલ્પનાનો ભંડાર તુંજ મન, અસ્થિરતાનો ચક્રવર્તિ મહારાજા ! ત્હારા અસિમ વેગને રોકવા કોણ સમર્થ છે ? સર્વપર ત્હારૂંજ સામ્રાજ્ય છે. ત્હેંજ સર્વને બંધન કર્યા છે. ત્હેંજ સર્વને છુટા કર્યા છે. ત્હેં અનેકને પલમાં ઉંચેથી નીચે નાખ્યા છે, તેમ અનેકને પલમાત્રમાં નિચેથી ઉંચે ચડાવ્યા છે. તુંથી કોઇ પર નથી. તુંથી કોઇ અતકર્ય નથી. પવન, પ્રકાશ કે પડઘો ત્હારા વેગને પ્હોંચી વળવા શક્તિમાન નથી. સર્વ અગમ્ય પ્રદેશમાં તું પલ માત્રમાં ગમન કરે છે. અકથ્ય કથન કરે છે. અદ્રષ્યને દ્રષ્યમાન કરે છે. આધારરહીત કલ્પના માત્રમાં અનેક ક્રિયાઓ ઉત્પન્ન કરે છે અને લય કરે છે. અનનુભુતને અનુભુત કરે છે. તું દેવ દાનવ કે માનવથી અજીત છે. ત્હને કોણ જીત્યું ? શું કહું? તને જીતનાર અમર પદ્વીવાળી ત્રણ ભૂવનની વિજય લક્ષ્મીને વરે છે.

મ્હારી મુછના અંકુરો બહાર નીકળવાને મથન કરી રહ્યા છે, રોમેરોમ યુવાનો પૂર્ણ બહાર ઝલકી રહ્યો છે. તેજ યૌવન-વિભૂતિ, તેજ જુવાની, મન મંદાગ્નિને ઉત્તેજીત કરનારૂં ઘૃત છે. વિવેકી બુદ્ધિમતીને માત્ર એકજ શરાબનો જામ છે.. મદનરાજને વિરાજવાની પિઠીકા છે. તે મધ્યસ્થ આવેલા પૂર્ણચંદ્રની પેઠે પૂર્ણ પ્રકાશવાન છતાં માત્ર નિશાનેજ પ્રકાશીત કરે છે. લલિત લાવણ્યમયી તરૂણ લલનાઓની તરલતાપેઠે તે લલચાવનારી છતાં હાથમાં આવતીજ

નથી. સાકરના કોળીયાની પેઠે તે માત્ર મુખનેજ મીઠાશ આપે છે. રંભાની પેઠે તે ફરીવાર પાછું જોતીજ નથી. ઉછળતી નદીઓના :વેગ જેવી છતાં તે અકાળેજ શુષ્ક થઇ જાય છે. નુતન રંગી વાદળાં-ઓની પેઠે તે માત્ર સાયંકાળનેજ શોભા આપે છે. સોપારીની પેઠે તે સદા વચ્ચેજ આવીને કપાય છે. તે માત્ર કટી પ્રદેશમાંજ રમણુ કરે છે. વળી પરો-ણાની પેઠે જ્યારે તે પાછળ પડે છે, ત્યારેજ આંખ ઉઘાડે છે. તેના પૂર્ણ થનથનાટમાં હું એક રાત્રીએ સ્વપ્નમાં જાણે અદ્ધર ઉંચે ઉડતો હોઉં તેમ મને જણાયું. એવામાં મારી પાસેથી હવાની એક લ્હેંકી ધીમી લ્હેંકી ઝડપથી પસાર થતી જણાઇ. તુરત જાણે મેં તેને પકડી પાડી. શું ? નિમિષ માત્રમાં તેનો જાણે સુંદિર અશ્વ બની ગયો. તે થનગન નૃત્ય કરવા લાગ્યો. અનાયાસે મળેલ સાજપૂર્ણ અશ્વઉપર સ્વારી કરવા મને મન થયું. હું સ્વાર થયો. લાગ-લોજ તે ચારે પગે ઠેકતો ઉપડયો, ઉડયો. એક પલવારમાં તેણે મને અગણિત દેશો વટાવી એક વિશાળ નગરીની મધ્યમાં લાવી મુકયો. જાણે ચંદ્ર-નીજ બજારમાં લાવી મુકયો. હું અશ્વથી નીચે ઉતર્યો, એટલામાંતો અશ્વ જાણે વિલીન થઇ ગયો. આસપાસ નજર નાંખી, તો મુંબાઇ નગરીને બેઘડી ટક્કર મારે તેવી નગરીની અનુપમ શોભા અવર્ણનિય હતી. ઉંચી ઉંચી હવેલીઓ આકાશની સાથે જાણે લડતી હોય, સ્પર્ધા કરતી હોય, તેમ જણાતી હતી.

તે વખતે જાણે શરદ પૂર્ણીમાનો ઉત્સવ હોય, તેમ જણાતું હતું. ચો તરફ જ્યાં ત્યાં લલીત લલનાઓનાંજ ટોળાં નજરે પડતાં હતાં. એક પછી એક એવા હજારો ચંદ્રની રેલંછેલ થઇ હોય, ચંદ્રનો મહાસાગર ઉભરાયો હોય, છલકાયો હોય, તેમ લાગતું હતું. શ્વેત ચંદ્રિકામાં શ્વેત વસન, શ્વેત પૂષ્પો અને શ્વેત અલંકારોથી અલંકૃત થયેલી ગૌરાંગનાઓ જાણે મુક્તાનીજ લતાઓ ડોલતી હોય તેમ જણાતું હતું. ધવલ વાદળીઓમાંથી જેમ ધારાઓ ધરાને ન્હવરાવતી હોય તેમ તેમની ધવલ કાંતી ચોતરફ પ્રસરી રહી હતી. વિશેષ તો આશ્ચર્ય એ પામ્યો, કે ત્યાં પુરૂષનું નામ નિશાન જણાતું નહતું. આ શું! શરદ રૂતુમાં ભગવાન કામદેવે મન્મથોદ્યાનમાં શ્વેત પૂષ્પો વરસાવી પોતાનો ધવલ વિજય વરતાવવા વિસ્તારવા આ યત્ન આરંભ્યો હતો! શું આ મદન પાડને માટે મન્મથ શાળા સ્થાપી હતી! કે જેમાં અગણીત વિદ્યા વિલાસિનીઓ વારંવાર આવ જા કરતી હતી. કાંઇ નિર્ણય કરી શકયો નહીં. હું તો આગળ ચાલવા લાગ્યો. ચોતરફ બેધડક સ્વેચ્છાએ ફરવા લાગ્યો. નિડરપણે જોવા લાગ્યો. માત્ર ચકોરની પેઠે ચાંદનીનોજ પ્રકાશ ચુસવા લાગ્યો. કૃપણની પેઠે ધનને માત્ર જોઇનેજ ધન્ય માનવા લાગ્યો.

વિચારમાંને વિચારમાં મશગુલ થતો, ઉછળતા દરીયાના મોજાંની સાથે ચંદ્રિકાને ગેલ કરતી જોઇ,

તે તરફ ધ્યાન દેવા લાગ્યો. તેવામાં તો એક રમણી અચિંતી આસ્તેથી આવી મને કોમળ કમળની લાત મારી ચપળ હરિણીની પેઠે ઠેકતી ચાલી ગઇ. મને આંખે તમ્મર આવ્યાં, રોમાંચ થયો. હૃદય ધડકવા લાગ્યું. પગ અસ્થિર થયા. પડું પડું થઇ રહ્યો. હૃદય મુગ્ધ થયું, તોપણ તેને સજ્જડ પકડી રાખી જે તરફ તે નુતન અંગના ચાલી ગઇ, તે તરફ શરીરને ઘસડી ગયો. હમણાં તો શુદ્ધ સ્ફાટીકની સફેદ શિલા ઉપર તે ગૌર કાંતીમય તરૂણી વિરાજમાન હતી. મેં તો જોતાં જાણ્યું, કે કોઇ ચતુર કારીગરે સ્ફાટીકની શીલામાંથી પુતળી કોરી કાઢી હોય નાં! પણ તેતો માત્ર ભ્રાંતીજ હતી. તેની પાસે જતાં હુંતો અપરિચિત એટલે ક્ષોભ પામ્યો. ચર્ણો અટક્યા. તેનો ગૌરવાન્વિત ચ્હેરો એક ટસે નિરખવા લાગ્યો. તેવામાં તેણીએજ મને ઇસારત કરી, મ્હારા પગ ઉપડ્યા, પાસે ગયો, ચિત્રવત્ ઉભોજ રહ્યો. તુર્તજ વાયુ જેમ પલ્લવનો સ્પર્શ કરે તેમ તેણીએ પોતાની કોમળ કરાંગુલીઓ વડે મારો કરપલ્લવ પકડ્યો. મને જરા કંપારી છુટી. તેનો પ્રકાશ મારા ઉપર પડવા લાગ્યો. હું મને પોતાને સ્ફાટીકમયજ સમજવા લાગ્યો. તેણીના તેજમાં ચંદ્રનું તેજ ગળી ગયું. ચંદ્ર પણ નિસ્તેજ લાગ્યો.

રાત મજલીસમેં તેરે હુસ્નકે શોલેકે હુઝુર
શમઆકે મુંહપે જો દેખા તો કહીં નુર ન થા.

અનિમિષ આંખે તે મારા સામું જોઇ રહી. એવામાં અચિંતી સિંહની ત્રાડ, ભયંકર ગર્જના મ્હારા કર્ણ પ્રદેશમાં અથડાઇ, ગર્જન તર્જન કરવા લાગી. ચાંદની ઉડી ગઇ, ઘોર અંધકાર વ્યાપ્યો. સ્ફાટીક શિલા અદ્રષ્ય થઇ ગઇ, ભયાનક ગુફાદ્વાર દેખાયું. તે લલિત ચંદ્રને લજવનારૂં મુખ સિંહના ભયંકર ડાચામાં પલટાયું. કોમળ કરપલ્લવ તિક્ષણ નખવાળા પંજા જણાયા. પળ પહેલાં જે આંખો મૃગલાંનાં બચ્ચાંની આંખોને લજાવતી હતી, મનોહર તરલ જણાતી હતી, તે ક્રોધભરી લાલચોળ વિક્રાળ જણાઇ. " આહ ! " ઉંડા ગરમ નિશ્વાસ હૃદયમાંથી મુખમાં અને ત્યાંથી બહાર નીકળી હવામાં ભળી શીતળ થઈ ગયો. હું બેશુદ્ધ થયો. પરવશ ચિત્તને બેભાન અવસ્થામાં જરાતરા ભાન આવવા લાગ્યું. શીતળ સુગંધમય હવા મારા શરીરને સ્પર્શ કરતી જણાઇ. મને શુદ્ધિ આવી, આંખો ઉઘડી, જોયું, નિહાળીને જોયું. શું ? તેજ રંભા, તેજ કૌતુકમય કામીની, તેજ લાવણ્યમયી લલના, તેજ યૌવન પૂર્ણ મદમસ્ત કામદેવે રચેલી કુમળી કળી, જોતાંજ અસંખ્ય વિચારો મસ્તિકાકાશમાં અનંત અભ્રોની પેઠે પવનની લહરીઓ ઉપર ઘુમવા લાગ્યા. અરે ! પણ પેલો હૃદયભેદક ગર્જનાનો અવાજ ! તે લાલચોળ કૃતાંત કાળ જેવી આંખો !

તે કાળપાશ જેવો મ્હોળો દિર્ઘ પંજો ! તે ભયંકર ગુહાસમાન મુખ પ્રદેશ ! તેમાંના યમના વજ્રશુળ જેવા, ભાલા જેવા તિક્ષણ દાંતો ! ઓહ ! એકજ પળમાં આ શું થયું ! શું બન્યું ! હું તો જડ ચિત્રવત્ બન્યો. હજુ સુધી હું સ્થિર દ્રષ્ટીવાળો, કૈતુકયુક્ત હૃદયવાળો મુગ્ધજ રહ્યો. અચેતન રહ્યો પણ તેવામાં તો તે રમણીએ મ્હારા ગળસ્થળને પોતાના માંસલ હસ્તવડે વેષ્ટિત કરી મને બેઠો કર્યો. હવેજ મને પૂર્ણ શુદ્ધિ આવી; છતાં પણ હૃદય, કૌતુકને તો વિસરી નજ ગયું. સહસા હૃદયનો ઉદ્ગાર ઓષ્ટ ઉપર આવ્યો અને તે એની મેળેજ બોલાઈ ગયો:—

नूनं हिते कविवरा विपरीत बोधा
ये नित्यमाहुरबला इति कामिनीनाम्।
यामिर्विलोल तर तारक दष्टिपातैः
शक्रा दयोऽपि विजितास्त्व बला : कथंता : ॥ *

ઉક્ત સાંભળી તે ગર્વથી ફુલાઇ ગઇ. ભરાઉ માંસલ વક્ષસ્થળ બહાર ઉપસી આવ્યું. સાગરમાં અરધા ડુબેલા પર્વતો ધરતીકંપના આંચકાથી એકદમ બહાર નીકળી આવે તેમ તેનાં પીન પયોધરો ઓર

---

* ઉત્તમ એવા જે કવીઓ સ્ત્રીઓને અબલા કહે છે તેઓ બેશક તેણીના વિષયમાં અજ્ઞાન છે. કારણ કે સ્ત્રીઓએ ચંચલ કીકીવાળા નેત્ર કટાક્ષથી ઇંદ્ર વિગેરેને પણ જીતી લીધા છે, ત્યારે તેને અબલા કેવી રીતે કહેવી ?

વધારે છાતી સાથે બહાર ઉપસી આવ્યાં. એક ખુંખાર મારી તે બુલબુલના બચ્ચાંના અવાજે બોલી ઉઠીઃ—

" ગભરાઓ નહીં, હું તમારી પાસેજ છું. "

" તમે કોણ ? મને કેવી રીતે ઓળખો ? "

" તમને જોતાંજ ઓળખ્યા, તમે મ્હારા પરિચિત છો. પોતાનાને કોણ ન ઓળખે ? "

" એટલે ? "

" તમે મ્હારા કામદેવ છો. "

" ત્યારે તો તમે રતી હશો. તમારા ગુમ થયેલા કામદેવને શોધતાં હશો. "

" ખરેખર તેમજ છે. "

" ત્યારે હું તે કામદેવ નથી. " હું જરા ખચ્યો. " હું તો એક સાધારણ મનુષ્ય છું. "

" તમને મનુષ્ય કહેનાર મુઢ છે. તમેજ મહારા કામદેવ છો. " આલિંગન આપવા લાંબા હાથ કરતી તે બોલી. " આવો ઓરા આવો, લાંબા સમયના વિયોગ પછી આજેજ તમારાં દર્શન પામી છું. તમે ભુલશો પરંતુ આ હૃદય કેમ ભુલી જશે."

નહીં ભુલે દીવસને દિનમણી ઉગતાંજ નહીં ભુલે,
નહીં ભુલે નિશામાં ચળકવા નિશીનાથ નહીં ભુલે.
ખીલવવા પુષ્પની કળીઓ નવાંકુર પત્ર પલ્લવને,
વસંત સ્નિગ્ધ નયનોથી નહીં ભુલે નહીં ભુલે.

હૃદયમાં હું મને પોતાને ધનધન્ય માનવા લાગ્યો. પરંતુ આ સ્ત્રીને મેં કયારેય જોઇ નહોતી. અને તે મને ઓળખે ! એ વિચારે હું જરા શંકાયો, તેની લંબાયેલ ભુજલતાનો અનાદર કરતો હું જરા પાછો હઠયો. મ્હારો આવો અવિનય જોઇ, તે પીળા પડેલા પત્રની પેઠે મને માત્ર જોવાજ લાગી. મારાથી બોલી જવાયું.

जल्पन्ति सार्धमन्यन पश्यन्त्यन्यं सविभ्रमाः ।
हृदये चिन्तयन्त्यन्यं प्रियः कोनाम योषिताम् ॥*

મારા મુખમાંથી નીકળેલાં વાકયો રૂપી અગ્નીના તાપથી તેની સર્વ આશાઓનું જળ જાણે વરાળ થઇ હવામાં વિલીન થઈ ગયું. ઉડી ગયું. તે કાલા વાલા કરવા લાગી કરગરવા લાગી.

" ક્ષમા કરો, આપ શું મને નથીજ ઓળખતા ? અરેરે તમારી અર્ધાંગનાને પણ નથી જાણતા ? મારી તમને પુરી પીછાન થશે. "

" નહીં નહીં. તમે મારી અર્ધાંગના કેવી રીતે? હું અવિવાહિત છું તમે સ્ત્રીઓ પોતાની આશા તૃપ્ત કરવા પુરૂષને મોહના પાસલામાં અનેક યુક્તિઓથી પકડો છો. પણ આ પુરૂષ કોઈ ઓરજ છે. તમારી મોહમયી લાલચોમાં લપટાય તેવો નથી. "

---

* વિલાસયુક્ત વામાઓ એકને નિહાળે છે, અન્ય સાથે વાર્તા કરે છે અને હૃદયમાં ત્રીજાનું ધ્યાન ધરે છે. માટે એવી સ્ત્રીઓને કોણ વ્હાલું છે ?

ब्रह्माण्ड मण्डली मात्रं किं लोभाय मनस्विनः।
शफरी स्फुरितेनाब्धेः क्षुब्धता जातु जायते॥ *

"તુર્તજ તેણી આંખમાં આંસુ લાવી બોલી ઉઠી:- આતુરની આતુરતાને નષ્ટ કરનારનો અને સ્વક્રિયાને છેહ દેનારનો પાપ ભાર અસહ છે હો."

"બસ નહીં." મેં ગર્વીષ્ટપણેજ ઉદ્ધતાઇથી ટુંકામાં પતાવ્યું.

મારો ગર્વ પૂર્ણ ચ્હેરો અને બેપરવાઇની ઝલકથી ભરેલી આંખો જોઇ, તેણીએ ઓરજ યુક્તી લડાવી. માત્ર એકજ ચુટકી બજાવી. અને તેટલામાં તો હજારો રમણીઓ સમુદ્રનાં મોજાંની પેઠે મારા ફરતી ઉભરાવા લાગી. પૃથ્વી ઉપર પડેલા માંસના કકડાને પકડવા હજારો સમડીઓ એક્કીસાથે આકાશમાંથી ઉતરી આવે, હજારો કાકપક્ષી શ્રાધપક્ષમાં શ્રાધનો શેષ લેવા તુટી પડે, તેમ હજારો કોમળાંગીઓ અદ્ધરથી હવાની લહરીઓ સાથે ઉતરી આવી. હુંતો આમતેમ જોવા લાગ્યો. શું ? પાછો તેજ મુંબાઇ નગરીના જેવો દેખાવ, તેજ ચંદ્રનો પ્રકાશ, તેજ લલીત માધુર્યમય સ્થાન, આહા ! પલમાં આ શો ફેરફાર ! આ શો ચમત્કાર ! હુંતો આવા વિચારમાં મુગ્ધ હતો, ત્યાંતો કેટલીકે મળી મને એક કોમળ

---

* મનસ્વીઓને બ્રહ્માડનું મંડલ માત્ર, શું લોભાવી શકે છે ? માછલીના સ્ફુરણથી સમુદ્ર શું કોઇ દીવસ ચલાયમાન થાય છે ?

રેશમની દોરી વડે બાંધી લીધો. તુર્તજ મને હવામાં અદ્ધર ઉપાડી આકાશ માર્ગે ચાલવા લાગી. ઉડવા લાગી.

નિચે જોઉં, શું ? તે નગરી બાળકને રમવાના માત્ર દડાજેવી જણાવા લાગી. હું તો પૂર્ણ ભય પામ્યો. હૃદય ધડકવા લાગ્યું. અરે મને અહીંથી પડતો મુકશે, તો પૃથ્વીપર પડતાં લગભગ અરધો કલાક તો થશે. પણ પડીને હું જીવતો રહીશ તેની શી ખાત્રી? પ્રાણ વ્હાલા લાગ્યા. માતાપીતા, મિત્રો, સ્નેહીઓ સર્વ સાંભરી આવ્યાં. એક પલવારમાં હજારો મોતના વિચારો ફરી ગયા. સર્વાંગે મૃત્યુનો પરસ્વેદ છુટયો, તેણીએ તે જોઇ લીધું.

મરૂંગી મર્યઁ પર ન હિજ્ મેં રહકર,
મરૂંગી મર્યઁ સનમકે સાથહી રહકર.

મેં સાંભળ્યું, લાઇલાજ તેણીને માથું નમાવ્યું. તેની વૃત્તિમાં મ્હારી વૃત્તિ મળી ગઇ.

રવા હય તુજકો જાન બચાના, મત કર એજાં પ્યારી મુજે,
પીલાકે ઇશ્કકા તુ પયમાના, ભરકર રંગીં પ્યારી મુજે.

હૃદયનો ઉદ્દગાર તેણીએ જાણી લીધો. અંતરસ્થિતી જોઇ લીધી. એટલામાં તો પવનના ઝપાટે જેમ વાદળાં વિખરાઇ જાય, તેમ અન્ય સ્ત્રીઓ વિલીન થઇ ગઇ. કયાં ગઇ તે જાણી શકયો નહીં. જોયું તો જાણે મારૂં માથું તેજ સ્ફાટીકની શિલા ઉપર બેઠેલી

તેજ રમણીના ખોળામાં હતું. તે મને કમળના પત્ર વડે જાણે પંખો કરતી હતી. મારા કપાળ ઉપરનાં સ્વેદ બિંદુઓને વારંવારે તે પોતાના પાલવ વડે લુછતી હતી. તુર્તજ તેણીએ એક મોહમયી નજર સ્નેહ કટાક્ષ ફેંકી મારા કપોલ ઉપર પ્રેમભર્યું એક ચુંબન કર્યું. માત્ર એકજ ચુંબન. આહા ! તે સંચાર ! તે રોમોદ્‌ગમ ! તે હૃદયકંપ ! શું વર્ણવું. તેણીના સુધાકર પ્રતિબિંબિત મુખ મંડળમાં મુગ્ધ થયો. ભ્રૂલતામાં ભ્રમિત થયો. ચુંબનથી ચલિત થયો. લલના લાલિત્યમાં લલીત થયો. આનંદથી આવિષ્ટ થયો. મ્હારી બુદ્ધિ બુઠ્ઠી થઇ ગઇ. તેની પ્રભાવશાળી પ્રતિમા આગળ પાણી થઇ પડેલો હું, માત્ર તેનું પ્રતિબિંબજ મારામાં પાડી શકયો. અંકમાં પડેલું માથું કલ્પના માત્રથીજ તેને અર્પી શકયો. તે બોલી ઉઠી.

" મનસ્વી સાવધ થાઓ તમે નિર્ભય છો "

" નિર્ભય છું પણ મનસ્વીપણું કયાં રહ્યું ? "

तावदेव कृतिनां हृदि स्फुरत्येष निर्मल विवेक दीपकः।
यावदेव नकुरङ्ग चक्षुषां ताड्यते चपल लोचनां चलैः॥*

" વળી "

---

* "જ્યાં સુધી કુરંગના જેવાં નયનવાળી સ્ત્રીઓનાં ચંચળ નેત્ર કટાક્ષ ન વાગ્યાં હોય, ત્યાં સુધીજ વિવેકી પુરૂષના ચિત્તમાં પણ નિર્મળ વિવેક દીપક સ્ફુરે છે."

उन्मत्त प्रेम संरम्भादारभन्ते यदङ्गनाः ।
तत्रप्रत्यूह माधातुं ब्रह्मा खल्लु कातरः ॥ *

"લાચાર. આપનો ઉપકાર અપાર છે."

"ન શરમાયો. મનથી માનેલા સ્વામી માટે સ્ત્રીએ કરેલું કાર્ય તે શું ઉપકાર છે. હું આપને મનથી વરી ચુકીછું"

"ત્યારે શું તમે હજુ કુંવારાંજ છો?"

"હા હું તેમજ છું. પણ અત્યારે તમને વરેલી તમારીજ સ્ત્રી છું." તેણીએ મને બેઠો કર્યો. અનંત દીવસોના વિયોગાંતે ઇચ્છાતુરને ઇચ્છિત પ્રાપ્ત થાય, તેમ અમે બંને અરસપરસ દ્રઢાલિંગન આપી ભેટી પડયાં. આનંદના આવેશમાં તેનું હૃદય જોવા હું ગાવા લાગ્યો. ચાંદનીના પ્રકાશમાં મારૂં ગાયન ચાંદનીમયજ બની ગયું. હૃદય તપાસવા તક સાધી.

અમે પરદેશી પંખીડાં
ઉડી આકાશ સંચરશું,
અમે આજે અહીં કાલે
કયા વિદેશ વિચરશું.
અમારો વાસ જ્યાં કોઇ
નહીં ત્યાં સ્થિર વસવાનો,
વસે ત્યાં કોઇ આવી તો

---

* "સ્ત્રીઓ અત્યંત પ્રેમના વેગથી જે કાર્ય આરંભે છે, તેમાં વિઘ્ન નાંખવાને બ્રહ્મા પણ ડર ખાય છે, એ નિશ્ચય છે."

પછી વિચાર ખસવાનો.
પવનની લ્હેરપર ફરીએ
અમે પુરા સ્વચ્છંદી થઇ,
ફુલોની વાસમાં રમીએ
શિતળતાને સુગંધી થઇ.
નદી નાળાં અને ઝરણાં
તણા વ્હેતા પુરે પડીએ,
મળી ખળ ખળ અવાજોમાં
તરંગો પર જઇ ચડીએ.
સમુદ્રોનાં વમળમોજાં
ઉપર કુદી કુદી હસીએ,
ઘડીમાં ડુબકી મારી
ઉંડે ઉંડે જઇ વસીએ.
ઘડીમાં ત્યાંથી ઉછળીને
શિખરપર પહાડના ચડીએ,
વળી દઇ કુદકો ત્યાંથી
ખીણોમાંહી ધસી પડીએ.
મયુરો કોકીલા બુલબુલ
સહુ પંખીતણા નાદે,
થઇને સુર ત્યાં ભળીએ
મીઠા મીઠા સહુ સાદે.
મધુર ગુંજે મધુકર તે
થઇએ સ્વાર ગુંજારે,
વળી ત્યાંથી ઉડી વનમાં
ગરીં ગુફામાં અંધારે.
અમારૂં સ્થીરને ચિરકાળ
કયાં છે ઠામ ઠેકાણું;

અમોને કોઇ ના જાણે
અમોથી કાંઈ ન અણજાણ્યું.
કહો તમથી બને એવું
અમારા સાથમાં આવો,
નહીં તો જ્યાંથી આવ્યાં ત્યાં
તમો પ્રિય ચાલતાં થઓ.

મ્હારા સુરના આલાપની સાથે તેના હૃદય પુવારામાંથી પણ મુખનાલિકાદ્વારા પ્રણય ધારાઓ, સારંગીના તારમાં જાણે સુર રમતા નીકળે, તેમ હસતી રમતી વ્હેવા લાગી.

તમે પંખી થશો પ્રિય તો
અમે પાંખો તમારી આ,
વિચરશું વ્યોમની વાટે
સદા સાથે જશો જ્યાં જ્યાં.
તમે પાણી થશો પ્રિય તો
અમેતો લ્હેરકીઓ થાશું,
તમે પર્વત થશો પ્યારા
અમે પત્થર થઈ જાશું.
વિદેશે કે વળી દેશે
અરે ફાવે તે સ્થળ ફરશો,
અલગ તે ચંદ્ર ચંદ્રિકા
ચતુર કેવી રીતે કરશો.
પવનની લ્હેરકીઓ તે શું
પવનથી જુદી થઇ જાશે

હશે સુગંધી જ્યાંસુધી
ફુલો કરમાઇ નહીં જાશે.
વહે છે જ્યાંસુધી વ્હેળો
થશે ખળખળ અવાજો ત્યાં,
કહો સુકાઇ જાતાં તે
પછી શાના અવાજો ત્યાં.
જીવન આ જ્યાંસુધી ટકશે
ગળું પણ ત્યાંસુધી ટકશે,
જીવન જાતાં જશે વાણી
નહીં પલમાત્ર તે નિભશે.
તમે જે ઝેર ખાશો તે
અમોને પ્હેલું ચડવાનું,
તમોને પુર્ણ ચડતામાં
અમારે પ્હેલું પડવાનું.
સહુથી શ્રેષ્ટ જે હિસ્સો
જીવન પ્હેલો તમે લેજો,
કદી મ્હોડું થતાં કડવું
પછી કહેવાનું તે કહેજો.
અરે ગર્દન ઉપર ખંજર
કદી કોઇવાર મુકી દયો,
જરા જો ધ્રુજીએ કે ઉંહ
કરીએ તો પછી કાંઇ કો'.
તમે કાયા અમે છાયા
ઉભય માયા ન મુકાશે,
જશે કાયા જશે છાયા
કહો તે કેમ ચુકાશે.
તમો જેવું પિયુ જ્યાં જ્યાં

કરો તેવું અમે કરશું,
છતાં વ્હાલા જો દયો ધક્કો
તમારા આગળે મરશું.
ગમે તો ક્રૂરતા કરજો
ગમે તો પ્રાણ પાથરજો,
ગમે તો કરવતે કાપી
અમારા ટુકડા કરજો.
તમે મસ્તાન થાશો તો
અમે મસ્તી થઈ જઇશું,
તમે રાગેથી રંગાશો
અમે તે રાગ થઈ જઇશું.
કહો બનશે અમારાથી
તમારા સાથમાં રહેવું,
નથી તાકાદ એવી કે
" જતી રહે જા પ્રિયા " કહેવું.

આહા ! અનનુભુત વિણાનો નાદ ! અવર્ણનિય સુરનો આલાપ ! હું તો નિશામાં ડોલવાજ લાગ્યો. આલિંગનનું અમૃતજ પીવા લાગ્યો. આલિંગનમાં શાંત નિદ્રાનો સ્વાદ લેવા લાગ્યો. આનંદનો નિશો ભરપુર ચડયો. આંખો મિંચાવા લાગી. મિંચાઇજ ગઇ. નિદ્રાવશ થઇ ગયો.

તરંગ ૨ જો.

દુઃખીને દુઃખી.

જાના હમારી નઝરોંસે જો દુર પડે હયઁ,
ઉલ્ફતકી કસમ સીનેમેં નાસુર પડે હયઁ.
ક્યા ઇશ્કભી બલા હય કોઈ જાનતા નહી,
ઇસ મર્જકો તબીબભી પૂહેચાનતા નહી.

નિદ્રામાંથી અચિંત્યો જાગી ઉઠયો. આળસ મરડી બેઠો થયો. મનેતો એમજ ખાત્રી હતી, કે હજુ હું મ્હારી પ્રિયાની સોડમાંજ છું, પણ ના. જોઉંતો કાંઈ મળે નહીં. અરેરે આ સર્વ ક્યાં ગયું! એમ નિરાશાથી નિશ્વાસ નાંખતો હું ઉઠીને ઉભો થયો. જાણે પ્રાતઃકાળ થવા આવ્યો હોય તેમ જણાયું. અરૂણનો ઉજાસ મારા નિશ્વાસને વધારવા લાગ્યો. ધન ચોરાયા પછી કૃપણ જેમ આવિષ્ટ બની ચોતરફ શોધ કરવા નીકળી પડે તેમ હું ચોતરફ આથડવા લાગ્યો. અરેરે! આ રાત્રી, આનંદપૂર્ણ રાત્રી, ચંદ્રિકામય રાત્રી, ધવલ રાત્રી ક્યાં ઉડી ગઈ! હા! તે ગૌરાંગ, વિલાસમૂર્તિ, નમણી નવોઢા મેં હતભાગીએ ક્યાં ગુમાવી? ચોતરફ ફરી પાછો તેજ શીલાઉપર આવીને બેઠો. જાણે ત્યાં એક પુસ્તક પડયું હોય એમ લાગ્યું. તે ઉપાડયું, ઉઘાડયું. શું વાચું? પાને

પાને પ્રત્યેક વાકયોમાં, પ્રત્યેક શબ્દોમાં, પ્રત્યેક અક્ષરોમાં, પ્રત્યેક વ્યંજન સ્વરોમાં પણ તેનાં દિવ્ય દર્શન થવા લાગ્યાં. મંદહાસ્યયુક્ત મુખમંડલ નજરે ચડવા લાગ્યું. તે કિન્નરકંઠીનો મંજુલ સ્વર મારા કર્ણ કમલમાં ભમરીની પેઠે ગુંજાર કરવા લાગ્યો. તેનાં સુલલીત ત્રાંસા નયનના તિવ્ર કટાક્ષો મારા હૃદયને ભેદી, જાણે હતાશ કરવા લાગ્યા. પુસ્તક પડતું મેલ્યું. ચોતરફ દ્રષ્ટી લંબાવી, મને ભ્રમ થયો. એ સામેના દરીઆ કીનારે, પેલી લતાકુંજમાં, આ વૃક્ષોની ગહન ઘટામાં, ડાળે અને પાંદડે, કળીઓ અને ફુલોઉપર, પાસેના ન્હાનકડા તળાવના હિલોળા વિનાના શાંત જળમાં પડતા ગહન આકાશના પ્રતિબિંબમાં ઉંડે ઉંડે, વળી ત્યાંથી સામેના પ્હોળા પટવાળી નદીના કાંઠા ઉપર, શીતળ પ્રશાંત રેતી ઉપર, ત્યાંથી વળી મનુષ્યના મોજાથી ઉછળતા મહાસાગર જેવા મહોલ્લામાં, સર્વ સ્થળે તે રમણી રમણ કરતી જણાઇ! હરી હરી! આ શું થયું? હું એક નાના બાળકની પેઠે રડી પડયો.—

તન્હાઈમેં ખુદ મસ્તીમેં
અરમાન કયા? અંજાનથા,
આજાદ થા બેદાદ થા
લાખબર શાહેજહાન થા.
જલ્લાદ ન થા સૈયાદ ન થા,
બિસ્મીલ વહી બુલબુલ ન થા,
ફુંગા નહી નાલા નહી

વ્હે કુચ્છભી શોરો ગુલ ન થા.
વહ દીલ ન થા દીલબર ન થા
ફીર કુચ્છભી દીલ મસરૂર ન થા,
નાશાદ ન થા માયુસ ન થા
ફરીયાદ ન થી રંજુર ન થા

હા ! હા ! આ સંકટમાંથી મને હવે કોણ ઉગારે ? છતી આંખે આંધળો થયો. હૃદય છતાં હૃદયશુન્ય થયો. ચપળા ચિત્તને ચોરી ચાલી ગઇ.

પડયું જ્યાં વિશ્વ અંધારે
પછી ક્યાં દેખવું કેવું,
છતી આંખેજ અંધાપો
કહો ક્યાં દેખવું કેવું.
નહીં કો પંથ કે પગથી
નહીં કો દ્વાર દરવાજો,
છતા પગ પાંગળાને કહો
પછી ક્યાં ચાલવું કેવું.
સ્વજનહિન દુનિયા નિર્જન
અરણ્યે એકલો ઉભો,
મળે ના કોઇ મેળાપે
પછી મળવું રહ્યું કેવું.
નિરવ નિઃશબ્દ શાંતીમાં
નસુણું એકપણ પડઘો,
છતા કાને થયો બ્હેરો
પછી હું સાંભળું કેવું.
કરૂં છું હાથ જ્યાં લાંબો
ન મારે હાથ કંઇ અડકે,

ન અડકે કોઈ જ્યાં અંગે
કહો ત્યાં ઝાલવું કેવું.
ન દેખું દીલ બેદીલને
પછી દુનિયાને દેખું ક્યાં,
રહી દીલની સહુ દીલમાં
કહો દીલ ખોલવું કેવું.

અરેરે આ દર્દ મારાથી સ્હેવાતું નથી. ખરેખર દર્દના બીન અનુભવીને કિંચિત દર્દનો ઇસારો થતાં તે તેને શીરપર પર્વત સમાન લાગે છે. હૃદયમાં શુળો સમાન ખુંચે છે.

હું ઘેલો ઘેલો આમતેમ ફરતો હતો, તેવામાં મારી નજર એક બોરસલીના વૃક્ષ નિચે પડેલા પત્થર ઉપર પડી. અહાહા! વળી શું જોયું! એક માનવી કપાળે હાથ ટેકવી ત્યાં બેઠેલો છે. અરે તેનું હૃદય બળેલું જણાય છે. કારણકે તેના મ્હોડામાંથી નિશ્વાસ સાથે વરાળ નીકળતી જણાય છે. ખરેખર મારીપેઠે પણ તે કોઇ દુઃખ દર્દથી ભરેલા જીગરનું પોષણ કરી રહ્યો છે.

સુખીયાને સુખીયો મળે, દુખીયો દુઃખી સન્મુખ,
ઉભય સુખ દુઃખ વર્ણવે, સરખું પામે સુખ.

ચાલ જીવ જે હશે તે જણાશે અત્યારે મ્હારી વ્હાલીનું વિયોગ દુઃખ મને કાંઇક કમતી જણાયું. હું ચાલ્યો તેની પાસે આતુરતાપૂર્વક ગયો.

" ભાઇ તમે કોણ છો ? "

" એક મનુષ્ય. "

" આ આંખેથી તો તેમજ દેખાય છે. પણ આપ ગ્નાતે કેવા છો, કયાં રહોછો, અહીં શા કામે આવ્યા છો, આપનું નામ શું ?" વિગેરે વિગેરે એક સામટા મેં પ્રશ્નો કર્યા. "

" આપ કોણ છો ?" તેણે સામો પ્રશ્ન પુછયો.

" હું--દેશનો રહેવાસીછું. મારૂં નામ—છે. આંહી હું કેવી રીતે આવ્યો, તે હુંજ જાણતો નથી. ભાઇ, હું ભુલો પડયોછું." મેં જવાબ આપ્યો.

" જેમ તમે તમારૂં પોતાનું હૃદય ભુલી ગયા છો, તેમ હું પણ આ જગતના અરણ્યમાં ભુલો પડયોછું." તેણે ઉંડો નિસાસો નાંખી કહ્યું.

" તો પછી આપ મારીજ પેઠે દુઃખી હો, એમ જણાય છે. "

" હા !" તેણે ટુંકમાંજ પતાવ્યું.

" ભાઇ દુઃખીની વાત દુઃખીજ પૂર્ણ ઇચ્છાથી સાંભળે છે. અને તેથી દુઃખ કાંઇક દબાય છે. સુખીના કાનમાં દુઃખીની કથની પેસી શકતી નથી. તે તો તેના કાનની બહારજ હવામાં ભળી જાય છે. કહો ભાઇ કહો, તમારી કથની સંભળાવો, આ દુઃખીયાનું દુઃખ ઓછું થશે. આપનો ઉપકાર થશે " મેં નમ્રપણે અરજ ગુજારી.

" મારી દુઃખ વાર્તા ઘણી લાંબી છે શું આપ એકચિત્તે પુરી સાંભળશો ?"

"હાજી." મેં આદર પૂર્વક ઇચ્છા દર્શાવી. હું એક ટશે તેના મ્હોડા તરફ તાકી રહ્યો. તેના ઉપડતા હોઠોને નિહાળવા લાગ્યો. વ્યાખ્યાન શરૂ થયું. મારા બંને કાન એક થઇ ગયા.

તરંગ ૩ જો.

દુઃખીની દુઃખવાર્તા, ઝડા સાથે ઝાંઠળ.

સૂવર્ણ રંગિ કરના ઉદયાસ્ત વચ્ચે,
સંસાર પાટિ પડિ ભૂનભ ભ્રાંતિ વચ્ચે,
વીચિત્ર ચિત્ર ચિતરાય ભુંસાય કૈં કૈં,
સ્વપ્નાંતરે ઢળિ રસે વિરસે અહીં તૈં.

"ભાઇ" તે અપરિચિત દુઃખી મનુષ્ય મને સંબોધીને બોલ્યો; "એક વખત હું કાર્ય પ્રસંગે રાજનગર શહેરમાં આવ્યો. જેને ત્યાં જવાનું હતું, તેને ત્યાં ન જતાં, હું એક બહારની વિશીમાં ઉતર્યો. કારણ કે જે કાર્ય પ્રસંગે હું આવ્યો હતો, તે પ્રસંગને બે દીવસની ઢીલ હતી. મેઇલમાં ઉતરેલો હોવાથી તુરતજ વિશીમાં જઇ નિત્ય કર્મથી પરવારી ભોજન લઇ હું શહેરમાં ફરવા નીકળી પડયો. ચોતરફ ફર્યો. બે દીવસ સુધી આખા શહેરના માપની ગણત્રી કરી લીધી. ત્રીજે દીવસે જેને ત્યાં જવાનું હતું, તેને ત્યાં જવાને સાંજના નિકળ્યો. મનને વિચાર થયો કે ચાલને જરા આ રસ્તે થઇને પછી જ્યાં જવાનું છે ત્યાં જાઉં. કારણ કે સાથેની બેગ (Bag) વીશીની કોટડીમાંજ મુકીને આવ્યો હતો.

રસકસથી ભરપૂર ભરતખંડની સૂવર્ણ ભૂમિકા, ઘેલુડી ગુજરાતનું અર્વાચિન પૂર્ણ જાહોજલાલીથી પ્રખ્યાત પાટનગર, અલબેલું રમણીય રાજનગર, દેશ-પરદેશના વાણીજ્યોનું, કારીગરોનું, મજુરો વિગેરે અન્ય ધંધાદારીઓનું શાંતિભૂવન, સુખ સદન, આનંદ સદન, આશ્રયભૂવન, ભરચક મનુષ્યોથી મહાસાગરના ઉછળતા તરંગોની પેઠે ઉછળી રહ્યું છે. મોટા મોટા લત્તાઓમાં, વેપારની, સટ્ટાની અને મજુરીની ધમાલ ઉપર ધમાલ મચી રહી છે. હમણાં હમણાં દુકાનદારોને કમાણી ઉપર કમાણી વિશેષ વધતી જાય છે. તેમ ચાહપાણીના પણ વિશેષ શોખીન થતા જાય છે. અચાનક કોઇ સ્નેહી મળે, તો "આવો આવો બેસો" આદર પૂર્વક માન આપે છે. સ્વાગતમાં સ્નેહીને શાંતી આપવા તુર્તજ હોટેલમાં ઓર્ડર આપવામાં આવે છે. મંગળ મુહુર્તના મીલનમાંજ ચાહનો ગરમાગરમ કટોરો આપવામાં આવે છે. પોતાની શ્રીમાન ગ્રહસ્થાઇનાં લક્ષણને જરાપણ ઝાંખ લાગવા દેતા નથી.

પાનારના પૈસાનું પાણી કરનાર, પીનારને પાણી ચ્હડાવી લોહીનું કહો, કે સાથે વિર્યનું પણ પાણી કરનાર, મનુષ્યને ચક્રવાકની પંકતીએ પહોંચાડનાર આજકાલ આવી હોટેલો કમાણી તે કમાણી. શું ? પાણીની કમાણી તે પાણીમાંજ સમાણી. દુધના દુધમાં ને પાણીના થઇ ગયા પાણી. ચાહની ચાહનામાં

ચોંટેલાં ચિત્તના ઉદ્દગાર તો જરા સાંભળો:—

"ચડાવો ચાહનો પ્યાલો ખરે તે ચાહનો પ્યાલો,
ન પીધો ઘુંટડે જો ચાહ હ્રદયમાં ચાહ છે ઠાલો.
ઉકળતા ચાહનો પ્યાલો ન રેડયો હ્રદયમાં ચાહી,
જીગર તે "ચાહ" ના વિના જીવે છે જગતમાં ઠાલો.

ચાહ પીધો, કે "જા, એ-પાન લાવ બીડી લાવ" કહો ભાઇ કહો, ક્ષય અને ઉધરસ સાથે લેતો આવ. પાન બીડીનાં પણ પરભવનાં પુન્ય ચાહની પેઠે ચોગરદમ ચળકીજ ઉડયાં છે. દુકાનદારો સારૂં કમાય છે. પણ " દગા ન કીસીકા સગા. " કમાણી કાંતો ચોરાણી અને કાંતો અંતે ઓળવાણી, વળી ધુમાડાની કમાણી ધુમાડામાંજ ધુંધવાણી. " પાનમાં સોપારી સારી જુની જોઇને નાંખજે. " શું ? બાર કે ચૌદ વરસની જુની. ખરેખર મુગ્ધા યૌવનને ભેટવાની તૈયારીવાળી ન ખબર પડે, કે ખોટી ખોરી કે સડેલી, એતો કાતરેલી, ખાંડેલી, પાન કાથો અને ચુનાના રસમાં રસબસ થઇ મળેલી, પેટમાં પડી કે ચાલતા લોહીના રંગમાં ઓર રંગ વધારનારી, એકતાર થઇ વહન થનારી, છાતીની સપાટીને સજજડ બનાવનારી, ફેફસાં (Lungs) ને પુલાવનારી થાય છે. તે ઉપર સીગાર, બીડી કે ચીરૂટના ધુમ્રપાનનું લેપન. "સ્ટોંગ ડાઇજેસ્ટીવ પોર્શન" પીધો, કે જોઇ લ્યો ભાઇ સાહેબનો રૂવાબ ! ચાહ ચડાવી મ્હોંમાં માર્યું પાન, ને ઉપર ચાલે ધુમ્રપાન ! તે વખતે ભાઇશ્રી જાણે કે

કોઇ દેશઉપર ડંકો દઇ કેમ ન પધાર્યા હોય, તેમ હાથમાં રહેલી આંગળીઓ વચ્ચેની સળગતી સીગાર કહી આપે છે. તેમના અનંતર પરિચયથી મહા માયા ઉધરસ દેવી આમંત્રણ વિના એમની મેળેજ આગમન કરે છે. પોતાની વિના સ્વાગતે થયેલી સ્વાગતથી ખુશી થઇ, વિજય ચિન્હ રૂપે "ખોંખો" નામક રણશીંગડું ફુંકી પ્રતિઘોષ પાડે છે. પોતાના અશ્રિત સેવકજનો ઉપર તે એટલી બધી દયાની લાગણી દર્શાવે છે, કે સંસારના શ્રમને તુર્તમાંજ દુર કરે છે. વહેલાં વહેલાં સદાની શાંત વિશ્રાંતીની શય્યામાં સુવારે છે. એમના સબળ પ્રતાપે આ રંગીલા નગરમાં વિદેશના અનેક દેશી વૈદ્યરાજો વિદ્યમાન થયા છે. અનેક ડોકટરોનાં દવાખાનાંના દરવાજા દ્રષ્યમાન થયા છે અનેક મીડવાઇફોનાં મેડીસીન મંદીર મીજમાન થયાં છે. ચોતરફ ચકલે ચકલે ને પોળે પોળે તેમનાં પ્રિયદર્શી પાટીયાં પવનની મીઠી લ્હેંકીઓ સાથે આનંદથી કીલ્લોલ કરે છે. આજકાલ એમને પણ સારો તડાકો ચાલે છે.

ચાહ, પાન, બીડી, સોપારી અને હોટેલોના નાસ્તાનો પ્રતાપ, જોનારા જાણનારા અને અનુભવનારા જુએ છે, જાણે છે અને અનુભવે છે, છતાં તે મહાપ્રસાદને મનમાનતાં માન આપી, મુખમાં મુકવા ચુકતા નથી. કેમ શા માટે ભાઇ ? "બસ" હાલની એટીકેટનો કાયદો એવોજ છે. વાહરે જમાના, તારી પણ આજ કાલ બલીહારીજતો.

હું તો કહેતો હતો, ને કહું છું, કે માણી લ્યો, મારા ભાઇ માણી લ્યો. આવો લ્હાવ જીવતાં જીવત ફરી ફરીને મળવાનો નથી.

લાખા લેને લ્હાણ, મનખો આવો નહી મળે,
કરશે પ્રાણ પ્રયાણ, તેદી સહુ સંભારશો.

હું તો એક હોટેલમાં ગયો. પેસેન્જરોની પુરતી ભીડ હતી. આવજા અટકયા વિના ઉછળી રહી હતી. અંદર એકાદ બે ઓળખીતા નજરે ચડયા. એકે મને તાણીને ટેબલ પાસે ખુરશીની જગા આપી. ત્યાં તો ચોતરફથી ઓર્ડરના અવાજ ઉપર અવાજ ઉછળતા આવતા હતા. "ચલાવજે એ ડબ્બલ લાવ, સીંગલ લાવ, આઇસપાણી, સોડા આઇસ, આઇસ સરબત, લેમન આઇસ, રોઝબરી જીંજર, કોલ્ડ્રીંગ, આઇસક્રીમ, ભજીયાં પુરી, ખમણઢોકળાં, ચેવડો બીસ્કીટ લાવ ભાઇ જલ્દી લાવ." "આવે છે બાપુ આવે છે."

વાહ વાહ! યાર, આતો ઇંદ્રભૂવનનું નંદન વનજ છે ને શું! આઃહા! વીજળીની લાઇટ! વીજળીના પંખા! ખુરસીઓ! આરસનાં ટેબલો! મારા બાપે તો આવું જન્માંતરે પણ જોયું નહોતું. ત્યારે ચાખ્યું તે કયાંથી હોય! કીસ્મતે જોર કરીને જો તેમની જીંદગી જરા લંબાવી હોત, તો હું તો ખરેખાત કહું છું, કે એમને આ વિજળીના પંખા નિચેજ,

આ ખુરશી ઉપર, આ ટેબલ સામે લાવી, બિરાજમાન કરત; અને પ્હેલ વ્હેલાં તો ચાહનું મીઠું પીણું, અરે ગરમાગરમ અર્ધ્ય આપી, પછી અન્ય સામગ્રી વડે યજન પુજન કરત. પણ અફસોસ! લાચાર! કે તે આવો ઉત્તમોત્તમ આનંદનો અવસર ઉડાવવા ભાગ્યશાળી ન થયા. હશે, તેમનાં કિસ્મત, પણ આપણે તો ઉડાવો મજા. વાહવા! આ સામેજ કેવો મજેનો મોટો આયનો, અરીસો શોભે છે! શા માટે? જમતાં જમતાં, કે પછી જમીને મુખદર્શન કરવા, કે મુખમાં ગ્રાસ મુકતી વખતે પોઝીશન, અરે ફેશન, અરે નહીં નહીં, એટીકેટ આડીઅવળી ન થઇ જાય, બેંગલોરી કેપ સ્થાનભ્રષ્ટ ન થઇ જાય, તે માટે ધ્યાનથી નિરખવા? કે પછી "ટકે શેર ભાજી ટકે શેર ખાજા" નો ઉંડો મર્મ સમજવા? ખરેખર એમજ હશે. આયનો એ માટેજ લટકાવ્યો હશે. કે ભાઇઓ, મીઠાં મીઠાં ખાણાં પીણાનો સ્વાદ મજેથી લીધા પછી મુખદર્શન કેવું થાય છે, કેવું મલકાય છે, તે નિહાળીને જોવા. હું તો એમજ જાણું છું, કે કેટલા પૈસાનું પાણી થયું, તે તપાસતાં હૃદયને ઉંડે ઉંડે કેટલી વિમાસણ થાય છે, અને તે વિમાસણના પ્રતાપે ચળકતા વદન ઉપર કેટલા શેરડા પડે છે, તે ગણી જોવા આયનો લટકાવવામાં આવ્યો હશે. "નાક કટ્ટા તો કટ્ટા, લેકીન ઘીતો ચટ્ટા." ભલેને મોઢું મલકાય, કે પછી ઉતરી જાય, પણ આપણે

તો મારી મચરડી ભચરડી, પાછું તેને જ્યાંને ત્યાંજ લાવી, અનનુભુત સ્વાદવડે રંજીત કરી નાંખવું. આવો અલભ્ય લાભ, લ્હાવ, એ કયે દીવસ પામે! કારણકે મુવાપછી ભોગજોગે અમરાવતીમાં પહોંચ્યા, તો ત્યાં મળવો નથી. યમપુરી, વૈકુંઠ, ગોલોક કે બ્રહ્મલોકમાં પણ નથી. ત્યારે મોક્ષમાં તે કયાંથીજ મળે.

ચાલો ભાઈ ચાલો, હવે ઘણું બેઠા. ઉઠો હોટેલમાંજ બેશી રહેશું કે બહાર નીકળીશું? દીવસોના દીવસો આ કથનમાં અનેક કથનારાઓ જીંદગી ગુમાવે, પણ તેનો પાર આવે તેમ નથી. તેમ કોઈ કાન માંડીને તમારી બુમ કે શડ સાંભળે તેમ નથી. બકયા કરો. લખ્યા કરો. "એતો ચલતા હય." હુંતો હોટેલ બહાર નીકળ્યો.

આહા! મહાન ભવ્ય રસ્તો! માણસની અસાધારણ ઠઠ! ગાડીઓ ઉપર ગાડીઓ આવે જાય છે. વચમાં વચમાં મોટોરકારો, સાઈકલો, મોટોર સાઈકલો, સાથે સાથે બટારા અને હેલકરીની રેકડીઓ વડે આ રસ્તો એટલો બધો સાંકડો જણાય છે, કે કોઈ માંદા માણસને નીકળી જવું, હોય તો તેની માંદગીની સાથે તે પોતે ઘેર જવા પામે નહીં.

વળી આ શું? એતો પેલા-નાટકની જાહેરખબર. અને આ? દવાની જાહેરખબર. આતો વળી સીને-

માની જાહેરખબર છે. વળી આ પણ જુદીજ જાહેર ખબર જણાય છે. ભાઇ; આ નવા જમાનાનો નવો રંગ, જુની આંખે જોઇ હું તો હવે થાકયો. કેટલું જોઉં, કેટલું જાણું કેટલું મનન કરૂં. હવે મારા મગજમાં માર્ગ નથી. કેટલાનું વર્ણન કરૂં ? મને તો હવે મારા રસ્તાઉપરજ જવા દયો, કંટાળો આવે છે. માટે અહીંથીજ રામ રામ. પડું છું મારે રસ્તે. આવજો ભાઇ, વળી કોઇ દીવસ આંહી મળીશું. ચાહપાણી ઉડાવીશું. પાન સોપારી ખાઇશું. ધુમ્રપાન કરીશું. વધારેમાં ટાઢી મીઠી વાતો કરીશું ! જે જે થયા. મેં ચાલતી પકડી.

ઘેલી ગુજરાતની ઘેલી પ્રજા સમૃદ્ધિના શિખરપર બીરાજે છે. લગ્ન પ્રસંગના દીવસો ઉજવાય છે. જ્યાં ત્યાં વાજાંઉપર વાજાંના મિશ્રીત અવાજો કાનને કંટાળો આપે છે. વરણાગી ઉપર વરણાગી આવે જાય છે. ભુંગળો વાગીજ રહી છે. ઢોલ ધડુકી રહ્યા છે. ત્રાંસાના અવાજ માથું ફેરવી નાંખે છે. આખો દીવસ અને મોડી રાત્રી સુધી તોફાની મહાસાગરની ગર્જનાપેઠે રાજનગર ગાજી ઉઠયું છે. બિચારી ગીત ગાનારીઓનો ઘાંટો વાજાંના ઘોષ અને પ્રતિઘોષથી તેમના ગળામાંજ ગળી ગયો છે. આવું જોતો જોતો, હું જેને ઘેર જવા નિકળ્યો હતો, તે ઘરને રસ્તે પડયો. સાંજનો વખત થયો છે. મ્યુનિસીપાલીટીના દીવાઓ પોતાનો પ્રકાશ હજુ

તો ફ્રાનસમાંજ પકડી રાખીને બેઠા છે. જે રસ્તે હું જતો હતો, તેજ રસ્તે જોયું, તો મારી આગળ એક વરઘોડો ધીમે ધીમે જતો હતો. બાજુમાંથી પસાર થતાં, મારી દ્રષ્ટી શ્રીમાન વરરાજાની ફાંકડી ફાઇટન ઉપર પડી. હું તો અજાયબ થયો. શ્રીમાન પોતે સોનેરી વાઘો ને સોનેરી પાઘડીથી સુસજ્જીત થઈ શોભાયમાન થયા હતા. બણીઠણીને એકસો અઠાવીશ ડીગ્રીના પાવરથી રૂવાબસહ વિરાજમાન હતા. કહો કે યુવાન થયા હતા. પણ મહાશયનું મલકતું મુખાવિંદ તો કહી આપતું હતું, કે શ્રીમાન પોતે સાઠ ઉપરાંતના હતા. હજામત કરાવી બાકીના શોભાના સફેદ બાલઉપર કાળાશનું કવ્વર ચડાવ્યું હતું, કહો કે ધોળાનું કાળું કર્યું હતું. એતો નકીજ હતું, કે ભાઇશ્રી ધોળામાં ધુળ નાંખવાજ પધારતા હતા. દાંતની જગોએ ગલોફાંમાં બે બાજુ પાન સોપારીના ડુચા ચડાવ્યા હતા. જેથી મ્હોડું ભર્યું લાગતું હતું. બેસી ગયેલ ગાલ પુલી રહ્યા હતા. પરંતુ પાન સોપારી, પોતાનો રસીક સ્વાદ તેમના રસીક મુખડાને ચખાડી વારંવાર લલચાવતી હતી. જેથી ઘડીએ ઘડીએ હાલતું મ્હોડું એમ જણાવતું હતું, કે મહા ભાગ્યશાળી મહા વરરાજા સાહેબના દમામદાર ડાચામાં એકે દાંતનો દેખાવ નથી. પછીથી સાંભળવા પ્રમાણે તેમણે દાંતનું સુશોભિત માળખું મુંબાઇમાં તૈયાર કરાવ્યું હતું, પણ તેમનાં કરમ ફુટે, કે તેમણે તે

ગઈ કાલેજ કયાંક ગુમાવ્યું હતું. વિવાહનો મંગલ પ્રસંગ માણુવા, અને શ્રી વરરાજાના મલકતા મુખડાને દીપાવવા, એ બિચારૂં બેનસીબ બન્યું હતું. હવે આજને આજ પરણુતી વખતે "લ્હાય લાગી ત્યાં કુવો ખોદી પાણી કેવી રીતે છંટાય," તેમ ચોકડું ભુલ્યો ચોકડું બંધબેસતું કયાંથી મળે. લાચારીએજ તેની જગ્યાનો ચાર્જ, પાન સોપારીના ડુચાએજ સાંચવ્યો હતો, સંભાળ્યો હતો. પણ તેતો બિચારા બીનઅનુભવી, ઉલટા દુનિયાને ઢોલ વગાડી દેખાડી આપતા હતા, કે મહાશય "બોખા છે બોખા છે."

ખેર બોખા તો બોખા, પણ સાસુજી તો કંકુનો ચાંલ્લો કરી કપાળમાં ચોડશે ચોખા. આવા વિચારમાં વરરાજાને નિરખી હું તો આ મારી ઉંચવર્ણની થતી અધોગતીને આલેખી અફસોસજ કરતો, ત્યાંજ સ્થંભી રહ્યો. ત્યાંતો એક મારા ઓળખીતાએ મને જોતાંજ મારૂં કાંડું પકડયું. મને સાજનમાં લીધો. હવેજ આ વર અને આ વરઘોડો, આ સાજન અને આ મહાજન સર્વેને ઓળખ્યાં. જેની દીકરીના લગ્ન પ્રસંગે મને આમંત્રણ કરવામાં આવ્યું હતું, તેનોજ જમાઈ આ "ડોસા દાદા" થવા જતો હતો. "હાય"! જાણીનેજ મેં એક ઉંડો નિસાસો નાંખ્યો. દીલગીરીના દરીયામાં ડુબી ગયો. દીકરી માત્ર દશ બાર વર્ષનીજ. સરવાળામાં વરરાજા સાઠ ઉપરાંતના, સાડાછ ગણા

વત્તા. બાપના પણ બાપ, અને તેના કરતાંય પાંચ વર્ષ વધારે. મારૂં ચાલત, તો હું આ વિવાહને તોડી નખાવત. પણ લાચાર, હું તેમ કરવા અશક્ત હતો. વરરાજા તોરણે પધાર્યા. સાસુએ પુંખી નાક તાણ્યું. જુવાન સાસુના જબરદસ્ત હાથના ઝપાટે વરની આંખમાં પાણી આણ્યું. શ્રીમાન મહાશયને મંડપ માહેરામાં પધરાવી, ગોરે ફેરા ફેરવ્યા. કન્યાદાન દેવાયું. દીકરીની પણ દીકરી જેવીને વહુ કરી લીધી. આંધળાં માબાપોએ ઉંચુ કુળ જોઇ પોતાની કન્યાને ઉંડા કુવામાં હડસેલી દીધી. સંતાનના અભાવે આંધળીયાં કરી, આ ડોસાએ આ ત્રીજી ગ્રહદેવીનો હાથ પકડ્યો, પ્રેમગાંઠ બાંધી. તેનીસાથે યાહોમ કરી ઝોકાવ્યું, પડ્યા કુવામાં.

બિચારી અજ્ઞાન બાળા અને આ બુઢા ખખનાં ખોખરાં હાડકાં ઉપર, તેમના મંગળ વિવાહ પ્રસંગ ઉપર, ભાઇ જરા દયા ખાઓ, અફસોસીનાં બે ચારેક આંસુ તો પાડો. ડોબાભાઇ પરણીને ઘેર પધાર્યા. તેમના ભત્રીજાની વહુએ મંગળ કળશ કર્યો, માથેથી ઉતાર્યો. વરઘોડીયાં કુળદેવતાને પગે લાગી ઉઠયાં. વહુ મોટેરાંને પગે પડી. વર માનીતાઓને મળ્યો ભેટયો. સર્વેને પાન સોપારી આપી વિદાય કર્યા.

મુગ્ધ બાલિકા, શું કહું, શૃંગારેલા શયન ભૂવનમાં આવી, ઉભી રહી, માત્ર નિહાળીજ રહી, શું જોયું!

કાંઇ નહીં. પલંગમાં સુઇજ રહી, ઉંઘીજ રહી. યૌવનરૂપી દીનકરના યોગવિના પ્રેમ અંબુજ કયાંથી પ્રપુલ્લીત થાય. ડોસો આશાના છોડને મનમાંને મનમાંજ સિંચન કરતો રહ્યો.

કયાં કોયલ કયાં કાગડો, કયાં ચંદન કયાં વાંસ;
કાચ મણીને મેળ કયાં, કયાં કુંદન કયાં કાંસ.

આર્ય ગ્રહસંસાર ! વિપરીત કાર્ય વ્યવહાર વડે દાવાનળની જવલંત જવાળમાં ઝોકાઇ સળગી ગયો છે. અફસોસ ! "મડા સાથે મીંડળ."

આટલું કહી તે અપરિચિત મનુષ્ય તુર્તજ અદ્રષ્ય થઇ ગયો. હું એકલોજ બેસી રહ્યો.



તરંગ ૪ થો.

કચરાયેલી કુસુમકળી.

જલાયા આપ હમને ઝબ્ત કરકે આહો સોઝાંકો,
જીગરકો, સીનેકો, પ્હેલુંકો, દીલકો, જીસ્મકો, જાંકો.
*   *   *   *   *   *   *
હુવાહું મરનેપર શયદા કરૂં કયા હાય બેતદબીર,
મુવા જાતા નહીં બેમૌત પડે જંજીર હય જાંકો.
*   *   *   *   *   *   *
હમારા દીલ ગયા તાકત કરારો સબ્રભી છુટે,
છવી દીલદારકી લેકીન ન છોડે હરતરાહ જાંકો.

વાતનો વિસામો પણ વહી ગયો, તે સાથે ભગવાન સુર્યનારાયણ દેવ પણ મ્હારી વિપદને જોઈ, સહન ન કરવાથી અસ્તાચળે વિરમ્યો. સાંજ પડી. પક્ષિઓનો કલરવ ભિષણ રવની પેઠે જણાવા લાગ્યો. મને ભયભીત કરવા લાગ્યો. રાત્રી પડી, પણ ચંદ્રિકા ન મળે. તારાગણો ચમકવા લાગ્યા, પણ પ્રકાશ ન મળે. શાંતીનો વરસાદ વરસવા લાગ્યો, પણ શીતળતા ન મળે. તિમિરે સર્વત્ર સર્વ જગતને પોતાનામાં સમેટી લીધું, પણ માત્ર હું અભાગીનેજ બ્હાર રાખ્યો. સર્વ સ્થળ નિરવ કર્યાં, પણ મ્હારા જ હૃદય મુખને રડતું રાખ્યું. અંધારામાં પણ મ્હારો દુઃખ પોકાર પ્રત્યાઘાત પાડવા લાગ્યો.

કહું કહેવાનું તે સર્વે
કહે હું શું કહું તુને,
સહું સ્હેવાનું હું સર્વે
પછી હું શું કહું તુને.
ખરે બંદુક બેનાળી
દરજ્જે સોગણી સારી,
ઉડાવે એક લ્હેજામાં
કહે હું શું કહું તુને.
કહું બે જીભવાળી? ના
તે કાળી નાગણી સારી,
હરે છે પ્રાણ જોતામાં
કહે હું શું કહું તુને.
ફરે તલ્વાર ગર્દન પર
ઉડાવે છે સપાટે શીર,
ભલાં સહુ તુંથી હથીઆરો
પછી હું શું કહું તુંને.
ઉછળતી આગ પણ સારી
ઝપાટે ભસ્મ તે કરતી,
હૃદય જવાળા જગાવે તો
કહે હું શું કહું તુંને.
કરે દુશ્મન બહુ ક્રૂરતા
ભલી તે ક્રૂરતા જાણું,
પરંતુ દોસ્ત થઈ દુશ્મન
થતાં હું શું કહું તુંને.
અરે આ અંગ કુહાડે
કપાતાં સર્વ સ્હેવાયે,

હૃદય કાપ્યું ન સ્હેવાયે
અરે હું શું કહું તુને.
ખરે વિશ્વાસઘાતીનો
અહીં, ત્યાં, ક્યાંઇ નથી રસ્તો,
તુટયા પછી ચોટવું મુશ્કેલ
સમજજે શું કહું તુંને.

હૃદયમાં પ્રશ્ન ઉઠયો. આશો ચમત્કાર! હું કયાં છું ? અરણ્યમાં ઉંચા પર્વતને મથાળે એક શિલા ઉપર પાસેજ એક ન્હાનો વ્હેળો ખળખળ કરતો સપાકારે ચાલતો, રજ્જુની પેઠે ખીણમાં ઉતરતો પડેલો હતો.

અચિંત્યું સ્વચ્છ આકાશ જાણે કાળું થયું. કાળાશમાં કાળાશ વધી. તારાઓ નષ્ટ થયા. કાળાં વાદળાંઓ આમ તેમ હાથીની પેઠે ઘુમવા લાગ્યાં. નાસાનાસ કરવા લાગ્યાં. અચિંત્યો વીજળીનો ઝબકારો થયો, સાથે મોટો કડાકો પણ થયો. તેની સાથેજ મોટાં મોટાં ફોરાં પડવા મંડ્યાં. પવન પણ સુસવાટા સાથે વાવા લાગ્યો. વૃક્ષો એક બીજા સાથે વઢવા લાગ્યાં, ઉછળવા લાગ્યાં. એક પછી એક પડવા લાગ્યાં. આવું સખ્ત વાવાઝોડું જોઇ હુંતો શીલાની ઓથમાં સંતાઇજ ગયો. વળી એક કડાકો થયો, તે સાથે મેઘનો અંધકાર પણ નાશ પામ્યો. પવન પણ બેસી ગયો. જોયું તો વરસાદનું નામ પણ ન જણાયું. ક્ષીતીજમાં જાણે એક પ્રકાશનું ઝમકલું નજરે પડયું. મળસકાની શ્યામ

શ્વેત પ્રભા જાણે જણાવા લાગી ઉંડાણમાંથી પવનની ધીમી લ્હેરકીઓઉપર અદ્વિતિય ગાયન નૃત્ય કરતું આવતું જણાયું. તુરત મેં કાન માંડયા. કિન્નર સુર કાનને તૃપ્ત કરવા લાગ્યો. શાંત પર્વતઉપર સ્વર લંબાયો. ચોતરફ મધુર ગાયનની હલક જામી રહી:-

મેં તો ગુંથી વેણીને પ્હેરી ઘાટડીરે લોલ,
હુંતો ઉભી નિહાળું વ્હાલા વાટડીરે લોલ.
મને ગુણીયલ ગમે તમારી ગોઠડીરે લોલ,
જોઇ થાકી અલબેલા મારી આંખડીરે લોલ.

મારા રસીયા રિસાઇ શું નાશી ગયારે લોલ,
વ્હાલા વાયદા આપેલ તે વહી ગયારે લોલ.

વ્હાલા પરની પીડા તે કોને પાલવેરે લોલ,
પડે પોતાઉપર તો પોતે પ્રિછવેરે લોલ.

તમે કોમળ છો કથ કઠણ કયમ થયારે લોલ,
વ્હાલા દીધા તે કોલ કયાં ઉડી ગયારે લોલ.

હુંતો જેમ તેમ કહાડું દીવસ ઢાહ્યલારે લોલ,
મ્હારી વેરણ થઈ રાત વિંધે નાવલારે લોલ.

હુંતો ઝબકી જાગુંને ભડકી મરૂંરે લોલ,
મારો ફડકે ફાટે છે જીવ શું કરૂંરે લોલ.

સુની એકલડી સેજે મધરાતમાંરે લોલ,
વ્હાલા વિના આ જીવ ઝંઝાવાતમાંરે લોલ.

ઓરા આવો એકાંતે કહું કાનમાંરે લોલ,
મારા વ્હાલા સમજો છો કાંઇ સાનમાંરે લોલ.

સુર આવ્યો તે ચાલ્યોજ. ઉંડી ખીણો, મ્હોટા પત્થરો, પર્વતનાં શૃંગો, ઝાડો ડાંખલીઓ, પત્રો, ફુલો, કળીઓ, ફળો, નવપલ્લવીત લતાઓ, શુંઆ-એલી વેલીઓ, મધુર ગાયનમાં તન્મય બની ગયાં. હું પણ તન્મયજ બની ગયો. ત્યાં તો ખરી પડતા તારાની પાછળના લીસોટાની પેઠે સુર પણ લંબાઇ છેવટ વિરામ પામ્યો. શ્રવણેન્દ્રિઓ અતૃપ્તજ રહી ગઇ. સર્વ શાંત થઇ ગયું. હૃદયની તન્મયતામાં અં-તર્ગત થયેલાં ચર્મચક્ષુઓ ઉઘડી ગયાં. આમતેમ જોવા લાગ્યાં. હા, તેજ કિન્નરી, તેજ ગાંધર્વી, તેજ કોકીલા, ક્યાં ગઇ? એ શું કહી ગઇ? " વ્હાલા વિના આ જીવ ઝંઝાવાતમાંરે લોલ " " સમજો છો કાંઇ સાનમાંરે લોલ " " એકાંતે કહું કાનમાંરે લોલ." કહ્યું, કહ્યું. કાનમાંજ કહ્યું, સાનમાંજ સમ-જાવ્યું. અરે પણ તું ક્યાં છે? અહીં કેમ આવતી નથી? " આવ આવ, પૂર્ણ ચંદ્રમયુખને માનહિન કરનારી આવ." હું ઘેલાની પેઠે બુમો મારતો આ-મતેમ દોડવા લાગ્યો, શિખર ઉપર ફરવા લાગ્યો, શોધવા લાગ્યો, પણ કાંઈ ન મળે. અરે! તું હમ-ણાંજ મને કહેતી હતી, કે " ગુણીયલ તમારી ગમે ગોઠડીરે લોલ " ત્યારે શામાટે તું બોલતી નથી? મળતી નથી? એ શું મ્હારા ઉપહાસ માટે હતું? હું તો વળી વિશેષ બુમો પાડવા લાગ્યો, દોડવા લાગ્યો. પણ કોણ સાંભળે? કોઇજ નહીં. કોઇએ જવાબ પણ ન આપ્યો. અચિંત્યો એક વૃક્ષ સાથે

અથડાયો, પડ્યો, પછડાયો. બેઠો થયો, ઉભો થયો, દોડવા ગયો. પણ શું ? ચાલીજ ન શક્યો. જાણે મ્હારા પગ ઉંડા ઉતરી ગયા, ભૂમિ સાથે ચોંટી રહ્યો. ન હાલી કે ન ચાલી શક્યો. સ્થિર, સજ્જડ રહ્યો. નિરાશ ! હવે હું શું કરૂં, શું ઉપાય આદરૂં ? મને રડવું આવ્યું, રડવા લાગ્યો, ગાવા લાગ્યોઃ—

કહે છે કે મરૂંશું હું
પરંતુ જો મરૂંશું હું,
બળીને શીદ બાળે છે
અહીં ઉભો મરૂંશું હું.
ગળામાં તોક ઘાલી છે
જડયાં જંજીર આ હાથે,
વળી પગ બેડીઓ ઘાલી
તુટયું આકાશ આ માથે,
શકે ના ચર્ણ આ ચાલી
શકે ના હાથ પણ હાલી,
અહીં જો નાગ કાળો છે
તહીં જો નાગણી કાળી.
અરે ઓ દૈવ ગોઝારા
પ્રિયાથી પાડ ના છેટું,
કરે શું આંધળી આંખો
ન દેખું ક્યાં જઇ બેઠું.
કહું કોને ન સુણે કોઈ
કરીને સાદ હું થાક્યો,
ન લ્હોવે કોઇ આંસુડાં

થઇ રાતી રહી આંખ્યો.
જરા મીઠી નજરથી જો
ઉન્હાં આંસુ તું આવી લ્હો,
થશે હસવામહીં ખસવું
જશે આ જીવ જોતાં જો.

નમેરી આમ નવ થાતું
રડું છું તુજ માટે હું,
હ્રુદયમાં મેં તને રાખી
ખરા જીગરથી ચાહું છું.

હું જોઉં આંખ ઉઘાડી
તું શાને આંખ મિંચી જા,
નજર ત્હારી પડે જ્યાં જ્યાં
મને ત્યાં ત્યાં ન ખેંચી જા.

જરા તું આડું શું જુએ
કલેજું થાય છે કટકા,
દઇને પીઠ શું ઉભી
પડે તલવારના ઝટકા.

તું તો કહેતી હતી હમણાં
અહીં વ્હાલા તમે આવો,
કહું કાંઇ કાનમાં વાતો
હવે શાનો કરે દાવો.

અરે કંઇ એવી દઇ આશા
ઉપર કંઇ દઇને દિલાસા,
ગળામાં ઘાલીને ફાંસા
ન લેતું આમ નિસાસા.

રસીલી જો રીઝી સાચું
હૃદય મંદીર મ્હેં રાખી,
વીણીને પ્રેમનાં ફુલડાં
ગુંથી પ્રિયા ગળે નાંખી.

હવે જો તું નહીં આવે
કરીશ હું જે મને ફાવે,
પછી પસ્તાઇને રડજે
ગયું તે પાછું નહીં આવે.

હું મારો જકડાયેલો હાથ ઉચકી મારા કપાળમાં મારવા ગયો. પણ તે ઉચકાયોજ નહીં. ઘણું મથ્યો, ઘણો ઉંચોનિચો થવા લાગ્યો, પણ એક તસુમાત્ર પણ હાલી કે હલાવી શકયો નહીં. તેવામાં તો ખડ ખડ થતું ભિષણ અટ્ટહાસ્ય પર્વતના શાંત પ્રદેશમાં ગાજી ઉઠયું. મને હૃદયમાં ઓછું આવ્યું. અરે જેના માટે હું આવા દુઃખમાં આવી પડયો છું, શું તેજ મારા પ્રત્યે ઉપહાસ કરે છે! લાચાર, હું કાંઇ કરી શકયોજ નહીં, પરંતુ માત્ર રડીજ શકયોઃ—

હસે છે તો હસી લેને
અમે રડીએ તું તે જોઇને,
તું દે છે ડામ દાઝયાપર
પછી તું બેસજે રોઇને.

ન રહેશે રંગ આ ત્હારો
ન રહેશે હાસ્ય આ ત્હારૂં,

રડીશ કોઇ છાની નહીં રાખે
પછી નિહાળજે ત્હારૂં.

અમારો આજ છે વારો
ને કાલે આવશે તારો,
પછી હસજે કે રડજે તું
અમારે શાનો ઉધારો.


અમે દઈ દોષ કોને જઇ
કઠણ આ કર્મની કહાણી,
નહીં પાણી તો શું પીવું
અલેણાની શી ઉઘરાણી.

અમે ઉડી જશું જ્યારે
પછી તું આવજે પાછળ,
દીવસ પણ ઉગશે એવો
અમે પાછળને તું આગળ.

જઈને ધર્મની પાસે
અમારો ન્યાય ત્યાં લઇશું,
અમારી ભસ્મ પર આંસુ
ન એકે પાડયું તો જોઇશું.

વળી પણ ખડખડાટ હાસ્યનો પડઘો ચોતરફ ગાજી રહ્યો. તુરત મ્હારાં આંસુ સુકાઇ ગયાં. હું તો ધિઃકાર ઉપર ધિઃકાર વરસાવા લાગ્યો. પરંતુ તેવામાં તો હૃદયને ભેદી નાખે તેવી એક મરણ ચીસ સંભળાઇ. હું મુંજવા લાગ્યો. "આ શું!" એમ આશ્ચર્યથી બોલવા જતો હતો, તેવામાં તો એક મહિષી

જેવી સર્વાંગે કાળી, લાંબા દાંતવાળી, વિરૂપ દેખાવની ભયંકર રાક્ષસીએ મ્હારી પ્રિયાને મ્હારી સામેજ પટકી. "લે જા હવે રડીશ નહીં" એમ કહેતી હવામાં અદ્રષ્ય થઇ ગઇ. હા ! કોઇ નિર્દય ગમારના પગતળે કચરાયેલી કુસુમકળી જેવી તેને જોઇ, મારૂં હૃદય બંધ પડી ગયું. પ્રિયાની આવી હાલત જોતાંજ હું મુર્છાવશ થયો. ઘડી પછી મને ભાન આવવા લાગ્યું. જોઉં છું તો હજુ પણ પ્રિયા એમને એમજ શબવત્ પડી હતી. જોયું તો મારા હાથપગ જાણે છુટા થયા હતા. હું ચાલ્યો, પ્રિયાની પાસે ગયો, બેઠો, માથું ખોળામાં લઇ આક્રંદ કરવા લાગ્યો, માથું કુટવા લાગ્યો. અતિશય દુઃખના આવેગથી હું મુર્છાવશ થયો.



તરંગ ૫ મો.

વીરહ.

હજારો જખ્મ જીગરમાં
જણાવ્યું તે નથી જાતું,
હકીમો હારીને બેઠા
બતાવ્યું તે નથી જાતું.

કરે કીસ્મત બુરાઇ ત્યાં
કરામત કોની ચાલે છે,
કરે જો ભાગ્ય ભુંડું તો
સુધાર્યું તે નથી જાતું.

ઘુંટી વિષ ઘુંટડે પીધું
ઉપાયે એહ ઉતરે છે,
પ્રીતિનું વિષ પ્રાણાંતે
ઉતાર્યું તે નથી જાતું.

ભલો બોરિંગ કરડે તો
ઇલમથી એહ ઉતરે છે,
પ્રણયના દંશનું વિષ તો
ઉતાર્યું તે નથી જાતું.

મારી મુર્છા વળી, પણ પ્રિયાની ન વળી. રાત્રી વિતી, દીનમણીનો ઉદય થયો, પણ મ્હારી ચંદ્રિકાને તેજહિન કરી નાંખી. જગત સર્વનાં ચક્ષુ ઉઘાડયાં, પરંતુ મને તો આંધળોજ રાખ્યો. હું રડીને થાકયો, પણ મને કોઇએ છાનો ન રાખ્યો. રડીરડીને મારી

આંખો મીંચાઈ ગઈ. હું મ્હારી મેળેજ છાનો રહ્યો. ગૌર કાંતિમય વદન સૌંદર્ય નિહાળીજ રહ્યો. સુર્ય પ્રકાશથી, ગાલ ઉપરનાં પરસ્વેદ બિંદુઓ, સવારના તાજા ગુલાબની પાંખડી ઉપર પડેલ ઓસનાં બિંદુઓ સમાન ચળકી રહ્યાં હતાં. વિશાળ ગૌર ભાલ પ્રદેશમાં જાણે મોતીનું વાવેતર કર્યું હોય, તેમ લાગતું હતું. આજે અત્યારે દીનકરનો પોતાનો ગુણ કર્મનો પ્રભાવ પણ પલટાઈ ગયો હતો. કારણકે તે પોતે ઉદયમાન છતાં પણ નીલકમળ બીડાયેલાંજ હતાં. પ્રિયાનાં નેત્રો મિંચાયેલાંજ હતાં. કર્ણપર્યંત પ્હોંચેલી કાળી કમાન જો કે નિશ્ચલ પડેલી હતી, છતાં પણ શર સંધાન થઈ રહ્યું હતું. હું વિંધાઈજ ગયો હતો. શીર ઉપરનો કાળો કેશપાસ નાગની ફેણ રૂપે રહી, રશ્મીમતથી પ્રિયાનું રક્ષણ કરવા મિથ્યા મથન કરી રહ્યો હતો. તે જાણે પોતાના મણીનું જતન કેમ ન કરતો હોય, તેમ લાગતું હતું. અંબોડો પાછળથી વિંખરાઈ ગયો હતો. રક્ત પ્રબાલ વચ્ચે જાણે બેચારેક હીરાકણીઓ ચળકતી હોય, તેમ અધરબિંબ વચ્ચે માધુર્યમય દંતપંકિત સહજ દીસતી હતી. પ્રિયા જાણે મંદસ્મિત યુકત હસતી હોય, તેમ જણાતું હતું. સર્વાંગે કોમળતાજ હતી, મધુરતાજ હતી. ઉન્નત માંસલ પયોધરો, જાણે બે શ્વેતકમળઉપર બે ન્હાની ભમરીઓ પરાગ ચુમતી ચુમતી મીષ્ટ મધુમાં ખુંચી ગઈ હોય, તેવા દીસતા હતા. કામદેવે જાણે પોતાના ધવલ વક્ષપટઉપર વિજય સૌભાગ્યની અક્ષર

પંક્તિઓ આલેખી હોય; વિધીએ જાણે મ્હારીજ ભાગ્યરેષા મ્હારા લલાટમાંથી લઇ મ્હારી સન્મુખ મ્હારૂં ભવિષ્ય વાંચવા મુકી હોય, તેમ ઉદર ઉપર મધ્યસ્થ આવેલી રોમાવળી લલિત લાગતી હતી. મ્હોળા મહાસાગરને મળતી ત્રિવેણીમાં તણાતો તણાતો, તરતો તરતો, દુર્ગમ પર્વતયુગ્મ વચ્ચે થઇ હું કમળોના સરોવરમાંજ આવીને ડુબ્યો.

હા ! હા ! તેનો કોકીલ કંઠ, સ્વર માધુર્ય, મોહક મિઠાશથી ભરપૂર જાણે અત્યારેજ હું સાંભળતો હતો. સૃષ્ટિ સૌંદર્યના શ્રેષ્ટ શિખર ઉપર નૃત્ય કરતું, હૃદયકુંજમાં વિહાર કરતું તેનું ગાન, જાણે બ્રહ્મ-લોકમાં નારદની વિણાનો અદ્વિતિય નાદ થતો હોય, સઘન કુંજમાં ગોપાંગનાઓને લલચાવનારી શ્રીકૃષ્ન પરમાત્માની વિશ્વમોહક વાંસળીનો અત્યુત્તમ અનહદ આનંદમય આલાપ થતો હોય, તેમ મ્હારા બ્રહ્મરંધ્રમાં ઉંડે ઉંડે વિલસી રહ્યું હતું. મસ્તિકાકાશથી ચરણતલ પર્યંત મીઠામાં મીઠી હલક મારી રહ્યું હતું. રોમેરોમ કોમળ લાલિત્ય છવરાઇ રહ્યું હતું. પ્રેમજ્યોતિમય પડઘો પાડી રહ્યું હતું. પ્રણયધારા વરસાવી રહ્યું હતું. અનુભવે મ્હારી માનસીક આંતર્વૃત્તીઓને તન્મય બનાવી હતી. ઉભય બાહ્યાંતર બંધન દશામાં પરતંત્ર પડયો હતો. મ્હારાં ચક્ષુઓ અશ્રુધારાપૂર્ણ ચપળા તરફ ચોંટી રહ્યાં હતાં. હજુ હું રડયાંજ કરતો હતો. કોણ છાનો રાખે.

મુદ્દા જાને પહે કિસ્મતમેં હમારે કયા લીખા હોગા,
જો જાહિર હયૈં દિખાતે હયૈં મગર આતિનમેં કયા હોગા.

હજુ પણ મુર્છા નજ વળી. મ્હેં તેને જગાડવાને અનેક યત્નો આદર્યા. પરંતુ નિષ્ફળ પરિણામ આવ્યું. કર્ણપ્રદેશમાં સ્વર લંબાવી લંબાવી અનેક સંબોધનો ઉદ્દેશી થાકયો, ધ્રુશકે ધ્રુશકે પોકે પોક રડયો, મારી દયાર્દ્ર દુઃખપૂર્ણ સ્થિતી દર્શાવી, કંઇ કંઇ દલીલો દીધી. કંઈ કંઇ આશાઓ આપી, કંઇ કંઇ વિજ્ઞપ્તીઓ કરી, અંતે ઢંઢોળી ઢંઢોળીને થાકયો, પણ ચૈતન્યમય અમરવેલી જડતાના આધિપત્ય નિચે પૃથ્વીઉપર પડીજ રહી. વળી મને વિચાર આવ્યો, કે ચાલ આટલામાં પાણી હોય તો લાવું, કાંઇક છાંટું, તો શીતળતાથી કદાચ ભાન આવશે, જાગ્રત થશે. પ્રિયાને જેમની તેમ ત્યાંજ પડી રહેવા દઇ હું ઉઠયો, પાણીની શોધમાં ચાલ્યો. જડતાના સ્પર્શથી જડ થયેલો, બેભાન જેવો આવિષ્ટ બનેલો, હૃદય શુન્ય, હૃદયને પડતું મુકી ચાલ્યો. થોડેક દુર ગયો, ત્યાંતો એક નિર્મળ ઝરો નજરે પડયો. મને કંઇક આશા, આનંદ, ચૈતન્યનો ઉદ્ભવ થયો. ઉતાવળો ઉતાવળો બનતી ત્વરાએ પાણી આગળ પહોંચ્યો, ત્યારેજ મને હૃદયમાં ભાન આવ્યું. મને સમજ પડી, કે પાણી કેવી રીતે લઈ જાઉં. એવું કોઇપણ પત્ર ન હોતું, કે તેનો પડીયો વાળી લઉં. તેમજ શરીર ઉપર માત્ર બેજ કપડાં હતાં. એક પોતીયું અને

એક ર્‌હેરણ. વિચાર્યું કે ર્‌હેરણ પલાળીશ, તો પાણી કેટલું પહોંચશે. માટે ચાલ પ્રિયાને અહીંજ ઉપાડી લાવું. એ વિચાર સર્વથા માન્ય કરી, હું પાછો ફર્યો. બંને બાજુ તપાસતો તપાસતો ચાલતો હતો, કે રખેને વળી આવતાં રસ્તો ભુલી જાઉં. બંને બાજુનાં વૃક્ષો તરફ ઉંચી નજરે ચાલતાં જમીન માર્ગ ભુલ્યો. ઘણું ચાલ્યો પણ પ્રિયા પાસે ન ર્‌હોંચાયું. સ્થળ હાથ ન આવ્યું. હું ભુલ્યો કે પછી દૈવે મને ભુલાવ્યો. આ બાજુથી તે બાજુ અને તે બાજુથી આ બાજુ ચોતરફ ઘુમ્યો ઘણી શોધખોળ કરી. મધ્યાન્હ થવા આવ્યા છતાં પણ કશો પત્તો ન મળ્યો. આવા સંકટના આવેગમાં ભુખ, તરશ કે અન્ય શારિરીક ધર્મ હું વિસરીજ ગયો. અતિશય ગ્લાનીની સજ્જડ ચોટ મારા ઉપર ચડી બેઠી. હૃદયમાં ઉંડો ધ્રાશકો પડયો, આઘાત થયો. આંખે તંમર આવ્યાં. પડી ગયો. કોણ શાંત્વના આપે, કોણ ધીરજ આપે, કોણ આશ્વાસન કરે. મારો દુઃખ ભાર કોણ ઓછો કરે. ચોતરફ બળતી આશાની ચિતાઓમાંથી નિરાશાના ધુમ્રગોટા ગગન તલ સુધી વિસ્તૃત થઇ રહ્યા હતા. મારા ફરતો દાવાનલ કિલ્લા રૂપે સળગી રહ્યો હતો. જગત સર્વ સ્મશાનવત્ ભાસતું હતું. આકાશમાં નિરાશાના ધુંવાડાના શિખર ઉપર જાણે તે અદ્ધર લટકતી મને બોલાવતી હતી. મને ભણકારા થવા લાગ્યા. ભ્રમિતનો ભ્રમ વધ્યો, ભ્રાંતિમાં પડયો. પહોળા

ગગનપટમાં તેના સંગીતના અક્ષરો સુવર્ણ રંગી થઇ ચમકવા લાગ્યા. હું વાંચવા લાગ્યો. " ઓરા આવો તો વાત કહું કાનમાં." "સમજો છો કાંઇ સાનમાં." આંખો મિંચાઇ ગઇ, તોપણ ચર્મ ચક્ષુ અને તેનાં પડળ વચ્ચેના અંધારા પટમાં દિવ્ય અક્ષરો દેદિપ્યમાન દેખાવા લાગ્યા. કર્ણ વિવરમાં વિંઝાવા લાગ્યા. આંખ અને કાન ઉભયમાં વિલીન થતા થતા અંતર્ગત ઉંડેને ઉંડે હૃદયના અંધારા પ્રદેશમાં ચોંટી ચળકવા લાગ્યા.

લાલા લગાવી લગની નહીં છોડી જાઓ,"
એકાંત ગોષ્ટિ કરીએ અહીં દોડી આવો.

વળી પણ વિશેષ પ્રતિભાથી ચળકવા લાગ્યા.

કરી પ્રિતીતો પ્રાણ જતાં પાળીએ જો,
ભલે કાળજું કપાય ઝેરી પાળીએ જો.
શાણા સ્નેહને સાટે તો સોંઘાં શીર છે જો,
ભલે લોહી જે રેડાય અમૃત નીર છે જો.
દીધા હાથેથી કોલ ન વિસારીએ જો,
બોલ્યા મ્હોડેથી બોલ તે ન બાળીએ જો.

તરંગ ૬ ઠ્ઠો.

મ્હારાં દુઃખમાં દીલાસો.

સળગી સળગી ગોળો, ગોળ બિંબ આકાશનો,
હોલવાયો ધીરે ધીરે, શિતળતા પામીને;
પાછળ બળેલું કાળું, કાજળ રહેલું જાણે,
એમ ઠામ કર્યું કાળું, જગતમાં જામીને.
ઉંચે જે ચડેલા નિચે, પૃથ્વિપર પછડાયા,
ખોટ બાકી રાખી નહીં, કાંઇ પણ ખામીને.
સખત વખત એવો, આવ્યો તેનો શોક શાનો,
ગયું જો એવું તો જશે, આવું પણ વામીને.

મારામાં ઉઠવાની તાકાદ નહોતી. હાથપગ શિથિળ થઇ ગયા હતા. પૃથ્વી ઉપર ચત્તોપાટ પડયો હતો. બંધ આંખોમાં કંઇ કંઇ રંગો તરંગો તરતા હતા. બસ હવે હું નહીં ઉઠું. જગતમાં મારે હવે શું રહ્યું. આશા ગઇ, નિરાશા તું પણ જા. જગત કોને માટે ? હું જગત માટે નહીં, જગત મારા માટે નહીં. જગતનાં ઝાડ, પ્હાડ, નદી, નાળાં, દરીયો, કાંઇ નહીં. બાગ, બગીચા, વન, ઉપવન, ખેતરો, વાડીઓ, ઉજડ રાન, વેરાન, જંગલ, રેતીનાં રણ, મેદાન, કાંઇ નહીં. પુષ્પવતી વેલીઓ, લતાઓ, રોપાઓ, બીડાયેલી કળીઓ, ખીલેલાં કુસુમો, લતાકુંજો, કાંઇ નહીં. ચંદ્ર, ઉજ્વળ ચંદ્રિકા, તારાગણો, સુશોભિત

રાત્રી, દીન અને દીનમણી, કાંઇ નહીં. મેડી, મ્હેલો, હવેલી, રસ્તા, માર્ગ, શહેર ગામ, દિશા, દેશવિદેશ, કાંઇ નહીં. પક્ષિઓનો કલરવ, વાજીંત્રોના નાદ, રમતગમતનાં સ્થાન, આનંદ, ઉર્મીઓ, સ્નેહીઓનો સમાગમ, મિત્રમંડળની મોજમજા, કાંઇ નહીં. સર્વનો એકી સાથે લય વિલય. હું લય જગત લય. હું ગયો, મારી પાસેથી સર્વ ગયું. પ્રિયાનું સ્મિત વદન ચપળાની માફક અદ્રષ્ય થયું. લય પામ્યું. અત્યારે જગત જગત નથી જગતમાં કાંઇ નથી, પાત્રની અવગણનાએ વસ્તુ સ્થીતી શું હોય. હા ! પવન, પાણી, પ્રભા કે પૃથ્વી કાંઇ નથી. હવે તો માત્ર એકજ વસ્તુ નજરે તરે છે. તે એજ કે માથા ઉપર આવેલા અનંત ગહન ગગનમંડલમાં કોઇ દિવ્ય વ્યક્તિ અદ્રષ્ય વીલસે છે. ઉંડે ઉંડે વિશ્વજ્યોતિમય રમણ કરે છે. અમૃતમય પરમાણુંઓ મારા કર્ણની નળી વાટે મ્હારા હ્રદયમાં રેડે છે. હા! તેથીજ આટલા પ્રાણ ટકી રહ્યા છે. બસ આંહી પડયો પડયો રાત્રી દીવસ તેને નિહાળીશ. તેનું દિવ્ય ગાન સાંભળીશ. તેમાંથી ઝરતા શીતળ સ્વર્ગીય સુધા સીકરનું પાન કરીશ.

અચાનક મ્હારા શરીરપર કાંઇક અડકયું. જોઇ શકયો નહીં. કોઇ બોલ્યું. શું બોલ્યું? સાંભળી શકયો નહીં. વળી અવાજ આવ્યો. આંખ જરાતરા ઉઘડી, જોવાયું, પણ ઓળખી શકયો નહીં. મ્હારા મ્હોડામાં બે ટીપાં પાણીનાં પડયાં. આંખઉપર શીતળતા આવી. હવે કાંઇક

ઓળખાયું, સમજાયું. હું પાણીના ઝરાની પાસે પડયો હતો. મ્હારૂં માથું તે દીવસના અપરિચિત માનવીના અંકમાં પડયું હતું. તેણે વળી મ્હોંમાં જરા જરા પાણી રેડવા માંડયું, મને હોશ આવ્યા. તે બોલ્યો, " ભાઇ અહીં નિર્જન જંગલમાં કેવી રીતે આવી ચડયા ? તમારી આ દશા કોણે કરી ? " મ્હારાથી બોલાયું નહીં. હું બોલ્યોજ નહીં. તેણે એક કપડાનો કકડો પલાળી મારા માથા ઉપર મુકયો, આંખો ઉપર પાણી લગાડયું. મને જરા જરા વધારે શુદ્ધિ આવવા લાગી. તે અપરિચિત મનુષ્યે મ્હારા પ્રાણ બચાવ્યા, એમ મને અંતરમાં તેની ઉપકારવૃત્તિ વિષે લાગણી થઇ. તેણે મને બેઠો કર્યો. મ્હારી પ્રતિજ્ઞા ઉડી ગઇ. વીણેલાં પાકાં ફળો લાવી મને પ્રયત્ન વડે ખવરાવ્યાં, મેં ખાધાં. હું સારી રીતે સાવધ થયો. આવા ઉપકારી દયાળુ સજ્જનની અસીમ લાગણીથી મ્હારી આપદાનો અગ્ની કાંઇક હોલવાયો. વળી તેણે પ્રશ્ન કર્યો.

" ભાઇ કેમ છે હવે ? "

" ઠીક છે " મેં ટુંકોજ જવાબ આપ્યો.

" તમે આ સ્થીતીએ કેમ પહોંચ્યા, કહો. આપના દુઃખમાં હું બનતી ત્વરાએ યત્ન કરી શાંતી આપીશ. મને કહેશો ? ભાઇ મનુષ્યે મનુષ્ય માત્રને સહાય આપવી એ માનવનો શ્રેષ્ઠ ધર્મ છે. તો હું આપના માટે બનતું કરીશ. "

"દેવની પ્રબળ સત્તા છે. ભાઈ, મ્હારા જેવા ક્ષુદ્ર અલ્પ પ્રાણીને માટે આપે શું આ અલ્પ શ્રમ લીધો છે? પરોપકારી સજ્જન મ્હારા પ્રાણ બચાવ્યા, તેનો બદલો હું શું આપું. અત્યારે માત્ર મ્હારી પાસે શબ્દ સિવાય કશું નથી. ખરેખર આપના જેવા સજ્જન પુરૂષો, મહાત્માઓ, દાતાઓ આ ક્ષણભંગુર દુનિયાને શણગાર રૂપ છે, ભૂષણરૂપ છે. આપનો આ ઉપકાર જન્મપર્યંત ભુલાય તેવો નથી." મેં ઉપકાર માન્યો.

"ફરજ કે ધર્મ ઉપરાંત આમાં મેં એવું શું અધિક કરી બતાવ્યું છે, કે આપ મ્હારાં આટલાં વખાણ કરો છો? સુહૃદ, આ ક્ષણીક દેહ મર્ણ બાદ કોઈ પણ ઉપયોગમાં આવતો નથી, અને આવશે પણ નહીં, તો જીવતાં જીવત તેનો જે સદુપયોગ થાય તે કરવો, એમ સમજનાર અને તે પ્રમાણે કરી બતાવનાર મનુષ્યની જીંદગી સાર્થકતાને પામે છે, તેઓ બદલો માગતા નથી, લેતા નથી." તેણે નમ્રતા બતાવી કહ્યું.

"ખરેખર સત્પુરૂષો તેજ છે, કે જે પોતાનો સ્વાર્થ છોડી પરોપકાર વૃત્તિથી આચરણ કરી બતાવે છે. તેથી ઉતરતા મધ્યમપદે, પોતાના સ્વાર્થને ધક્કો ન લાગે અને કલ્યાણ કરે, તે છે; પરંતુ પોતાના સ્વાર્થને માટે અને સ્વાર્થ ન હોય છતાં માત્ર વૃથાજ

બીજાના કલ્યાણનો જે નાશ કરે છે, તેનું જીવન કઇ ગણત્રીમાં ગણવું, તે કહી શકાય તેમ નથી. પરોપકારી પુરૂષો તો મેઘ જેવા છે, કે જે પોતે કાળો બીહામણો છતાં વગર માગ્યે પાણી આપે છે. અને તેથીજ પોતે ઉચ્ચ પદ્વીએ વિરાજે છે. જુઓ સુર્ય આટલો બધો તિવ્ર કરડો છે, છતાં જગત સર્વનાં ચક્ષુને વગર માગણીએજ પ્રફુલ્લીત કરે છે. ચંદ્ર પોતે ક્ષયના રોગથી પીડાય છે, દુઃખી છે, છતાં સર્વ જગતને રાત્રીને વિષે પોતાની મેળેજ પ્રકાશી આનંદ આપે છે, શીતળતા આપે છે. વળી વૃક્ષો જે જડ પદાર્થ છે, તે પ્રાર્થના વિનાજ શ્રમીત પથીકને પોતાની શીતળ છાયામાં વિશ્રામ આપે છે. તેવીજ રીતે ઉદાર વૃત્તિવાળા સત્પુરૂષો કોઇના કહ્યા વિનાજ પારકાના કલ્યાણને માટે આનંદોત્સાહથી પ્રયત્ન કરવા દોડે છે. અહો! તેમનું જીવન કેવું ભાગ્યશાળી છે! ભાઇ કહું, સન્મિત્ર કહું, સુહૃદ કહું, મુરબ્બી કહું, શું કહું. અહાહા! તમારા કર્તવ્યે મને કૃતકૃત્ય બનાવ્યો છે. મ્હારૂં દર્દ ભુલાવ્યું છે. પરોપકારી સજ્જન, આજથી તમે મ્હારા પરમ હિતૈષી સન્મિત્ર થયા છો. તમારી મૈત્રિ, એ મ્હારાં અહોભાગ્યની નિશાની છે. ખરેખર મિત્ર મળો, તો તમારા જેવાજ મળજો."

पापान्निवारयति योजयते हिताय ।
गुह्यंच गूहति गुणान्प्रकटी करोति ॥
आपद्गतं चन जहाति ददाति काले ।

सन्मित्र लक्षणमिदं प्रवदन्ति सन्तः ॥ *

" આપ સજ્જન છો, તો સજ્જનતા બતાવો છો. મ્હારા જેવા અજ્ઞબુદ્ધિને મિત્ર માનો છો, તે આપની વડાઇ છે " તેણે પોતાનો નમ્રભાવ પ્રદર્શીત કર્યો. " આપને શું દુઃખ થાય છે, તે મને હરકત ન હોય તો કહેશો. " મ્હારી હકીકત સાંભળવા તેણે આગ્રહ બતાવ્યો.

" મહાત્મા, મને શું થાય છે, તે હું કાંઇ સમજી શકતો નથી, તેથી કહી શકતો નથી. પરંતુ દુઃખ માત્ર એટલુંજ કે હૃદય મુંઝાય છે. " મેં તેને ભગવાં વસ્ત્ર પરીધાન કરેલો જોઇ મહાત્મા સંબોધી કહ્યું.

" હૃદય કયા પ્રકારે મુંઝાય છે, તે કાંઈ કહી શકશો, તો તેનો યથોચિત ઉપચાર થાય. "

" શું કહું ? એક ઉપાય છે; તે એ કે આપ આપની દુઃખ વાર્તા અને પુરી સંભળાવો. આપની દુખવાર્તા સાંભળતાં મ્હારૂં દુઃખ હું ભુલી જાઉં છું." મેં મ્હારા સબંધની વાત ઉડાવવા પ્રશ્ન કર્યો.

" તમને દુઃખમાં દીલાસો મળતો હોય તો ભલે સાંભળો, હું મ્હારી કથની ચલાવું છું. " તેણે વાર્તા આગળ ચલાવી.

---

* પાપથી નિવારણ કરે છે. કલ્યાણકારક આચરણમાં લગાડે છે, ગુપ્ત વાર્તાને છુપાવે છે, ગુણને પ્રસિદ્ધ કરે છે. આપત્તિ વખતે પણ છોડતો નથી. અને સમયે ધન વગેરે પણ આપે છે, એ પ્રકારનું સારા મિત્રોનું લક્ષણ છે એમ સત્પુરૂષો કહે છે.

તરંગ ૭ મો.

પરવશ પડયો.

રક્ત સિંદુરમય ઉચ્ચ અંબરતણી
ઓઢણી ઓઢીને આવી ચાલી,
સાંજ સોનેરી ફુટી ફુટી તારની
બેશ બુટ્ટી ભરી ભભકવાળી.
મોતીમાળા દઈ હાથ પરવશ કરી
રંક લેહા લઈ અંક ધાલી,
હાથ લંબાવી લંબાવી લલચાવી
પ્હેરાવતાં ઝાલી ઉપાડી ચાલી.

અમે બંને વ્હેતા ઝરાના કિનારે આંબાના સઘન વૃક્ષ નિચે છાયામાં સામસામે બેઠા હતા. સુર્યનાં કિરણો અમને બાધ કરતાં નહોતાં. મ્હારા મિત્રે પોતાની કથની આગળ ચલાવી:—

" સુહૃદ, એક દીવસે ઉન્હાળામાં સાંજના સમયે મ્હારા ગામની બહાર પડોશમાં આવેલા સુંદિર સરોવરને કીનારે હું ફરવા ગયો હતો. જગન્નિયંતાની અગાધ લીલા ચોતરફ વિસ્તૃત હતી. સુર્યનારાયણ અસ્તાચળ ઉપર ઉતરવાની તૈયારીમાં હતો. હું ફરતો ફરતો સામે કાંઠે નીકળી ગયો. તળાવ ઘેરાવામાં મોટું હતું. કાળના ઝપાટાની ઠોકરો ખાઇ ખાઇ કેટલેક ઠેકાણે ખળભળી ગયેલાં કીનારાનાં પગથીયાં પાણીની

સાથે ટક્કર ઝીલી રહ્યાં હતાં. ઠેકાણે ઠેકાણે કીના-
રાના ઉઘાડાં પગથીયાં ઉપર પાણીની નજીક કોઇ
મિત્ર મંડળની સાથે વાતોના તડાકા મારતા હતા,
કોઇ એકલા બેઠા બેઠા ગાનતાનમાં મશગુલ હતા.
કોઇ કુદરતની અલૌકીક લીલાને નિહાળતા હતા.
કોઇ બેચાર મિત્રો મળી આનંદથી હસ્તા હસ્તા
નાસ્તા પાણીમાંજ મોજ મેળવતા હતા, કોઇ ન્હાની
હોડીઓમાં બેસી જળક્રીડા કરતા હતા. જેમ જેમ દીવ-
સનું અજવાળું હળવે હળવે ઓછું થતું ગયું, તેમ તેમ
એક પછી એક ફરવા આવેલા મનુષ્યો ગામ ભણી
ચાલ્યા જવા લાગ્યા. ધીરે ધીરે અંધારૂં આવવાની
તૈયારી કરવા લાગ્યું આકાશમાં શુક્રનો તારો પશ્ચિમ
દિશામાં શ્વેત ચંદનના ચાંદલાની માફક ચળકવા
લાગ્યો. શાંત સરોવરના જળમાં માત્ર એકજ શ્વેત
કમળની માફક તે શોભી રહ્યો હતો. બે ઘડી પહેલાં
જે કિનારો મનુષ્યોના શબ્દોથી ગાજી રહ્યો હતો, તે
હવે શાંત થઇ ગયો. એક પછી એક સર્વે ચાલ્યા
ગયા, તો પણ હું હજુ સામેનાજ કીનારે બેઠો હતો.
દુનિયામાં કાંઇક મ્હારી પલટાઇ ગયેલી સ્થીતી, અને
કાંઇક કુદરતની લીલાના વિચારોમાં મગ્ન હતો. મ્હારાં
ચર્મચક્ષુ પાસેની લીલી હરીયાળી ઉપર ચોંટેલાં હતાં,
પણ દ્રષ્ટીબિંદુ તો ઉંડે હૃદયમાંજ હતું, તેવામાં
એક ન્હાના મછવાએ મ્હારા દ્રષ્ટીબિંદુને ખસેડયું.
બે રમણી હલેસાં મારતી, તે ન્હાના મછવાને ચલા-

વતી હતી. મછવો કિનારા નજીક આવ્યો, હલેસાં મુકી તે બન્ને ઉભી થઇ, કીનારે ઉતરવા લાગી. એક ઉતરી, બીજી ઉતરતાંજ પગથીયાં ઉપર પગ મુકતાંજ લથડી, પડી; પાણીમાં પડી. બંનેની ચીસ એક સાથે નીકળી પડી. તે સાથેજ કોટ, જાકીટ વિગેરે કોરે મુકી, એક આંખના પળકારા માત્રમાં કાછ મારી, હું તળાવમાં કુદી પડયો. સદ્‌ભાગ્યે તેને પકડી મેં કિનારાના પગથીયાં ઉપર એક ક્ષણમાં લાવી મુકી. કિનારે ઉભેલી રમણીના મ્હોં ઉપર ખુશાલીની સુરખી છવાઇ ગઇ. તે મેં જોયું, અને આશ્ચર્ય વચ્ચે મ્હારા મ્હોંમાંથી શબ્દો નીકળી પડયા. "કોણ બકુલ ?" જવાબ મળ્યો. "હા કોણ ઇંદ્રમણી ? ?" કહીને તુર્ત તેણી સારવાર કરવા મંડી પડી. તે બકુલબાળા, બીજી કોઇ નહીં પણ આપને આગળ જણાવી ગયો છું, તે ડોસાની નુતન વધુ હતી. પરણ્યાંને આજે તેને પાંચ વર્ષ વહી ગયાં છે. અત્યારે બકુલ, મુગ્ધ બકુલ નથી. પરંતુ યોવન ઉપવનના સુગંધી પરિમળથી પરિવેષ્ટીત બકુલ છે. કોકિલને લલચાવનારી રસભરીત મધુર મધુમય આમ્રમંજરી છે. ચંદ્રલેહાને પ્રતિબિંબિત કરનાર નિર્મળ જળનું કુમુદમય કાસાર છે. દુર્વિદગ્ધ હ્રદય ભૂમિમાં પ્રેમાંકુર સ્ફુટીત કરનાર વર્ષા છે, મન ઉપવનને નવપલ્લવીત, કુસુમીત કરનાર વસંત છે. "તમે અત્યારે અમારા સુભાગ્યેજ આવી ચડયા હોં, નહીતો અમારી શી વલે

થાત, તમને શરદી લાગશે, ભીનાં કપડાં કાઢી સુકવો." મારો ઉપકાર માનતાં મને મારા માટે સુચના કરી.

"ઉન્હાળામાં શરદી કેવી. બકુલ, આ તમારી બ્હેનપણી છે?" મેં કપડાં નિચોવતાં કહ્યું.

"જી, આ કુંદનબાળા મ્હારી માશીની દીકરી થાય છે, આજેજ અમે બંને બ્હેનો રાજનગરથી અહીં સાથે આવ્યાં છીએ, મારા માસા અહીં વહીવટદાર છે." તેણીએ પોતાની હકીકત જણાવી.

મેં મારો ખેશ પ્હેરી ધોતીયું અને પ્હેરણ પવનમાં સુકાવા એક વૃક્ષ ઉપર નાંખ્યાં. હું પણ તેણીની સારવાર કરવા ગુંથાયો. બે ઘડી પછી ચૈતન્ય આવ્યું. વૃક્ષ ઉપરથી પછડાયેલી પંખિણી કળ વળ્યા પછી જેમ પાંખો ફફડાવી બેઠી થાય, તેમ તે પોતાનાં ભીનાં લુગડાં સમારતી બેઠી થઇ. હવે અંધારૂં પુરૂં થયું હતું. કમર કસીને લડવૈયાઓ જેમ એક પછી એક રણમેદાનમાં ઉતરી પડે, તેમ તારાગણો એક પછી એક ચળકવા લાગ્યા.

"બકુલ, આ મારૂં ધોતીયું સુકાઇ ગયું છે, તે તેમને પહેરવા આપો, અને ભીનાં કપડાં કાઢી સુકવી નાંખો, હું તેટલા વખતમાં જરા તાપણું કરી આપું." મેં વિનય કર્યો અને સુકાયેલું ધોતીયું આપ્યું. આભારના ભારતળે દબાયલી શરદીથી

ધ્રુજતી કુંદને તે વગર બોલ્યે લાંબો હાથ કરી લીધું, અને મને પણ પોતાના હૃદયમાં સાથેજ લીધો. ઓથે રહી તેણીએ કપડાં બદલાવ્યાં. બકુલ કપડાં નીચોવી વૃક્ષ ઉપર સુકવવા લાગી. અંધારામાં પણ અજવાળું આપતી તે ગૌર કાંતીમય દેહલતાનો આંખનો ખુણો મેં જોઇ લીધો, પકડી લીધો. પોતાના હૃદય મંદીરનો માર્ગ મ્હારે માટે મોકળો કરી દીધો. તેની ત્રાંસી આંખની પાંપણોએ જાણે મને પકડી અંદર પુરી દીધો. નયને નયનને કહ્યું. હૃદયના ભાવ જાણી લીધા. હૃદયે હૃદય મળ્યું. તાપ માટે અગ્ની ચેતાવવા સારૂ વૃક્ષોનાં પડેલાં સુકાં ઝાંખરાં હું એકઠાં કરવા લાગ્યો.

"કૃપા કરી હવે તસ્દી શા માટે લ્યો છો ? મને કમણાં શરદી નથી. આપે શું થોડું કર્યું છે ? મને બુડતાં બચાવી છે. મ્હારા સમ રહેવા દયો, બકુલ એમને કહેને." કુંદને મર્મયુક્ત વચનોથી વિવેક કર્યો.

"તું જે કહે છે, તે સર્વ સાંભળે છે. એ બ્હેરા નથી. હું વળી વત્તું કહીને શું કહીશ. તે તાપ કરવાના છે, તે કરશે. તાપશે અને તપાવશે. જોની, એમને પણ શરદી તો લાગીજ છે નાં." બકુલે વળી વધારે મર્મમાં લુગડાં સુકવતાં કહ્યું.

"એમ તો ખરૂંજ તો, તાપ્યા વિના કાંઇ શરદી જાય." મેં પણ મર્મમાંજ કહ્યું. ભેગાં કરેલાં લાકડામાં દીવાસળી ચાંપીને મુકી.

"લે ચાલ જો બકુલ, એમણે તો સાચેજ તાપણું કર્યું." કુંદને સ્મીત કરતાં કહ્યું.

"તમે બંને શરીરને શેકો, તાપો. કુંદન ત્હારી સાડીને ચણીયો તો સુકાઇ ગયાં, માત્ર ચોળીજ ભીની છે." કુંદન અને હું અગ્ની આગળ તાપતાં હતાં, ત્યાં બકુલ કપડાં લઇને આવી. અગ્નીના અજવાળે કુંદનનું શરીર કુંદન જ હતું. પ્હેરેલા મલમલના બારીક ધોતીયામાંથી તેનું શરીર સૌન્દર્ય બહાર ઉછળી આવતું હતું. તેની માંસલ ભુજાઓ, ઉરૂ, ઉર, ઉદર, સ્તન, ગર્દન, કટી, નિતંબ, સર્વ અવયવોમાં લાલીત્ય શ્રેણી જમાવટ કરી રહી હતી. ચોટલો કટી પર્યંત છુટો પડયો હતો. એક અંગવસ્ત્રથી આચ્છાદીત થયેલા અંગોના અસાધારણ તેજરાશી આગળ પાસે પડેલો અગ્ની શરમાવા લાગ્યો, મંદ પડવા લાગ્યો. હું તો બાહ્યાંતર તાપવા લાગ્યો. બહારના તાપ કરતાં અંદરનો તાપ વધવા લાગ્યો. મને આખે શરીરે પરસ્વેદ છુટયો. તેની પણ મારા જેવીજ સ્થીતી થઇ. હવે અમે બંને એક બીજા સામે જોતાં હતાં, પણ નજર માંડી શકતાં નહોતાં. આંખો મળતી હતી, છતાં ટેડીજ રહેતી હતી. બકુલ અગ્નીઉપર ભીની ચોળી અદ્ધર રાખીને સુકવતી હતી. ત્રાંસી આંખે પળમાં મારા તરફ અને પળમાં કુંદન તરફ ગુપ્ત જોતી હતી.

"કુંદન, ચોળી સુકાઈ ગઇ હો. ત્હારૂં શરીર તો

ગરમ થયું નાં? લે ચાલ ઉઠ કપડાં બદલાવ, એમને ધોતીયું કહાડી આપ." બકુલે તાકીદ કરી. હું મારૂં સુકવવા મુકેલું પ્હેરણ લેવા ગયો. કુંદને પોતાનાં કપડાં પ્હેર્યાં. મેં મ્હારાં પ્હેર્યાં. અમે ત્રણે જણાં ઘર તરફ ચાલવા લાગ્યાં. તળાવને આ કીનારે આવ્યાં ત્યાં સુધી અમે સર્વે અબોલજ હતાં.

"ઇંદ્રમણી, આજે અમારે ત્યાં જમજો." બકુલે કહ્યું

"મિજબાન તમે કે હું? આમંત્રણ મારે કરવું જોઇએ કે તમારે?" મેં કહ્યું.

"પણ તમે આંહી અમારે ત્યાં જમશો, તો તે ઘર તમારૂંજ છે એમ માનજો. તમારે માટે કાંઇ નવું કરવું પડે તેમ નથી. રસોઇ તૈયારજ છે કુંદન, ખરૂં કહું, તો તાણ કરી તેમને ત્હારેજ તેડવા જોઇએ. કેમ અવાક છે.?" બકુલે તેણીને બોલવા આગ્રહ કર્યો.

"ઇંદ્રમણી, મ્હારા સમ. આપને મારે ત્યાં જમવુંજ પડશે; આ ઉપકાર જમણ જમાડીને વળાય તેવો નથી." કુંદને શરમાતાં કહ્યું.

"અરે એ કયાં જવાના છે. નહીં આવે તો પટાવાળો મોકલી પકડી મંગાવીશું. હુકમ આપણોજ છે નાં." બકુલે રૂવાબ જણાવ્યો.

"ખરૂં છે. તમારા આગલ અમારૂં શું જોર." મેં કહ્યું. વાત કરતાં કરતાં અમે ગામમાં આવી પ્હોંચ્યાં. મ્હારા ઘરનો રસ્તો આવ્યો, હું વળ્યો.

" જુઓ એમ ન થાય હોં, મારા સમ. તમારી આવીજ લાગણી કે ? વાહવા." કુંદને કહ્યું.

" લાગણી છે ત્યારેજ આવીશ. પણ જરા રસોયાને ખબર કરીને આવું."

" જો જો હોં, એવચની ન થતા. નહીં તો પછી, તમારો તો શું પણ આખા વિશ્વનો વિશ્વાસ જન્માંતરે પણ નહીં કરૂં. કેમ બકુલ બરાબર કહું છું નાં ?" કુંદને હૃદયનો ભાવ સમજાવ્યો.

" બરાબર કહ્યું. જલ્દી આવજો. તમારા આવ્યા પછીજ અમે જમવા બેસીશું." બકુલે કહ્યું.

અમે જુદાં પડયાં. હું ઘેર આવ્યો. મેં કપડાં કહાડી બીજાં કપડાં પ્હેર્યાં. તેટલામાં તો પટાવાળો આંગણામાંજ આવીને ઉભો.

" ભાઇ પધારોને, વહીવટદાર સાહેબ બોલાવે છે." તેણે કહ્યું.

રસોયાને જમી લેવાની વરદી આપી, હું તેની સાથે ગયો. કુંદનને ઘેર ગયો. વહીવટદારે મને જોતાંજ મારો અસાધારણ ઉપકાર માન્યો. જેનો મેં યથાઘટીત જવાબ વાળ્યો. અમે સર્વે સાથેજ સામ સામે પાટલાપર બેસી જમ્યાં. વહીવટદારે મ્હારા સબંધની કેટલીક હકીકત પુછી લીધી. મોડી રાત સુધી હું ત્યાં રોકાયો. લગભગ સાડાબારના સુમારે

હું ઘેર આવ્યો, પણ હૃદયને મુકતો આવ્યો. બિછાનામાં સુતો, વિચારમાં નિદ્રા ન જ આવી. કેમ આવે ? ન જ આવે. મને તો શું, પણ મ્હારા જેવા અન્ય કોઇ આવા અનુભવમાં આવેલાને પણ ન જ આવે. બાકી બીનઅનુભવીને તો શું, કાંઇ નહીં. આખી રાત્રી પલંગમાંજ તરફડીયાં માર્યા. અમલદારની પુત્રીનો અમલ મ્હારા ઉપર સચોટ લાગ્યો. રાત્રી ઘણીજ લાંબી લાગી. માંડ માંડ વિતાવી; પ્રાતઃકાળ થતાંની સાથેજ ઉઠયો. ઉતાવળો ઉતાવળો નિત્ય કર્મથી પરવારી, ચાહ પીધા વિના ચાલ્યો. વિના આમંત્રણે તેને ઘેર જવા નિકળ્યો. અરધે જતાં વળી વિચાર આવ્યો. શા માટે ત્યાં જાઉં છું. ? એમાં શું ? અમસ્થુ ન જવાય. ? પણ કારણ ? હૃદયે કારણ શોધી કહાડયું. ચાહનું આમંત્રણ આપવા. હૃદયે આજ્ઞા કરી, પગ ઉપડયો, ચાલ્યો. કુંદનને ઘેર ગયો. પણ કોઇ ન મળે. આ શું ! એક ચાકરને પુછયું. "કેમ બધાં કયાં ગયાં છે." ચાકરે જવાબ આપ્યો. "સાહેબ, એતો સવાર થયા પહેલાં સુરતની ગાડીમાં ગયાં."

"કેમ ?" મેં આશ્ચર્ય પામી પુછયું.

"ત્યાંથી કોઇનો રાત્રે તાર આવેલો તેથી તુર્તજ સર્વે ગયાં છે." નિરાશ ! લથડતે પગે પાછો વળ્યો. જેટલો ઉત્સાહ હું બગલમાં મારીને ગયો હતો, તેથી બમણો

નીરાશાનો પોટલો માથે મુકી હું ઘેર આવ્યો. હવે ક્યાં મળું ? કુંદનનાજ વિચારોમાં બીજા વિચારો અસ્ત પામ્યા. લય પામ્યા. કુંદનની છવી નિરખ-વામાં અન્ય વસ્તુ અણગમી થઇ પડી. ઘેર આવી કુંદનનાજ સ્વર વર્ણોને ઓળખવા લાગ્યો. સ્નેહમયી નવીન પિછાનમાં મને તો પારાવાર પીડા થઇ પડી. પરવશ પડયો.



તરંગ ૮ મો.

આનંદગીરીનું શીખર.

અય સનમ વાસ્તે અલ્લાહકે જાતે જાતે,
ખુબ હોતા જો જરા આંખ મીલાતે જાતે.

*　*　*　*　*

કલ શબે વસ્લમેં કયા જલ્દ બજીથી ઘડીયાં,
આજ કયા મર ગયે ઘડીયાલ બજાનેવાલે?

*　*　*　*　*

કત્લ કરને આશકકો નિગાહે તલવાર કાફી હય,
બીરહકી ઝખ્મકા મરહમ તેરા દીદાર કાફી હય.

*　*　*　*　*

ખરેખર પ્રેમ વસ્તુ અજબ છે, પ્રેમનું આવરણ અજબ છે, પ્રેમની વાર્તા અજબ છે, પ્રેમની રીતભાત પણ અજબ છે. મ્હારી રીતભાત પણ અજબજ થઇ પડી. મ્હારા પ્રત્યેનો તેનો પ્રેમ, તેની આંખ, તેનું બોલવું, તેનું ચાલવું, વીગેરેથી હું એટલો બધો ગાંડો ઘેલો થઇ ગયો હતો, કે ન પુછો વાત. મહાશય, અજબ પ્રેમ વસ્તુ દરેક મનુષ્યરૂપી પાત્રમાં રહેલીજ છે. કયાંઇ વત્તી તો કયાંઇ ઓછી. પરંતુ

પ્રતિબિંબીત થયા સીવાય તેનું પ્રાકટ્ય પિછાની શકાતું નથી. અરીસો હોય, તોજ મુખ દર્શન થાય છે, તેમ એક પાત્રમાંથી બીજા પાત્રમાં પડયા વિના તેનું દર્શન અસંભવ છે. પછી તો જેવો અરીસો. વ્હાલી કુંદનના વિયોગમાં મને ખાવાપીવાનું, હરવા ફરવાનું, બોલવા ચાલવાનું કે કાંઇ કાર્ય કરવાનું ભાનજ નહોતું. દીવસ ઉપર દીવસ ચાલ્યા, એક અઠવાડીયું ભ્રમમાં, પીડામાં ચાલ્યું ગયું. જેમ જેમ દીવસ જાય છે, તેમ મનુષ્યને દુઃખની વાત વિસારે પડે છે. પણ આ રસજ્ઞ દુઃખમાંતો મને તેથી ઉલટુંજ થયું. જેમ જેમ સમય ગયો, તેમ તેમ ઘડીએ અને પળે તેનું સ્મરણ, તેનું રટણ અધિકતર ઘટ્ટ થતું ચાલ્યું. અને તેથી હૃદય અશાંતવૃત્તિ અનુભવવા લાગ્યું. ગામ, મને વેરાન રાન સમાન અપ્રિય થઇ પડયું. ઘર, શ્મશાનભૂમિ સમાન ઉજડ જણાવા લાગ્યું. પલંગમાં પડું, તો જાણે ચિતાનાં લાકડાંમાં સુતો. આટલા દીવસોમાં વિશેષે કરીને તો નિર્જન સ્થાનમાં એકાંતમાં એકલો ગામ બહાર બગીચે, તળાવને કીનારે કે નદીને કાંઠે રખડી ભટકી, સમય વ્યતિત કરતો હતો. હમેશાં પ્રથમ પ્રેમના દર્શનવાળા મિલન સ્થાને બેસતો હતો, કુંદન જયાં ઉભી હતી, ત્યાં નિહાળી નિહાળીને જોતો હતો, કરેલા તાપનાં બળેલાં લાકડાંની શેષ રહેલી ભસ્મ ઉપર એકી ટશે. નિરખતો હતો. વિરહાગ્નીના તાપથી બળેલા હૃદયની વિભૂતિ

કલ્પતો હતો. બકુલના શબ્દો " શેકો અને તાપો " યાદ આવતા હતા. દરેકે દરેક સ્થળે કુંદનનેજ કલ્પનામાં ઉતારતો હતો, નખશીખ નિરખતો હતો. મ્હારી સ્થીતિ અજાયબ થઇ પડી. એક દીવસ સવારની ટપાલમાં ત્રણ પરબીડીયા આવ્યાં. રંગ એકજ હતો, પણ અક્ષરો જુદા જુદા હતા. એક ફોડયું. વાંચવા લાગ્યો.

" મ્હારા વ્હાલા,

શું લખું. હૃદય હૃદયનું સાક્ષી છે. તમને શુંનું શું થતું હશે, એનો ખ્યાલ મને આવે છે, પણ મને શું થાય છે, તે પીડાતો હુંજ જાણું છું. સ્ત્રીઓની પીડા તો સ્ત્રીઓજ જાણે; પુરૂષો તેથી ઘણે અંશે અજ્ઞાત હોય છે. લખવા એવું તો લખી જાતી નથી.

વ્હાલા, આપને મળીને જાત, પણ સમય નહોતો, લાચાર. મ્હારાં માતુશ્રીની તબીયત બગડયાનો તાર અચિંત્યો સુરતથી આવતાં, મ્હારે તથા બકુલને પીતાજીની સાથે ગાડીએ બેસવું પડયું. આપને મ્હોંઢે ન થવાયું. હાલમાં તેમની તબીયત સુધરતી જાય છે. દૈવની ઇચ્છા પ્રબળ વિચીત્ર છે.

વ્હાલા, શું લખું. આપે મને બચાવી ઉપકારના ભાર તળે દબાવી, તમારી પોતાની કરી લીધી, ને પાછી દુઃખમાં નાંખો છો, એ શું

સજ્જન પુરૂષનું લક્ષણ છે ? મળવા ન આવો ? પિતાજી તથા માતુશ્રી આપણા બંનેનાં લગ્ન માટે સંમત છે. તદુપરાંત બકુલને ઘણીજ લાગણી છે. તો પણ નહીં આવો ?

મ્હારા મણી, હૃદય હૃદયથી મળેલાંજ છે. પણ મુખ દર્શન માટે મ્હારાં નેત્રો ટમટમી રહ્યાં છે. એક ઘડી યુગ જેવી જણાય છે. ચિત્તને કયાંઇ ચેન પડતું નથી. શેમાંય મન ગોઠતું નથી. કાંઇ ભાવતું નથી. પિતાજીને ત્યાં આવવાને હજુ એક અઠવાડીયાની ઢીલ છે. હું પણ સાથેજ આવીશ. પણ તે પ્હેલાં આપ આંહી કેમ ન આવો ? અઠવાડીયું આ પરવશ ચિત્તને આઠ ભવ જેવું થશે હો. માટે આ કાગળ વાંચી ત્વરાએ દર્શન દેવા શામાટે ન આવો ? તમારી ફરજ છે. મ્હારા સમ આટલી મ્હારી આ પ્હેલી અરજ ન સ્વિકારો ? એવું જલ્દી શે થાય, કે આપણે બંને પલ પણ જુદાં નજ પડીએ.

વાલમજી વેગેરે વ્હેલા આવજો,
આમ અબળાની અંતર જાણી દાઝજો;
ત્રેહ તણા વાયારે વ્હાલા વાયરા,
મધ દરીયામાં ઝુલે મ્હારૂં જહાજ જો. વાલમજી.

હાલક ડોલક હોડી મ્હારી થાય છે,
સુકાની વિણ ઘુમઘુમ ઝુલી સાવજો;

હૈયું મ્હારૂં હાથ નથી રહેતું હવે,
મ્હારા સમ છે મળવા આવો મ્હાવ જો. વાલમજી.
નયણાં નિરખે નાથ તમારી વાટડી,
શે ભાળું ઝટ મ્હારા સુંદીર શ્યામ જો;
લાલ લગાડી લગની લોચન લોભીયાં,
દયોને દર્શન અંતરના આરામ જો. ;વાલમજી.
હાંહાં કરતાં મોસમ હાલી જાય છે,
જોતાં જાશે જોબનીયાંનું હીર જો;
વર્ષાનાં વારીરે વરસી વહી જશે,
ઉલટયાં નદીએ ઉતરી જાશે નીર જો. વાલમજી.
રજનીમાં એકલડી છાની રોઈ મરૂં,
છાની રાખે કોણુ છબીલા વિણજો;
લાલ વિના કોણ લ્હોવે આંસુ આંખનાં,
પરવશ મ્હારી દેહે ઉઠી પીડ જો. વાલમજી.
શ્રાવણને ભાદરવો આંખે ઉલટયો,
ભીંજાય મ્હારાં નવરંગ આછાં ચીર જો;
પિયુજી મ્હારા પાતળીયા પરદેશમાં,
જુહારાનાં જડીયાં કયાં જંજીર જો. વાલમજી.
અંતરના ઉમળકા અંતરમાં રમે,
કોને કહું આ મ્હારા દુઃખની વાત જો;
અલબેલા વિના આંખો થઇ આંધળી,
છેક નમેરા શું થાઓ મ્હારા નાથજો. વાલમજી.
સેજ સુની નિરખી અંતર ભડકા બળે,
કયારે વ્હાલો આવે ! નિરખું વાટ જો;
સ્વામી સંગે સહીયર હરખે હીંચતી,
ખટકારે ખટકે છે અંતર ખાટ જો. વાલમજી.

નહીં આવો તો નાથ હું પાડીશ હેહડી,
કાળજડે ખુંચે છે કાળી ધાર જો;
વાંચીને કાગળીયો વ્હેલા આવજો,
વેગે વ્હાલા ચડજો મ્હારી વ્હાર જો. વાલમજી.

કૃપા કરી કાગળ વાંચી ગાડીએ ચહડજો, તાર કરજો. કૃષ્ન રૂક્ષ્મણી માટે કાગળ વાંચી વેગે પ્હોંચ્યા, તેમ આવજો. વધારામાં બીજું શું ? દાસીને વિરહ વેદનાથી આવી બચાવો.

લી.

તમારી સદાની કિંકરી.

કુંદનના પ્રણામ.

લાંબો છતાં પત્રને ફરી ફરી પાંચ વખત વાંચ્યો કંટાળો નજ આવ્યો. બીજા પત્રો વાંચવા ઉપર લક્ષ નજ લાગ્યું. કાગળ આંખેથી ઉતરી મ્હોંએ ચડયો, અને ત્યાંથી હૃદયે પડયો, હૃદયેજ ચોંટી રહ્યો. આનંદના મહાસાગરમાં ઉંડોજ ઉતરી ગયો, ગાડીનો સમય કયારે થાય, કે ચડી બેસું. હૃદયમાં તાલાવેલી લાગી. મારે કોઇને પુછવાનું નહોતું, કે પુછવા જાઉં. એવું કોઇ પણ કાર્ય નહોતું, કે મને જતાં અટકાવે. સુર્યઉદય થયા પ્હેલાંજ તિમિર નાસવા લાગે છે, તેમ હૃદયમાંનું અંધારૂં નષ્ટ થયું. મેઘ આવતા પ્હેલાંજ હવાને ઠંડી કરે છે, તેમ હૃદયને જરા શાંતી થઇ. સીંહની ગર્જનાના ઘોષથી મૃગલાંઓ નાસી જાય છે, તેમ હૃદયની વિંટબનાઓ નાશ પામી. પણ સાથે

સાથે મારૂં ધૈર્ય છુટી ગયું. જલ્દી જલ્દી ક્યારે પ્હોંચું. ઉંચો નિચો થઇ રહ્યો. ખુરશીપરથી ઉઠયો. બીજા બે પત્રો ઉપર ધ્યાન ગયું. વળી બેઠો, એક ફોડયો, વાંચવા લાગ્યો.

"સ્નેહી ઇંદ્રમણી

આપને કુંદનના પત્રની સાથે આ પત્ર પણ પ્હોંચશે. મારા માસાએ આપને બોલાવવા લખેલ પત્ર સબંધી મને વાત કહી, તે વખતે કુંદને પોતાનો પત્ર પોસ્ટ કર્યો હતો. સુજ્ઞને વિશેષ શું લખું. લખવાનું સર્વ લખાઇ ચુકયું છે. વાંચ્યું હશે, કાં વાંચશો. એજ કે સ્નેહીનાં અંતર અને ચક્ષુને આવી આનંદ આપશો. મારૂં કર્તવ્ય હજુ પુરૂં થયું નથી. એજ વિનંતી.

લી.

તમારી શુભેચ્છક સ્નેહી

બકુલબાળા."

"હજુ મ્હારૂં કર્તવ્ય પુરૂં થયું નથી." એજ કે કુંદનનો હાથ મારા હાથમાં સોંપાય, તોજ પુરૂં કર્તવ્ય ગણાય. ખરેખર બકુલ તારો પરિશ્રમ ન હોત, તો ભલેને અમારા બંનેનાં હ્રદય એક હોય, છતાં સંસારની નજરે શરીર સબંધ સંધાયા વિના અમારી દશા જીવન પર્યંત દુઃખીજ રહેત. વળી મને સ્નેહી સંબોધી લખે છે. વાહ! બકુલ આ તારો

ઉપકાર વાળી શકાય તેવો નથી. પ્રભુ મને તેનો બદલો વાળવા સમય આપે. તુરતજ ત્રીજો પત્ર ફોડયો, વાંચ્યો.

"રા. રા. ઇંદ્રમણી સરસ્વતીપ્રસાદ

મુ. પદ્માસર.

સ્નેહપુર્વક આશિષ સાથે વિનંતી, કે આપ આ પત્ર વાંચી તુરત સુરત આવશો. પ્હેલી ગાડીએજ ચ્હડજો. તાર નહી કરો, તો ચાલશે. કારણકે આ કાગળ પહોંચ્યા પછી ત્યાંની પ્હેલી ઉપડતી ગાડીના આંહી આવવાના સમયે અમે સ્ટેશન ઉપર હાજર રહીશું. વીલંબ નહી કરશો. તમારૂં અવશ્યનું કામ છે, એજ.

લી.

શુભચિંતક

મધુપ્રસાદ.

પત્રોએ કંઇ કંઇ સ્વપ્નાં આંખ આગળ ખડાં કર્યાં. કંઇ કંઇ ભવિષ્યની આશા લહરીઓ ઉપર ડોલાવ્યો. પાંખ હોત, તો ગાડીની પરવા ન કરત. તારમાં જવાતું હોત, તો પાંખની પણ પરવા ન કરત. લાચાર. હું તો અહીં વિચારજ કર્યા કરૂં છું, પણ મન તો ક્યારનુંએ કુંદન પાસે પ્હોંચી ગયું. ઘેલા ચિત્ત, જરા ધૈર્ય ધર, ઉતાવળું ન થા. શરીરને છોડી, દોડી ન જા. શરીર સાથેનો ત્હારો સબંધ શું આવોજ કે?

એકલા જતાં તને શરમ નથી આવતી. જા, પણ સાથે શરીરને લેતું જા. અરે પણ તેને શરીરની શી પરવા પડી હોય કે પલમાત્ર પણ તેની વાટ જુએ. પરવશ પડેલું શરીર અહીંજ પડયું રહ્યું. સ્વચ્છંદ રમતું ચિત્ત શરીરના કાલાવાલાથી પણ ન ટકયું. ગયું તે ગયું, ઉડીજ ગયું, પ્હોંચી ગયું. શરીરને બીચારાને પાછળ ગાડીમાંજ ઘસડાતું જવાનું રહ્યું. ગાડીને હજુ એક કલાકનો સમય હતો. સર્વ વિચારો પડતા મુકી, તુર્ત હું ખુરશી ઉપરથી ઉઠયો, નોકરને બોલાવી ગાડી જોડવા હુકમ આપ્યો. ગાડી આવે તેટલા સમયમાં મેં મારાં કપડાં બેગમાં ગોઠવ્યાં. ગાડી જોડાઇ તૈયાર થઇ આવી, તેમાં બેઠો, સ્ટેશનપર ગયો, પણ મારા માટે આગગાડી કયાંથી તૈયાર થાય. હજુ પોણા કલાકની વાર હતી. સ્ટેશનમાં આમ તેમ બે ત્રણ આંટા મારૂં, ને વારે વારે ઘડીઆળ કાઢી વખત જોઉં, ઘડીયાળને પણ જાણે શું થયું, કે તેનો કાંટો પણ ખસતો જણાય નહીં, જ્યારે જોઉં ત્યારે કાંતો બે કે ત્રણ મિનીટજ ચાલી હોય, વધુમાં વધુ કાંતો પાંચ મીનિટજ ચાલી હોય. માંડ માંડ અરધો કલાક વિતાવ્યો, એવામાં ઘંટ થયો, ટીકેટની તૈયારી થઇ. ઓફીસમાં ગયો, સેકંડ કલાસની ટીકેટ લીધી, ટીકેટ લેનારમાં મારૂં નામ પ્હેલે નંબરે હતું. ધીરે ધીરે પેસેન્જરોની ભરતી થવા લાગી. પ્લેટફોર્મ ઉભરાવા લાગ્યું, શાંત સ્ટેશન ઘડીકમાં ગાજી ઉઠયું; ગાડી આવી, એ આવી, આ આવી; ગાડી આવવાના રસ્તે

સર્વેની સાથે મારી પણ આંખ લાગી રહી હતી, પણ તે સર્વેના પ્હેલાં પ્હોંચતી હતી. આંખો તણા-ઈજ રહી. ત્યાંતો ખરેખાત ગાડી આવી. છેટે ધુમા-ડાના ગોટા જણાયા. આ આવી, આ આવી કરતાં કરતાં દશ મીનીટ નીકળી ગઇ, ત્યાંતો પ્લેટફોર્મ ઉપર આવીને ઉભીજ રહી. તુર્તજ હું સેકંડ કલા-સમાં ચડી બેઠો. માણસોની ચડવા ઉતરવાની ધમાલ ચાલી રહી હતી. એકમેકના મિશ્રીત અવાજોમાં શું બોલાયું, તે શોધી કહાડવું મુસ્કેલ હતું. હુંતો વારે ઘડીએ ઉઠતો અને પાછો બેસી જતો. બારીમાં આવી ડોકીયું કરી જોવા લાગ્યો. ઘડીયાળમાં ટાઇમ જોવા લાગ્યો, હજુ વાર છે, વળી બેઠો, બેગમાંથી પાન કાઢી બનાવ્યું, ખાધું, ઉઠયો, વળી જોયું. અરે આતે શું ! એન્જીનમાંથી વરાળ ઉડી ગઇ ? પાણી ખુટયું, કે કોલસા ખુટયા, કે એન્જીન ઉતરી ગયું ? થયું શું ! રેલ્વેના જેટલા જેટલા નોકરો મારા ડબ્બા પાસેથી પસાર થતા, તેને કેટલો ટાઇમ છે, કયારે ઉપડશે, કેટલીવાર છે, કેમ હજુ ઉપડતી નથી, વિગેરે વિગેરે પ્રશ્નો પુછયેજ જતો હતો. હુંતો ઉંચો નિચો થવા લાગ્યો, પણ "પરોણો આળ્યે કાંઇ કવખતે ભેંસ પા-રહો મુકે," એતો વખતસર જ્યારે દુઝતી હોય ત્યારેજ દુઝે. મનમાં ને મનમાં મેંતો ગાડીને ગાળો દેવા માંડી. ત્યાંતો ગાર્ડની સીટી સાંભળી, મારા કાન ચમકયા. લીલો વાવટો ઉડતો જણાયો, એન્જીનની વ્હીસલ થઇ, ગાડી ઉપડી. અત્યારે હું ડ્રાઇવર હોત તો સ્ટી-

મને છેવટની ડીગ્રીના આંકડે ચડાવી હેત. વચમાં આવતાં સ્ટેશનોની પરવા કર્યા વિના ચલાવ્યેજ જાત. પણ લાચાર કાંઇ કરી શકયો નહીં. ગાડીનેજ તાબે થઇ રહ્યો. લાંબો થઇને સુતો. વળી વિચારે ચડયો. હવામાં કિલ્લા બાંધવા લાગ્યો. સેંકડકલાસના રૂમમાં હું એકલોજ હતો, તોપણ ઝીણે સ્વરે કુંદનની ગરબીની કડીઓ લલકારવા લાગ્યો, રસ ઝરવા લાગ્યો. આંખ અને હૃદય કુંદનની છબી ચિતરવામાં ગુંથાયાં. બંનેની કલમ સાથેજ ફરવા લાગી. છવીમાં નવા નવા રંગ પુરાવા લાગ્યા. પ્હેલ વ્હેલાં આંખ, કીકી, પાંપણો, ભ્રકુટી, આંખનો ખુણો, બરાબર સમાર્યો, પછી હસ્તું વદન, ઓષ્ટ પલ્લવ, દંત પંકતી, એક સાથે ચિતરી કહાડયાં. આંખનો ખુણો અને ઓષ્ટ પલ્લવ, ઉભયમાં રહેલું સ્મિત ઐકયતા પામી ગયું, અદ્વિતિય જણાવા લાગ્યું, કલમ ત્યાંજ અટકી પડી, ચોંટી પડી, સરી પડી. મ્હારાં હૃદય ચક્ષુ ઉભય, ઉભયમાં મળી ગયાં, ભળી ગયાં, સ્થંભી રહ્યા. તેની આંખે તેના હસતા ઓષ્ટ અને દંતપંકતી બતાવ્યાં. તેમાંના રહેલ અમૃતને પીવા લાલચ આપી, અમૃતપાન શરૂ થયું. હું ધરાયોજ નહીં. પલમાત્રમાં શિરથી ચર્ણતલ પર્યંત ગુલાબી રંગની પ્રતિમા સ્વયં ચિતરાઇ ગઇ, ઉભીજ રહી. પણ આમ કેમ સ્થિર! જરા ઉંચું જો, મારા સમ.

સાંધી દ્રષ્ટિ ભુમીભણી ઉભિ ઉભી,
આડી ન આંખો કરે,
અંગુઠે પગને કરી ઘડિ ઘડી,
ભુમી પરે ખોતરે;
ગાલે દૈ કર એક એક કરથી,
છાતી સુપાવા કરે,
આવો ભાવ કદાપિ કોઇ વખતે,
જોયો ન જન્માંતરે.

જો હું જોઉં કદાપિ આડું, પલમાં,
દ્રષ્ટી ભરી ઝાંખિ લે;
મ્હારી આંખ ઉંચી થતાંજ મધુરી,
પાછી વળી ખેંચિ લે;
વ્હાલી ના શરમા રખે બિતિ જરા,
આવો ભુજામાં ભિડું,
આપું ચુંબન લૌ તથા મુખમહીં,
તાંબૂલનું દૈ બિડું.

બેસારૂં અલબેલિ અંક ઉપરે,
જોડી ઉંરો જુક્તિથી,
દેખીતું દ્વય અદ્વિતીય કરિએ,
વ્યક્તી મળે વ્યકિતથી;
ના માનું અપમાન માન મુકિને,
માનું તને માનિની.
જો તું એકજ વાર માત્ર તિરછી,
દ્રષ્ટી કરી કામિની.

ના બોલે, ન જુએ, જરી ન હસવું,
કૌતુક આ શું કહે !
આ શી ટેવ રિસાળિ રાખ અવળી,
શો વાંક મારો કહે ?

કીધું કરગરિ તોય કાંઇ ન કર્યું,
ઊઠી પડયો ચર્ણમાં,
'વ્હાલી માફ કરો' કહ્યું, હસિ, કુંઈ,
કે'તી ગઈ કર્ણમાં.

એ ગઇ ! આ ગઇ ! ગઇ ! ગઇ ! એકદમ પકડવા ગયો. પણ શું ! મ્હારો હાથ પાછળની બેઠક પરજ પછડાયો. પ્રેમ સમાધીમાંથી હૃદય જાગ્યું. હાથને લાગ્યું. છતાં હાથ કાંઇ ન લાગ્યું. કળ ચઢી. ખટ્ટ પડયો. ગઇ તે ગઇ. હતીજ નહીં. હોય તો જાય ના. અફસોસ ! નિસાસો નાંખ્યો. વિરહ વિપત્તિમાં ઓર વિશેષ વૃદ્ધિ થઇ. અરેરે ! શો સુરત આવે. બસ ત્યાં જતાંવેંત એમજ કહું કે “ વ્હા ! અધવચ રખડાવી ચાલી ગઇ કે ? તારો આવોજ પ્રેમ ! ” કાગલમાં તો લખે છે, કે મળવા આવો, મળવા આવો. પોકારી પોકારીને લખેછે. અને વળી મારા આટલા આટલા કાલાવાલા છતાં પણ અંતે બસ કાંઇ નહીં ? વાહરે મ્હારી નવલ વધુ ! અરે પણ કાનમાં શું કહી ગઇ, તે બરાબર ન સમજાયું. વળી મને વિચાર થયો, કે હું આમને આમ આવિષ્ટપણામાં મ્હારૂં પોતાનું ભાન તો નહીં

ભુલી જાઉં ! હવેંજ સમજાય છે, હવેંજ ખાત્રી થાય છે, કે સ્નેહને સકંજે જે માણુસ સપડાય છે, તે ચકાવાના સાત કોઠામાં ગોંધાય છે. ગાંડો ઘેલો થાય છે, હૃદય વિનાનો થાય છે, ભાન ભુલી જાય છે. ખરેખર, પ્રેમ એજ અજર અમર ઘેલછા છે. મનોહર મસ્તી છે. પ્રિય ભાઇ, મ્હારી આવી ઘેલછાને આપ હસી ન કાઢશો."

"નહી મહાશય, આપનું કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. આગળ ચલાવો. મને :અતિશય આનંદ આવે છે." મેં મને થતી વેદના છુપાવી વાર્તા આગળ કહેવા કહ્યું

"સાંભળો ભાઇ ત્યારે." તેણે સંધાન શરૂ કર્યું.

"પ્રેમના ઘેલા મસ્ત વિચારોમાં સ્ટેશન ઉપર સ્ટેશન ચાલ્યાં ગયાં, પણ આંખે ન જોયું. કંઈ કંઇ ઘોઘાટ ને ગડબડના અવાજો પસાર થઇ ગયા, પણ કર્ણેન્દ્રિ ક્રિયાહીનજ રહી. સુરતનું સ્ટેશન આવ્યું, છતાં આંખ તો ફરી ફરીને વ્હાલીની મુરતી નિહાળવામાંજ એક માર્ગી થઈ હતી. હૃદય પણ તેની સાથેજ ચોટયું હતું. સુરત સ્ટેશને ગાડી આવી ઉભી રહી, પણ આપણે ભાઇશ્રીતો ચત્તાપાટ મસ્ત થઈ પડયા હતા. મ્હારા સેકંડ કલાસના બારણા આગળ જ્યારે "ઇંદ્રમણી" અવાજ આવ્યો, ત્યારેજ ભાન આવ્યું, કે સુરત આવ્યું. ત્યારેજ આંખ અને હૃદયનું વળાણ ફેરવાયું.

" કોણ " મેં કહ્યું.

" એતો હું મધુપ્રસાદ "

સાંભળી, તુરત હું ગાડીમાંથી ઉતર્યો. અરસપરસ કુશળતા પુછી સ્ટેશન બહાર આવ્યા. મધુપ્રસાદને હું બ્રુમમાં બેઠા. ઘોડો સપાટાબંધ ઉપડયો. જાણે મ્હારી પીડાની તેને ખબર હોયની, તેથી જાણે તે પક્ષીની પેઠે ઉડ્યો. અમે બંગલે પ્હોંચ્યા. બંગલાના દરવાજામાંજ બકુલ અને કુંદનને મેં છેટેથી ઉભેલાં જોયાં. નિરખીને જોયું, પણ ધરાયો નહીં. ગાડીમાંનું ચિત્ર નજરે તર્યું. મધુપ્રસાદ મ્હારી આગળ જરા ઉતાવળે ચાલતા હતા, હું રૂવાબમાંજ, માનમાંજ મ્હારૂં સ્થિતીસ્થાપકપણું સાચવતો ચાલતો હતો, કે રખેને મારી ચાલ આડી અવળી થઇ જાય. તેવામાં મધુપ્રસાદને મ્હારી પાછળથી કોઇએ બોલાવ્યા, તે પાછા વળ્યા. હું ઉભો રહ્યો એટલે મને " તમે જાઓ હું આવું છું " કહી, તે બોલાવનાર મનુષ્ય પાસે ગયા. હું બંગલાના દરવાજા તરફ ચાલ્યો. ચર્ણમાં ચંચળતા આવી, મંદગતી ઉડી ગઇ. દરવાજામાં પેસતાંજ બંનેના સ્મિત વદનમાંથી અમૃતનું એક ઝરણું પડયું. " આવ્યા ? ખુશી તો ખરા ? "

" હા તમારાં માતુશ્રીની તબીયત કેમ છે ?"

" ઘણું સારૂં છે. " બકુલે કહ્યું. કુંદન શરમાવા લાગી. પૂર્ણચંદ્ર મધ્યસ્થ આવતાં સાગર છલકાઇ

જાય, તેમ નુતન રસભરીત પ્રેમોર્મીનો અર્ણવ ઉભરાઇ જવા લાગ્યો.

અમે સર્વે વચલા ખંડમાં ગયાં. એક ખુણામાં એક બાજુ મોટો પીતળનો પલંગ પડયો હતો. બીજા ખુણામાં મોટો કબાટ હતો. વચ્ચે મોટું લંબગોળ આરસનું ટેબલ પડયું હતું. તેના ફરતી દશેક ખુરશીઓ ગોઠવેલી પડી હતી. ઉપર છતમાં એક બીલોરી કાચનું ઝગઝગતું ઝુમર ટાંગ્યું હતું. એક તરફ પીતળના છડાવાળી પીતળના પતરાથી જડેલી ખાટ હતી. એક બાજુ મોટો સોફા હતો, તેની જોડમાં પણ ચારપાંચ ખુરશીઓ પડી હતી. “ બેસો આંહી બેસો ” ના બકુલના અવાજથી હું સોફા ઉપર બેઠો. એટલામાંજ મધુપ્રસાદ આવ્યા. “ ઇંદ્રમણી આંહી આવો, ” એમ કહી તે ટેબલ પાસે ખુરશીએ બેઠા. હું સોફા ઉપરથી ઉઠયો, ટેબલ પાસે તેમની જોડની ખુરશીપર બેઠો. બકુલ મારા સામેની ખુરશી પર બેઠી. કુંદન અંદર ચાલી ગઇ. ચિત્ત પણ તેના રસ્તે રસ્તે ગયું. હું કુંદનને બેસવાનું કહેવા જતો હતો, પણ અટકી પડયો. એક તરફ પ્રેમ અને એક તરફ વડીલની મર્યાદા, એ બે વચ્ચે હું લટકાયો. જ્યાંસુધી સંબંધની વાત ન થઇ હોય, ત્યાંસુધી વડીલની રૂબરૂ જેટલી છુટથી અને જેટલા આનંદથી વાતચીત થાય છે, તેટલી છુટ, સબંધ થવાનો છે, એમ જાણ્યા પછી, મળતી નથી. આનંદની ઉર્મીઓને

હૃદયમાં રાખવી પડે છે, અને જરૂરજોગીજ બહાર કહાડવી પડે છે. જોકે મધુપ્રસાદે મને મ્હારા સબંધ વિષે કાગળમાં જણાવ્યું નહોતું છતાં, વળી સબંધની વાત હું જાણું છું, એમ તે જાણતા પણ નહીં હશે છતાં, હમણા અમને બંનેને ખુલ્લી રીતે વાતચીત કરવામાં ક્ષોભ જણાવા લાગ્યો. કારણકે કુંદને મને પોતાના કાગળમાંતો જણાવ્યું હતું, કે આપણે બંને હવે એક થયાં છીએ. અને તેથીજ મારે ભવિષ્યના, અરે કહો કે બે ઘડી પછીનાજ મ્હારા થનાર સસરાની રૂબરૂ મ્હારે કેવી રીતે વર્તવું જોઈએ. આબરૂ અને માનની મર્યાદાએ મને તેમ કરતાં થોભાવ્યો. વાર્તાલાપથી થતા આનંદને અટકાવ્યો. પલ્લાસરમાં રાત્રે જમતી વખતે જે આનંદથી અમે બોલતાં હતાં, તે સમય અત્યારે નથી. અત્યારે તો માત્ર આંખે આંખની સાથેજ વાત કરી લીધી. અને તે પણ કોઈ ન જાણે તેમ ઘણીજ ગુપ્ત રીતે. મ્હોડાને જાણે પ્રેમાલાપનું પાન કરવામાં તાળું દેવાયું. કુંદનની આંખના ખુણાએ મ્હારા હૃદયને જાણે અંધારામાંથી ઉપાડી લીધું. લઈને ચાલી ગઈ. અંદરથી ચાહનાસ્તો મેવો વિગેરે આવ્યું. અમે ત્રણે જણાએ સાથેજ સ્વીકાર્યું. એટલામાં યશલક્ષ્મી કુંદનનાં માતુશ્રી આવ્યાં અને સામેના સોફા ઉપર બેઠાં. મને કુશળ સમાચાર પુછયા, જેના મેં વિનયપૂર્વક ઘટીત ઉત્તર આપ્યા.

" કેમ ત્યારે હમણાંજ બોલાવું ના ? " મધુપ્રસાદે યશલક્ષ્મીને પુછયું.

" હાજતો વળી ધરમના કામને ઢીલ શી ? " યશલક્ષ્મીએ જવાબ દીધો.

" હમણાંજ માણસ મોકલો. " બકુલે ઉમેર્યું. " ચાલો જલ્દી કરો. "

બકુલ ઉઠી, અમે સર્વે ઉઠયાં. મને ત્યાંજ બેસવાનું કહી, મધુપ્રસાદ વિગેરે બીજા ખંડમાં ગયાં. અનુમાનથી મેં કલ્પના કરી, કે મ્હારા સંબંધ માટેજ આ તૈયારી થાય છે. હું તો કુંદનની માર્ગ પ્રતિક્ષા કરતોજ બેઠો હતો, ત્યાંતો બકુલ કુંદનનો હાથ ઝાલીને આવતી જણાઇ. કુંદન જરા શરમાતી હોય, તેવો તેના મ્હોડા ઉપરનો ભાવ જણાવી આપતો હતો.

" લ્યો, આ અધિકારીણીનો અધિકાર યથોચિત સાચવજો, સત્કાર સારો કરજો. " બકુલે કુંદનનો હાથ મારા હાથમાં આપતાં કહ્યું. અમને બંનેને શરીરે તિવ્ર રોમાંચ થયો. અરસપરસ કરાંગુલીઓમાં વિજળીનો આવિર્ભાવ ઉત્પન્ન થયો. હાથ, પગ, હૃદય, સર્વ કંપિત થયું. બાળા મારી છાતી સરસી અડોઅડ, પણ પડખું દઇ શરમાતી શરમાતી, સ્મિત વદને નિચું જોતી ત્રાંસી આંખે આંખ મિલાવવા યત્ન કરતી ઉભીજ રહી. મ્હારી રગેરગે પ્રેમનો નિશો પુરેપુરો ચડી ગયો. અનહદ આનંદમાં ઝુલવા લાગ્યો. બકુલને ઉચિત ઉત્તર આપવાનું ભાન પણ ભુલી ગયો.

" જવાબ આપોને, કેમ બોલતા નથી ? હું

જાઉં ના હવે ? ” બકુલે મને મ્હારી પ્રેમનિદ્રા-માંથી જગાડયો અને મશ્કરીમાંજ કહ્યું.

“ મ્હારી રજા શા માટે લ્યો છો, તમારી સખીને પુછો. તમને રજા આપવાની શું મ્હારી તાકાદ છે ? ” મેં વિવેકથી કહ્યું.

કુંદન ખસી. આંગળીઓને છુટા થવામાં પરિશ્રમ પડવા લાગ્યો. માંડ માંડ પરાણે સરી ગઇ, છુટી થઇ. કુંદને બકુલનો હાથ પકડયો.

“ કયાં જવાની છે, આપણને એકલાં છોડીને ? ” કુંદને કહ્યું.

“ મ્હારો ચાર્જ મેં તો હવે આજથી ઇંદ્રમણીને સોંપ્યો. એ આવ્યા, હું છુટી. ત્હારૂં કારભારૂં એ કરશે. ” બકુલે કહ્યું.

“ પણ મ્હારી કારભારી તો તુંજ છે, ત્હારાથી છુટું થવાય તેમ નથી. ” કુંદને કહ્યું.

“ ખરૂં. ‘ ત્હારાથી છુટાય તેમ નથી,’ એ વાકયનું મનન કરજે; કદાપી તુંજ મને છોડીશ તો ? ” બકુલે કહ્યું.

“ તે જન્માંતરે પણ નહીં બને. ”

“ બનશે. તારે છોડવીજ પડશે, મારે છુટું થ-વુંજ પડશે. ”

“ પણ હું તને છોડીશ તો ના ! અમારા સ્ને-હથી છુટવું તને સાલશે. ”

"હા મને સાલશે તો ખરૂં, પણ નિરૂપાયે તે સહન કરી લેવું પડશે."

"નહી તેવો સમય પ્રભુ નજ આપે."

"તેમના તરફથી કહે છે, કે તારા તરફથી ?"

"મારા અને એમના બન્નેના તરફથી." ભોળી બાળાએ ભોળપણુમાંજ લુચ્ચી બકુલના હાથમાં તાળી આપતાં વચન આપ્યું.

"જુઓ ઇંદ્રમણી, સાંભળ્યું કે ? સાક્ષી રહેજો." બકુલે પોતાની ચુકતીમાંજ કહ્યું.

"તમારા બંનેની વચમાં મારે શું કામ—"

બહારથી સાદ આવ્યો. મને આગળ બોલતાં અટકાવ્યો, એક ચાકરડી આવી અમને લઇ ગઇ. અમે બીજા ખંડના દાદર ઉપર ધીમે ધીમે ચડવા લાગ્યાં. કુંદન પોતાના વચનમાં કાંઇ ભ્હેમાઇ હોય, બકુલના શબ્દોમાં કાંઇક શંકાયુક્ત વિચારે ચડી હોય, તેમ તેના મ્હોં ઉપરનો રંગ કહી આપતો હતો. કુંદન પાછી વળી, બકુલ પાછળ ગઇ, હું મેડી પર ગયો. દિવાલની લગોલગ એક ગાદી સ્વચ્છ ઓછાડવાળી પાથરેલી પડી હતી. તેનાપર મધુપ્રસાદ બેઠા હતા. સામે ગોર બેઠો હતો. તેના હાથમાં એક રૂપાની અડાળી હતી, તેમાં કંકાવટી, ચોખા તથા શ્રીફળ વિગેરે હતાં. હું મધુપ્રસાદની જોડે ગાદી ઉપર બેઠો. ટુંકામાં મને ચાંલ્લો થયો. કુંદન હવેથી ખરેખર મ્હારી થઈ. હું આનંદના શિખર ઉપર ફરવા લાગ્યો.

તરંગ ૯ મો.

કુસુમ સાથે કંટક.

મર્યાદ સાગર મુકી ઉભરાઇ જાતો,
નેવે પ્રવાહ નિરનો ફરિ આભ જાતો;
ધાર્યું ન ધાર્યું ન દિઠું દિઠું નેત્રથી આ,
કાંટા જણાય બહુ કોમળ માલતીમાં.

મારો સબંધ કુંદન સાથે થયો. અણધાર્યો થયો. આનંદની અવધી! આઃહા! પણ " ન જાણે જાનકી નાથ પ્રભાતે કિં ભવિષ્યતિ." આજે તો આનંદ છે, પણ કાલે શું થશે! અરે કાલે તો શું, પણ આજે અત્યારે બે ઘડી પછી શું થશે! એવા વિચારો આનંદના શિખરપર ઉડતા. વિચરતા, મન પંખીના મસ્તિક પ્રદેશમાં જરા પણ જતા નથી. અને તેથીજ તે મોહના અલ્પ અસ્તિત્વની છાયામાં આવી, આનંદના આવરણમાં ઉછ્રંકલ થઇ અજ્ઞાનના અંધારામાંજ કાંટાને ફુલ માની બેસે છે. તેમાંથી ઝરતા રસમાં તલ્લીન બને છે, ગુલતાન કરે છે. હર્ષના વાયરા વડે વમળ ખાતા વંટોળીયામાં અદ્ધરને અદ્ધર ઉડયેજ જાય છે. પણ કાળે કરીને તે વંટોળીયો, પળ વિપળમાં વિલીન થતાં, તે પૃથ્વી ઉપર પછડાય છે; તે વખતે આનંદને બદલે અફસોસીનાં આંસુનો પ્રવાહ ચાલે છે. નિશ્વાસપર નિશ્વાસ નીકળે છે.

અરેરે ! દૈવની અગમ્ય ઇચ્છાને કોણ જાણી શક્યું છે?

મારો આનંદ અપાર હતો, મારો હર્ષ નિઃસિમ હતો. હું સર્વ વાતે સુખનાજ સાગરમાં તરતો હતો. હા ! પણ શું તે માત્ર બે ઘડીને માટેજ હતું ? સુગંધી પુષ્પ ચુંટયું, તો શું તેની પાછળ કાંટાજ વળગ્યા આવ્યા ?

મ્હારો સબંધ થયાને આજે બીજો દીવસ હતો. અત્રે સર્વેની સાથેજ હું પદ્માસર જવાનો હોવાથીજ રોકાયો હતો. વિશેષ તો કુંદનના પ્રેમનું અમૃત પીવાને રોકાયો હતો,

ઉભય પ્રેમી યુગલને થયેલી અનુકુળતાથી કેટલો અસિમ આનંદ થવો જોઇએ, તે તે અનુભવમાં આવેલાનેજ ખાત્રી હોય છે. અને એજ આનંદની લ્હાણુ લેવા દેવા ઉભય પળમાત્રપણુ વિખુટાં પડતાં નથી. પણ કોણ જાણે આજે સવારની ઘડી પળ કેવી ઉગી હતી, કે અદ્યપી પણ વ્હાલીનું હસતું વદન મેં જોયુંજ નહીં. હું અને તે એકજ ઘરમાં અત્યારે હતાં, છતાં પણ હું તો તેનાં સ્નેહપૂર્ણ ચક્ષુઓને નિહાળવા યત્ન કરતોજ રહ્યો. હજુ પણ કેમ મને મળતી નથી ! શું વડીલની એવી આજ્ઞા હશે ! હા, હિંદુગ્રહ સંસારમાં સ્નેહ છે, છતાં મર્યાદા છે. શુદ્ધ પ્રેમ છે, છતાં શરમ છે.

પણુ નહીં, તે મર્યાદા અને શરમની પણુ મર્યાદા હોય છે. અને તે ત્યાંસુધી ટકે છે, કે જ્યાંસુધી વડીલની ઘરમાં હાજરી હોય છે. હાજરી હોય છે, છતાં પણુ ઉભય પ્રેમી અરસપરસ આંખો મેળવવા, અનેક યત્ને રસ્તો શોધી કહાડે છે. એટલે છેવટ આંખ વડેજ મળી અમૃત પાન કરી લે છે. સુખી સંયોગ માની લે છે. અરેરે ! હજુ પણુ રાત્રી પડતાં સુધીમાં નયને નયન જોયાંજ નહીં. મિલાપ થયોજ નહીં. તરસ્યાં નયન તરસ્યાંજ રહ્યાં. શું હશે ! એવા વિચારના વાતાવરણુમાં અનેક સવાલ જવાબ થવા લાગ્યા. વિટંબનામાં હ્રુદય વેગવડે વિટળાયું. દીલ કચરાવા લાગ્યું. બેચેન અવસ્થાથી મસ્તિકમાં વેગ આવવા લાગ્યા. રાત્રાના ભોજનની ના પાડી, હું માળપર આવ્યો. ક્યાંઇથી પણુ તે પ્રેમ પ્રતિમાની પ્રતિભાનું એકપણુ કિરણુ ચળકાટ મારતું ન જણુાયું. સ્થિર સ્તબ્ધ ચિત્તે વિચારગ્રસ્ત, દિપક જ્યોતી તરફ એકી ટશે નિહાળતો, મુઢ બનેલો હું પલંગ પાસે ઉભોજ રહ્યો. એટલામાં તો જોડેના ઓરડામાંથી કાંઇક અવાજ આવ્યો. અર્ધબંધ કમાડ આગળ મેં આતુરતા વડે કાન માંડયા.

“ મ્હારો શ્રમ નહોત, તો ત્હારૂં કાર્ય અને ત્હારી ધારણા ધુળ મળી જાત. સમજી ? ”

“ ત્યારે શું તું તેનો આવી ગેરરીતે બદલો લેવા

માગે છે ? ત્હારે તો તેમને ત્હારા ભાઇજ જાણુવા જોઇએ.”

“તેમજ જાણુતી હતી, પણ ત્હારા વચનથી તે પલટાઇ ગયું.”

“મ્હારૂં વચન ? ત્હારા સમજવામાં ભુલ છે. મ્હારૂં વચન, ત્હારા મ્હારા અને તેમના વચ્ચેના શુદ્ધ સ્નેહને અંગેજ હતું. નહીં કે ત્હારા પાપી વિચારોને પુષ્ટી આપવા માટેજ. મ્હારા ભોળપણે ત્હારા હૃદયનો આવો અયુક્ત મર્મ નહોતો જાણ્યો. બકુલ, ત્હારો વિચાર અને ત્હારાં વેણ શું એક લાયક અને નીતિમાન સ્રીને છાજતાં છે ? શું ત્હારે માથે ધણી નથી ?”

“ના નથી. તે બુઢાને માત્ર આ હાથજ પરણ્યો છે, તે પણ નામનોજ પરણ્યો છે. શરીર અને હૃદય તો હજુ કુંવારાંજ છે. આજ ચાર પાંચ વરસ થયાં તેની સાથે વાતચીતનો મ્હારે મુદ્દલ પ્રસંગ પણ પડયો નથી. હું તેના સંસર્ગમાં આવીજ નથી. કહે હવે તે મ્હારૂં પરણેતર સત્ય કહેવાય ખરૂં ?”

“તું ત્હારા મનમાં ગમે તેમ ધાર, પણ એક વખત દુનિયાની નજરે તું તેની કહેવાઇ ચુકી છે.”

“એટલે ? દુનિયા મને તેની કહે છે તેથી શું ? દુનિયા મ્હારૂં હૃદય તેના હૃદય સાથે સંલગ્ન કરવા શક્તિમાન છે ? બાપાએ મારો હાથ તે ડોસાના

હાથમાં સોંપ્યો, પણ મ્હારૂં હૃદય શું તે સોંપી શકયા છે ? નહીંજ. ત્યારે પછી હું તેની સ્ત્રી કેવી રીતે થઇ શકું ? પિતાએ પોતાનો સ્વાર્થ સાધવા માટે પોતાની પુત્રીનો સ્વાર્થ સળગાવી નથી નાંખ્યો શું ? હું તો એમજ સમજું છું કે પિતાએ પુત્રી તરીકેજ મ્હારૂં પાલન તે બુઢાના હાથે થવા માટેજ મને સોંપી છે, એટલેકે તે બુઢાએ પોતાને સંતાન નહીં હોવાથી મને વેચાતી લીધી છે. અરે કહે કે પોતાનો વંશ રાખવા દીકરો વેચાતો ન મળતો હોવાથી, મને દીકરી તરીકે વેચાણ રાખી છે. અને હું પણ હજુ સુધી કુમારી અવસ્થા ભોગવતી તેની દીકરીજ છું. દુનિયા ભલે મને તેની કુળવધુ સમજે, તેથી શું હું કાંઇ તેની સ્ત્રી થઈ? નહીંજ. ઘરનો માલીક પોતાની ઇચ્છાનુસાર ગાય, ભેંસ, ઘોડા, બળદ વિગેરે પશુ, અને મેના, પોપટ વીગેરે પક્ષીને વેચાણ રાખી, તેમનું જેમ પુત્ર પુત્રીની પેઠે પાલન કરે છે, તેમ મને પણ તેવાં પશુ પક્ષીની પેઠે પાલન કરવાજ વેચાણ રાખી છે. કોઇમાં સ્વાર્થ ન સધાયો અને તેને જેમ કહાડી મુકવામાં આવે તેમ હું પણ ત્યાંથી નિકળી ચુકી છું. અને તેથી તે મ્હારૂં ખરૂં પરણેતર નથીજ. શરીર પરણ્યું, પણ કાંઇ હૃદય પરણ્યું છે ?”

“ અરે પણ ત્હેં સુર્ય અને અગ્નિની સાક્ષીએ જવ તલ હોમ્યા. એક ગ્રહ સ્ત્રી તરીકે ત્હારો હાથ

તેના હાથમાં સોંપી, તું આવાં અઘટિત વચનો ઉચ્ચારે છે, તે વિશ્વાસઘાતનું મહા પાપ નહીં તો બીજું શું!"

"અલબત મને વિશ્વાસઘાતનું મહા પાપ વળગવું જોઇએ, પણ એક અણુસમજું ન્હાનું બાળક, કે જેને પાપકર્મ એ શી વસ્તુ છે, એનું ભાન પણ નથી, તેના હાથમાં કાંઇક ખાવાની વસ્તુ આપી, લલચાવી ફોસલાવી, તેના હાથથી કાંઇક પાપકર્મ કરાવો, તો તેનો જવાબદાર શું તે બચ્ચું થશે? તે થયેલ પાપનો બોજો શું તે બાળક ઉપર પડશે? નહીંજ. એક હથીયાર વડે કોઈ જીવની હિંસા કરો, તો તેથી શું તે હથીઆરને શીર તેનું જોખમ રહે છે? જેવું હથીઆર જડ છે, તેવુંજ અજ્ઞાન બાળક ચૈતન્યવાળું છતાં જડ પદાર્થ જેવું છે. કારણકે તેને તેના હાથથી કરાવેલ કાર્યની કાંઇ ખબર હોતી નથી. તો પછી તે કાર્યના સારા માઠા પરિણામની તેને શી ખબર હોય. તમે પાપ કરાવો, તો તેના જવાબદાર તમેજ છો. નહીં કે તે નાનું બચ્ચું. બાપના ખોળામાં હસતું રમતું બાળક, બાપની લાંબી લાંબી મુછો જોઇ, કદાચ તે તાણે, અગર કોઇના શિખવવાથી પોતાની તોતળી વાણીમાં પિતાને ગાળ પણ કદાચ દે, તો શું તેથી તે અણુસમજુ બાળક ઉપર બાપ રોશે ભરાશે? તેને બળતા અગ્નિમાં ફેંકી દેશે? નહીંજ. ત્યારે હવે હું કે જે એક દશ વર્ષની અજ્ઞાન બાળકી, વિવાહ તે શી વસ્તુ છે, એ નહીં જાણનારી, પવિત્ર અગ્નિની સમક્ષ લેવાતી

પ્રતિજ્ઞાઓ કાંઇ પદાર્થ કહેવાય છે, કે કાંઇ ખાવા-
ની વસ્તુ કહેવાય છે, કે પછી તે પીવાની વસ્તુ છે,
એનું જેને ભાન નહોતું એવી, અને આવી ઇશ્વરી
આજ્ઞાઓના જ્ઞાનથી રહીત, સંસાર શું છે, તે નહીં
જાણનારીને હાથે, જેમાં વિશ્વાસઘાતનું પાપકર્મ
રહેલ છે, અને જેથી રૌરૌ નર્કનો રસ્તો બતા-
વનારૂં ઘોર કાર્ય થાય છે, તે કાર્ય કરાવવા, હથી-
આર રૂપ બનાવી, તેણીને થતા પાપકર્મને માટે જવાબ
દાર ગણવામાં આવે, તે શું વ્યાજબી છે? વળી મને
શિખામણ આપવા, ડાહી ડાહી વાતો ચલાવો છો,
તે માત્ર ધુળ ઉપર લીંપણ કરવા જેવું છે. ખોટી
વાત અણસમજુને સમજાવવી રહેલ છે, પણ સમ-
જદારને તે સમજાવવી મુશ્કેલ છે, મારા ભવિષ્યના
સંસાર સુખને માટે મને ખોટી ખાત્રી આપનાર, ખોટો
વિશ્વાસ બેસાડનાર, મારો હાથ આપનાર તથા લેનાર,
બંને પૂર્ણ વિશ્વાસઘાતી છે. ઘોરતમ નર્કના અધિકારી
છે. સંસાર સુખને સમજનારી કોઇ પણ ગરીબ કે
તવંગર, ઉંચ કે નિચ જ્ઞાતીની વયે આવેલી બાળાનું
સંસાર સુખ સળગાવી નાંખવા ધારશો, તો શું તે
બાળા જાણતા છતાં સળગવા દેશે ? નહીંજ. જે
માતાપિતાએ પોતાના સ્વાર્થને માટે પોતાની પુત્રીનું
બળીદાન આપ્યું છે, પુત્રી પ્રત્યેના વાત્સલ્ય પ્રેમની
આહુતિ આપી છે, તેમને વિશ્વાસઘાતનું પાપતો વ-
ળગેલુંજ છે. તદુપરાંત બાળહત્યા, ગૌહત્યા, અને

સ્રીહત્યાનાં મહા મહા ઘોર પાતકો, કે જેને જોઇ, નર્ક પણ કંપી ઉઠે, તે તેમણે વ્હોરી લીધાં છે. વળી તે દીકરીના હાથે થતાં અન્ય પાપો તેમને શિરજ ચોંટે છે. કારણકે તેઓએ આવું અઘટતું કાર્ય જાણી જોઇને શા માટે કર્યું? અરેરે! આવાં માબાપ હોય, તે કરતાં ન હોય, તે સારૂં. અગર આવાં માબાપને ત્યાં દીકરીનો જન્મજ ન થતો હોત, તો કેવું સારૂં. પ્રભુ કરે, ને આ બુઢાનો આત્મા દેહમુક્ત થાય, તો એક પિતાના મરણ પાછળ, પુત્રીએ જેમ રડવું જોઇએ, તેમ તો નહીં, પણ તેની દુર્દશાનેજ માટે હું તો માત્ર બે ચારેક આંસુજ પાડીશ. જગતની નજરે વિધવા થઇશ."

"અફસોસ! બકુલ, તું ખરેખર ઉદ્ધત છે, અજ્ઞાન છે. સ્રી સન્માન, ગ્રહિણી ગૌરવને સમજતીજ નથી. સ્રીનાં કર્તવ્ય કર્મની ભૂમિકાથી કરોડો કોશ છેટે છે. તું થોડું ઘણું ગુજરાતી અને થોડું અંગ્રેજી ભણી, તેથી તું આવું અણછાજતું ઉચ્ચારે છે. ચાલતી સ્રી કેળવણીની વિદ્યાનોજ આ પ્રતાપ છે. પતી ગમે તેવો હોય, ભલે કાણો, કુબડો, લુલો લંગડો, રોગી, દુષ્ટ, કુષ્ટી, નિર્લજ, કામી, ઉડાઉ, અને ગરીબમાં પણ ગરીબ હોય, તોપણ તેનું આદરપૂર્વક સન્માન કરનારી, તેની આજ્ઞાને શિરપર ધરનારી સ્રી, સતીના મહીમાને વધારનારી, જગતમાં સર્વોપરી સત્તાનેજ પ્રાપ્ત કરે છે. પરભવનાં ત્હારાં સંચિત પ્રમાણે પિતાની બુદ્ધિ એવીજ થઇ, અને તને ઉંડા કુવામાં ધકેલી

દીધી, પરંતુ તેમાંથી તરીને બહાર નીકળી, સુખરૂપ સંસાર ચલાવનારી તું થા, તો તને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. સ્ત્રીનું કર્તવ્ય શું છે, તે જો સમજે, તો તું ત્હારો સંસાર સુધારી શકે તેમ છે. બગાડવું અને સુધારવું, બંને કાર્ય ત્હારાજ હાથમાં છે. અણુગમતું ગમતું કરવામાં જે મહત્વ સમાયું છે, તે મહત્વને પ્રાપ્ત કરનારી ત્રિલોકને જીતે છે."

"ખરૂં છે, પરંતુ જ્યાં પ્રેમનું પડવું અસંભવીત હોય, તેવા અસ્થાને કોઇ પાડવા યત્ન કરે, તો તેથી શું પરિણામ આવે? મરૂભૂમિ, કે જ્યાં જળનો શેષમાત્ર નથી, ત્યાં ગુલાબ કે માલતીના રોપા ઉગાડનાર, અને તેમાંથી પુલની આશા રાખનાર મનુષ્ય શું મુર્ખ નથી?"

"પણ તે વાવ્યા પ્હેલાં વાવનાર મનુષ્ય, યત્ન વડે ગમે ત્યાંથી પાણી લાવી સીંચી, તેને ઉછેરી શકે છે."

"પણ તે થોડા સમયને માટેજ. નિરંતરનો પરિશ્રમ, આવો ન છાજતો ઉદ્યોગ, તેને પરિણામે કંટાળોજ આપે છે. અને અંતે તે વાવેલો રોપો બિચારો બળીને ખાખ થઇ જાય છે."

"ત્હેં સતીઓના અનેક દાખલા વાંચ્યા હશે. સતી સ્ત્રીઓ પલમાત્રમાં શું કરી શકે છે, તે તું જાણે છે? બ્રહ્માંડને પોતાના હાથમાં એક આમળાના

ફુળની માફક ધારણ કરી શકે છે. સતીઓને કાંઈપણ સાધ્ય નથી, એમ નથી. આ સંસાર તો શું, પણ સ્વર્ગલોક અને પાતાળ પણ તેનાથી અજ્ઞાત રહેતાં નથી. ત્રણ ભૂવનના શણગાર રૂપ સતી આ ક્ષણીક સંસારના સુખને આળપંપાળ સમજે છે. સર્વ સુખના ભંડાર તેના ચર્ણતળે અથડાય છે, સ્ત્રી પોતાના મૃત્યુવશ સ્વામીને પોતાના સતીત્વના પ્રભાવે સજીવન કરી શકે છે, બુઢાને નવયૌવન આપી શકે છે, આયુષ્ય લંબાવી શકે છે. સતી શીયળવતીને કાંઈપણ સુખ અપ્રાપ્ત છે, એમ નથી."

" વારૂ, તું જ્યારે આટલો બધો શિયળનો, સતીત્વનો મહીમા સમજે છે, સ્ત્રી કર્તવ્ય કર્મને ઓળખે છે, તો પછી તારે રાગ વિરાગ રાખવો, એ અનુચિત છે. હું ત્હારી બ્હેન ત્હારા ભાણામાં ત્હારી સાથેજ જમવા બેસું, તો ત્હારે શું મને અટકાવવી એ યોગ્ય છે ? તું હું બંને બ્હેનો છીએ, ત્હારૂં મ્હારૂં લોહી એક છે. તદુપરાંત તું ને હુંમાં અન્યો અન્ય પૂર્ણ પ્રીતિ જામી રહેલી છે. આપણે અરસપરસ એક મેકનાં હૃદય એકજ સમજીએ છીએ, તો શું તે સમજવું, અને આવી પ્રીતિ ધુળ સમાન છે ? તું જે કર્તવ્ય કરે છે, તે હું કરૂં છું. તું જેમ ચાલે છે, તેમ હું પણ ચાલું છું. સર્વ વાતે આપણ બંને એકમેકને અનુકુળ છીએ; તો પછી તું જેને ચાહે, તેને હું કેમ ન ચાહી શકું ? અને તે મ્હારી ચાહનામાં

ત્હારે શામાટે વચ્ચે આવવું જોઇએ? શામાટે મને અટકાવવી જોઇએ? જ્યાં બન્ને નદીઓનો પ્રવાહ એક સાથેજ વહે છે, તો પછી બંનેનું વલણ કેવી રીતે અલગ થઇ શકે? ગંગાને યમુના મળ્યા પછી કયાંઇ જુદી પડી સાંભળી છે? નહીંજ. હું જન્મથીજ ત્હારી સાથે સ્નેહગ્રંથીથી સજ્જડ બંધાઇ ચુકી છું. વળી તું સ્ત્રી મહીમાના શ્રેષ્ટ જ્ઞાનની સાતમી ભૂમિકાએ પ્હોંચી ચુકી છે, ત્યારે ત્હારા વર્તન પ્રમાણે મ્હારૂં વર્તન થાય, તેમાં ત્હારે દ્વેષનું આરોપણ શા માટે કરવું જોઇએ? સૃષ્ટિના નિયમ પ્રમાણે બંને પ્રેમી બ્હેનોનું વલણ એક તરફજ રહેવું જોઇએ. તે વલણમાં જરા પણ ફેરફાર થાય, તોપછી પ્રીતિમાં બાધ આવે. અને પછી તે પ્રીતિ હૃદયની નહીં પણ ઉપલક પ્રીતિજ કહેવાય. એવી પ્રીતિ જો તું રાખવાવાળી હોય, તો ત્હારેને મ્હારે શું રહ્યું?"

"અલબત બ્હેન, તું અત્યારે મ્હારી પેઠે કુંવારીજ હોત, અને આ પ્રમાણેજ તું તેમને ચાહતી હોત, તો પ્હેલ બ્હેલાં ત્હારો હાથ તેમના હાથમાં આપી, પછી મ્હારો હાથ હું આપત. પણ જ્યારે ત્હારો હાથ બીજાને સોંપાઇ ગયો છે, ત્યારે હું શું કરી શકવાને શક્તિમાન છું? કદાચ ધાર, કે હું તેમ કરી શકું, પણ પ્રથમ એજ સવાલ ઉઠે છે, કે તું જેનાપર આટલી બધી ચાહના રાખે છે,

તે શું તને ચાહશે ખરા ? ”

“ હા ચાહશે. ત્હારી મરજી હોય તો. ”

“ મ્હારી મરજી થશે. પણ શું તે દુનિયાની નજરે કલંકિત થવામાં હૃદયને સંકુચિત નહીં કરે ? અને હું આવા પાપી કાર્યમાં ઉદ્યુકત છું, એમ ધારી, મ્હારા પ્રેમમાં શંકાસ્પદ કારણને નહીં આરોપે ? શું તે મ્હારી નીતિને બાધિત નહીં ગણે ? ”

વાર્તા ધીમી પડી. અવાજ બંધ થયો. દાદર ઉપરથી ઉતરવાનાં પગલાંનો અવાજ સંભળાયો. મ્હારી કુંદન આજે મ્હારી નજરે ન ચડી, તેનું કારણ હવે હું સમજ્યો. હા ! હવેજ સમજાયું, કે કુમળાં પુષ્પ સાથે કાંટા પણ વળગ્યા આવે છે. !



તરંગ ૧૦ મો.

ઇર્ષ્યાની આગનો ભડકો.

તારલા સમ ચળકતો મણી પકડતાં દરીએ પડયો,
હું ચાહું તેના મર્ણનો પોકાર આ કાને પડયો;
શરબત તણો પ્યાલો પીતાં હોઠેથી તે હેઠે પડયો,
નિશાન તાકયું તો તમંચો દાગ દઈ ફાટી પડયો.

ગયાં, બન્ને ગયાં. હું તો આશ્ચર્યચકિત ભય નિરાશાના ભાર નિચે દબાયો, કચરાયો. મ્હારી છાતી ધબકવા લાગી. મ્હારા હૃદય ઉપર જાણે મોટો પત્થર પડયો હોય, તેમ જણાયું. વ્યાકુળ ચિત્ત મુંઝાવા લાગ્યું. રૂંવે રૂંવે શુળો ઘોંચી હોય, તેમ પીડા અધિકને અધિક થવા લાગી. ભવિષ્યનું સુખ મેળવવામાં મ્હારો પ્રેમ શું વંચિત થશે ! શુદ્ધ પ્રણય શું કલંકિત થશે ! અરે ! શું મ્હારી કુંદનને મ્હારે દગો આપવો ? નિષ્ઠુર બકુલને શું મ્હારા પ્રેમની બાંહ્યધરી આપી, કુંદનના હૃદયના સહસ્રધા કડકા કરૂં ? નહીં નહીં. કુમળી કુસુમ વેલને કુહાડા વતી કાપી, થોરના કાંટાને ગળે નહીં ઘાલું. ખિલતી નવ પલ્લવિત આમ્રમંજરીના પેટામાંથી પ્રસરતા પરિમળમાં પાવક નહીં મુકું. અમરફળ તજી, ઉપરથી સુંદિર જણાતા ઇંદ્રવારણાના ફળનું ગ્રહણ નહીં કરૂં. કંકુનો ચાંહ્લો ભુંસી, કપાળમાં કાજળવડે કાળું

લેપન નહીં કરૂં. પરંતુ, કુંદન મ્હારી પરિક્ષા તો નહીં કરતી હોય ! ભલે તેમ કરે, તેની મરજીમાં આવે, તેમ કરે. કદાચ મને તજી ભલે ચાલી જાય, તોપણુ તેના પ્રત્યેનો મ્હારો વિશુદ્ધ પ્રેમ રંચમાત્ર પણુ ઓછો નહીંજ થાય.

ઉલ્ફતકા મજા જબ કોઈ મર જાય તો જાય,
ય્હે દર્દેસર અયસા હય કે સર જાય તો જાય.

તેની પરિક્ષામાં હું પ્હેલે નંબર પસાર થઇશ. પ્રેમની પૂર્ણ ખાત્રી કરી બતાવીશ. એ મ્હારી કુંદન, ઉચ્ચ આશા, ઉચ્ચ ભાવનામય વિશુદ્ધ પ્રણુય સલિલની અબદ્ધ વહન થતી પરનાલિકા, મધુર પાન કરાવતી, પૂર્ણ પ્રેમ તેજરાશી રૂપે મ્હારાં ચક્ષુને દિવ્ય દર્શન આપનારી, મૃદુ મૃદુ પવનની લ્હેંકીઓ ઉપર હિંદોળા ખાનારી કોમળ કુસુમલતા, અરે આજ તને કેટલું દુઃખ થયું હશે ! કેટલું થતું હશે ! પાવસ રૂતુમાં ચડેલી મેઘમાળાને જોઇ, લીલી હરીયાળીથી ભરેલી જંગલની ભૂમિ ઉપર પોતાની સામે આનંદથી નૃત્ય કરતા મયુરને નિરખનારી, શું દાવાનળમાં આનંદ માનશે ? વસંત રૂતુમાં ખિલેલી મંજરીઓનાં નવાંકુરને ટોચી ટોચી મધુર સ્વાદ લેતી, પ્રફુલ્લ ચિત્ત વડે કલ્લોલ કરતી, પંચમ સુરના નાદ વડે પિયુ–પિયુ આલાપ કરનારી કોયેલ, પારાધીની જાળને શું પસંદ કરશે ? હાય ! મ્હારી ચંદ્રલેહાને ગળી જવા, આ કાળ રાત્રી, કાળી અંધકારમય રાત્રી કયાંથી આવી?

ઓ મ્હારી કુંદન, ત્હારા પ્રણય રોપાને આ કવા ક્યાંથી લાગ્યો ! અરેરે ! ત્હારા પ્રફુલ્લિત હૃદયને કેટલો બધો સંકોચ થતો હશે ! કેટલો બધો આઘાત થતો હશે !

જગતમાં એક તરફ પુષ્પોનો સ્વભાવ સુગંધીજ આપનારો હોય છે, તો બીજી તરફ કાંટાનો સ્વભાવ, રસ્તામાં ચાલતા મનુષ્યોને વાગવાનોજ હોય છે. એક તરફ સુશિક્ષિત સુજ્ઞબાળાઓ, બચપણમાં પોતાનાં માતાપિતાને અને પરણ્યા પછી પોતાના પતીને, પોતાના ગ્રહ સંસારને સદ્‌ગુણ વડે સુશોભિત કરે છે. વિશેષતઃ પડોશમાં રહેતા પાડોશીઓને, મહોલ્લાનાં વાસીઓને અને પોતાના ગામને ગુણ ગૌરવથી આંજી નાંખે છે ! ત્યાંથી આગળ વધી, પોતાની પ્રતિભાનાં કિરણો દેશ વિદેશમાં ફેલાવી, જગત સર્વને અજવાળામાં આણી, પરિણામે મહત્વની સર્વોપરી શ્રેષ્ટ સત્તાને હાથમાં ઉછાળે છે. તો બીજી તરફ આવી કાળા હૃદયની કુટીલ કામિનીઓ, કામજવરથી પીડાતી, પોતાના સંસર્ગમાં આવનારના હૃદયમાં અવળી મતીની ઉંડી છાપ સજ્જડ પાડી, બાહ્યાંતર કાજળનું લેપન કરી, અવનતીનાજ માર્ગે ઉતારી પાડે છે. જગત ઉપર ઘોર અંધકારનો વરસાદ વરસાવે છે. અરેરે ! અધમ આર્ય નારી, તારી આવી વિપરિત દશા ત્હારી આંખના દ્રષ્ટીબિંદુમાં ક્યારે ઓળખ આપશે ?

મ્હારી આંખમાં આંસુનો પ્રવાહ અતુટ વ્હેવા લાગ્યો. પગ ધ્રુજવા લાગ્યા. ઉભું નજ રહેવાયું. પાસેના પલંગ ઉપર પડયો, રડવા લાગ્યો. મ્હારા સુખના મિષ્ટ મધુરસમાં ઝેરનું આવાહન કરનાર, મ્હારી ભવિષ્યની ગ્રહિણીના કલેજામાં કંટકરૂપે ખુંચનાર, નિર્મળ પ્રેમના શિતળ પૂર્ણચંદ્રની આડે રાહુ થઇ પડનાર, ખિલેલી હરીયાળીમાં જવલંત આગનો ભડકો જગાવનાર બકુલને હું મનમાં ઉપરા ઉપરી હજારો ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યો. હૃદયથી ધિઃકારવા લાગ્યો. અરેરે ! પોતાનામાં સંતોષ નહીં માનનારીને પરથી સંતોષ શું મળે, ક્યાંથી મળે, ! ખરા ધણી પ્રત્યે ખુટલ થનારી, દગો દેનારી, અન્ય ઉપર આશક થનારી, એકને મુકી બીજાને, બીજાને મુકી ત્રીજાને અને એમ ઉત્તરોત્તર અનેકને નહીં ચાહે, તેની શી ખાત્રી, તેનો શું ભરોસો ? તે આજે મને ચાહે છે, તો કાલે બીજાને પણ ચાહતાં શીખશે. જેના હૃદયમાં સ્વામી પ્રત્યે ધર્મ, ફરજ કે વફામાં જરાપણ ન્યુનતા હોય છે, તે શું બીજાપ્રત્યે પ્રમાણિક રહી શકે છે? પતંગ રંગ, વર્ષાનાં વાદળાં, ચમકતી વીજળી અને તપેલા લોઢા ઉપર પડતા જળબિંદુના જેવો તેનો પ્રેમ શું અખંડીત રહી શકે છે ? અરે પણ તે પ્રેમ કહેવાયજ શાનો ? નિઃસ્વાર્થ અજર અમર વિશુધ્ધ પ્રેમ, અખંડ આનંદમય આત્મિય હોય છે. આત્માનું

જો મૃત્યુ થાય, તોજ તેનું મૃત્યુ થાય છે. દેહની બાહ્ય સુંદરતામાં લલચાઇ રહેલ સ્વાર પ્રેમ, તે પ્રેમ નહીં પણ ચંચળ મોહ, ક્ષણીકજ જેના હૃદયમાં તેની ઉંડી છાપ પડી છે, તેનું ! સ્થિરતા પામતુંજ નથી. પરિણામે તે નિચેને પગથીએ ઉતરતાં સર્વથી નિચેજ ઉતરી જાય દુનીયાના પગની ઠોકરે અથડાય છે. અંતે દુઃખ દર્દના દરિયામાં ડુબકાં ખાય છે. જરા મરણ પ્રેમની અખંડ જ્યોતી સ્વયં ઉદ્ભવ પામીને યુવાવસ્થામાંજ પ્રકાશી રમણ કરે છે. એ ભય : નિર્ભયનો કદીપણ લય થતોજ નથી. સ્થુળ ! સાથે સબંધ રાખનારો મોહ એક વખત પૂર્ણ : પામી, પલ માત્રમાં નાશ પામે છે, અને એજ ! વાસનાથી ભરેલો કામ કાળ રૂપજ છે. અવિદ તેને પ્રેમ, કહીનેજ સંબોધે છે. પરાઇ વસ્તુ ચોંટેલા મોહને પ્રેમ કહી પોકારે છે.

હા ! બકુલ, તારા કિંચિત્ પણ પરિચયમાં વાથી, તેં મ્હારી આવી અધમ દશા કરવા ધાર્યું જ્યારે તનેજ હું અનુકુળ થાઉં, તો મ્હારી તું અવનતી કરે !

ન ચાહે તેને તું ચાહે
ન ચાહે ચાહનારાને,
પડે સામે પુરે તરવા
પછી તો બુડવાનું છે.

હૃદયમાં ઉદ્ભવે જે જે
વચનમાં તે નહીં આવે,
કહ્યા દીધું ન કીધું તો
પછી શું પુછવાનું છે !
કટાક્ષે એકને મારે
બીજાને વેણથી મારે,
અવર આલિંગને મારે
બહુ શું બોલવાનું છે !
હૃદયનો રંગ નિરાળો
નયનનો રંગ નિરાળો
વચન ને કૃત્ય નિરાળાં
કમોતે મારવાનું છે.
કહીને કૈં ને કૈં કરવું
કરીને તેથી પણ ફરવું,
ફરી પાછું વળી ફરવું
વચન શું પાળવાનું છે ?

હા ! કાળની વિચિત્ર ઘટનાને કોણ જાણી શક્યું છે. ! અધુના વિદ્યાનો એવોજ વાયુ વ્હાયો છે, એવાજ જ્ઞાનની હવા પ્રચલિત થઇ છે, કે બાહ્ય શરીરને મોહક વસ્ત્રોથી શણગારવામાંજ, વાળની શોભાને સુંદીર બનાવવામાંજ મહત્વનું લક્ષણ રહેલું છે. પરંતુ જેટલો ઉમંગ અને જેટલી હોંશ, શરીરને રૂપાળું કરવા રાખવામાં આવે છે, તેટલો ઉમંગ અને તેટલી હોંશ, મન કહો, હૃદય કહો, ચિત્ત કહો, અંતર કહો, તેનેજ રૂપાળું કરવા રાખવામાં આવે, તો

આઃહા ! આ સૃષ્ટી કેટલી બધી સૌન્દર્યતાથી શોભી ઉઠે ! -

મ્હારી કુંદન, ગુણીયલ કુંદન, પવિત્રતાનો ભંડાર, સર્વ સદ્‌ગુણના શણગાર વડે શોભતી સુંદરતા, ત્હેં મ્હારા હૃદયના ઉચ્ચસ્થાનને પકડી, મ્હારા આત્મા ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કર્યું છે, તેને કોણ ઝુંટાવી લેવા શક્તિમાન છે. કોનામાં તાકાદ છે, કે તે પદથી તને દુર કરી શકે, પદભ્રષ્ટ કરી શકે. ખરેખર અનિતીમાન બકુલ પ્રત્યેનાં ત્હારાં ઉપદેશ વચનો મને ત્હારામાં ઇશ્વરત્વનો અનુભવ કરાવે છે. સર્વ સદ્‌ગુણના સત્વમય, તું સમર્થ ઇશ્વરી અંશાવતાર હોઇ, આ ઇંદ્રમણી તને દીલથી દુર કરવા સામર્થ્યવાન નથીજ. હું જે એક વખત તારો કહેવાયો છું, તે બીજા કોઇનો થવા હવે આ જગતમાં સરજાયોજ નથી. હું તો તને મ્હારા હૃદયની અધિષ્ઠાતા દેવીજ સમજું છું. તું ગમે તેમ મને સમજે. મ્હેં તો હવે મ્હારા હૃદયનું સામ્રાજ્ય તનેજ સોંપ્યું છે. દુનિયાનાં દ્વેષી લોકો ત્હારે અને મ્હારે માટે ભલે દ્વેષ રાખે, તો તેથી શું ત્હારો મ્હારો પ્રેમ ચલીત થશે ?

અત્યારે મ્હારી કુંદન શું કરતી હશે. તેના હૃદયમાં કેવા કેવા તરંગ ઉઠતા હશે ! જાઉં, તેની પાસે જાઉં. ક્યાં હશે, તપાસ કરૂં. પણ હજુ તો રાત્રીનો પ્હેલોજ પ્રહર હતો. હું ઉઠયો, ઓરડાના બારણાં

સુધી ગયો પણ ખરો. વળી વિચાર આવ્યો, કે જાઉં ? શું કહું ? શું પુછું ? આ ઘટનાનું શું તાત્પર્ય છે તે તપાસું ? ના, હમણાં વખત નથી. ઘરનાં સર્વ જાગતાં હશે, પછી વાત. રાત્રી મ્હારી છે. હું પાછો ફર્યો. ભય ક્રોધ અને દીલગીરીના મિશ્રિત વેગથી ઉછળતા હૃદયે આવી પલંગમાં પડયો—વળી ઉઠયો, ટેબલ ઉપર બળતા લેમ્પ પાસે ખુરશી ખેંચી બેઠો. એક કાગળ લીધો, લખવા બેઠો, લખવા માંડયું:—

અમારે ને તમારે શું
કહો કહેવા શું આવો છો ?
અમોમાં શું દીઠું એવું
તમે કહેવા શું આવો છો ?
તમે જે આપવા ચાહો
અમારે તે મનાઇ છે,
પછી લેવું કે દેવું શું
કહો દેવા શું આવો છો ?
તમે જ્યાં જ્યાં જુઓ છો જે
અમે તેને નથી જોતા,
પછી જોવાનું ક્યાં શું છે ?
તમે જોવા શું આવો છો ?
તમે જ્યાં જ્યાં રડો જ્યારે
અમે ખડખડ હસીં ત્યારે,
અમે રડીએ નહીં ત્યારે
તમે રડવા શું આવો છો ?
તમારૂં હાસ્ય જ્યાં હોયે
અમારૂં ત્યાંજ રડવું છે,

હસાવો તો નહીં હસીએ
પછી હસવા શું આવો છો ?
જમો છો જે તમે તેતો
અમે અગ્રાહ્ય કીધું છે,
પછી ખવરાવવું કેવું
કહો ખાવા શું આવો છો ?
તમારે જે જે પીવાનું
અમારે તે ન પીવાનું,
પછી પીવાનું તે કયાં છે?
તમે પાવા શું આવો છો ?

તમારો ને અમારો કયાં
નિરાળો મેળ મળવાનો,
કમળને ચંદ્રલેહા થઇ
ખિલાવાને શું આવો છો ?

નથી કોઇ આગમાં ભડકો
પતંગો ત્યાં જઇ પ્હોંચે,
ધુંવા ધુંધવાય ત્યાં આંખો
શું ચોળાવાને આવો છો ?

નથી અંગાર અગ્નીના
ચકોરો તે ચણી ખાયે,
પડેલા કોયલા કાળા
વીણાવાને શું આવો છો ?

ભલે બુલબુલ તમે થઇને
કહો સૈયાદ અમને તો,
નહીં સુણીએ જરી બુમો
સુણાવા શીદ આવો છો ?

નથી પરવા જ્યાં પોતાની
પછી પરવા શી બીજાની,
તમારે રાખવી પરવા
રખાવા કેમ આવો છો ?

મીઠા માનસ તણા તીરે
અમે આરામ કીધો છે,
તમો ખારૂં કરો પ્યારૂં
પછી પીવા શું આવો છો ?

અમારૂં દીલ જ્યાં ઠ્હાડયું
અમે તો ત્યાંજ ઠ્હાડીશું,
સદા વાસો વસીશું ત્યાં
તમે વસવા શું આવો છો ?

હૃદયમાં આવેલા ઉદ્‌ગારો એક પછી એક ચિતરી કહાડયા. કાગળ હાથથી ઉચક્યો, વાંચવા લાગ્યો, વાંચી રહ્યો, કે તુરત પાછળથી હાથ પડયો, કાગળ ઝડપાયો, હાથથી ગયો. હૃદયે સંપૂર્ણ નિશ્ચય કરી લખેલા પત્રને માટે, ગયો તો છો ગયો, એમ નિડર બનેલો હું ઝુંટાવી લેનારની સામે એક નિમિષ માત્રજ નજર નાંખી ખુરશી ઉપરથી ઉઠયો, પલંગ ઉપર જઇને બેઠો. કાગળ ઝુંટવી લેનારને ઓળખી લીધી. તે સામે આવી, બેધડક બોલવા લાગી:–

" અમારે ને તમારે શું, કહો કહેવા શું આવો છો ?
અમોમાં શું દીઠું એવું, તમે કહેવા શું આવો છો ?

વાહ વાહ! કવીતા તો બહુ સારી લખતાં જાણો છો! તમે કવી છો, એતો મ્હેં આજેજ જાણ્યું. ઇંદ્રમણી, આ જીંદગીમાં એકેવાર આવી કોઇ કવીતા રચી છે, કે આ પ્હેલવ્હેલીજ ? ”

મેં ઉત્તર નજ આપ્યો.

“ કેમ જવાબ નહીં આપો કે ? મ્હારા સમ કહો તો ખરા. કયાં સુધી અવાક રહેશો ? ”

“ કાર્ય વિના કારણ હોયજ નહીં. પ્રસંગ મળે ત્યારેજ સર્વ કાંઇ થાય છે. જીંદગીમાં એવો પ્રસંગ ક્યારેય ન્હોતો મળ્યો, કે જેને માટે આવી કવીતા ચિતરાઇ હોય. ” મેં નિડરતાથી કહ્યું.

તેના હૃદયે મ્હારી કવીતાનો મર્મ જાણી લીધો. યુક્તિ વડે પ્રશ્ન કરી ઉત્તર મેળવવાની આશાવાળીને ચોખ્ખો ઉત્તર મળી ચુકયો. હૃદયના તરંગને ચિતરવામાં રોકાયેલું મન, તે મ્હારી પાછળ કયારે આવીને ઉભી રહી, તેણે કયારે અને શું વાંચ્યું. એ કાંઇ જાણી શકયું નહીં. પણ એટલું તો ખરૂં, કે તેણે કવીતા પુરી વાંચી હતી, અને તેથી તેના હૃદયના પ્રશ્નને રોકડો જવાબ મળી ચુકયો હતો. હીનમાન અને હતાશ થયેલીના ચ્હેરા ઉપર નિરાશા અને અપમાનનાં ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં, છતાં ડુબતો શેવાળને બાઝી બહાર નિકળવા પ્રયત્ન કરે,

તેમ તે હિમ્મત રાખી બોલવા પ્રયત્ન કરવા લાગીઃ—

" પરંતુ એવો પ્રસંગ તમને ક્યારે મળ્યો, કેવી રીતે મળ્યો ? શું આ ઉલ્લેખ કુંદન પ્રત્યે છે ? શું મ્હારી બ્હેનના વર્તનમાં કાંઇ ખામી છે ? ખરેખર આજે તમે કાંઇક શંકાયુક્ત હો, એમ જણાય છે. અને તેજ કારણસર આવું એડું તેડું ચિતરી કહાડ્યું છે. આજે તમારૂં હૃદય વિષાદપૂર્ણ છે; શોક ભય અને ક્રોધનાં ચિન્હો સ્પષ્ટ જણાય છે. કહો, મને નહીં કહો, તો કોને કહેશો ? હું તમારી વિશ્વાસપાત્ર છું. ઇંદ્રમણી, આજે તમને શું થયું છે ? " તેણે આડકતરા સવાલ કર્યા.

" તમારા જેવું વિશ્વાસપાત્ર હિતેચ્છુ મને બીજું કોણ મળશે, તમારા જેવી શાણી અને સુશીલ બીજી કોણ છે ? પરંતુ જે લેખનીએ આ કાર્ય કર્યું છે. તે લેખનીજ આ જગતમાં કોઇના હૃદયનું માંસ અને લોહી છુટું પાડવામાં ઉદ્યુક્ત છે, એમ તો તેના કાર્યથી સ્પષ્ટ સિધ્ધ થાય છે. કોના હૃદયને ખુંચે છે, તે પણ જાણનાર જાણે છે, કે જાણ્યું હશે. તમને કહેવાથી શું તાત્પર્ય ? કુંદનનું હૃદય કુંદનનું કાર્ય કરે છે, આ હૃદય તેને અનુસરે છે, વચમાં વળી અન્ય કોઈ ત્રીજીજ વ્યક્તિનું કાર્ય તેનું અનુકરણ કરે છે. અનુકરણ કરનાર પોતાની અયોગ્યતાને યોગ્ય બનાવવા મથે છે. અયુકત હોઇ યુક્ત થવા યુક્તિ કરે છે. પણ તેને

એની ક્યાં ખબર છે, કે પોતાની કરેલ યુક્તિ કળાઇ ગઇ છે! વળી તે એ પણ જાણે છે, કે ચંદ્ર રાત્રીને માટેજ નિર્માણ થયો છે. અન્યને માટે નહીં." મેં ખુલ્લું કહ્યું.

"ભલે રાત્રીને માટે ચંદ્ર નિર્માણ થયો હોય, અક્ષય રહે. પરંતુ રજનીમાં ખીલનાર ચંદ્ર, જગત સર્વનાં પ્રાણી પદાર્થને પ્રપુલ્લિત નથી કરતો શું?"

જગતનાં ગમે તે પ્રાણી પદાર્થ પ્રફુલ્લિત થાય, વા તો કરમાય, જીવે કે મરે, તેમાં ચંદ્રને શું સ્નાન સુતક કે લાગે વળગે છે? તેતો માત્ર રજનીનેજ જાણે છે, રજનીનેજ ઓળખે છે, રજની સાથેજ તેનો યોગ છે, રજનીજ તેને ભોગ્ય છે, રજનીજ તેને યોગ્ય છે. ચંદ્ર ઉપર ભલે અન્ય સર્વ અંતરથી પ્રીતિ દાખવે, પણ તે અન્યની પ્રીતિ ચંદ્રનું હૃદય જીતી, તેમાં સ્થાન મેળવવા ક્યારે શક્તિમાન છે? જો ચંદ્રનું તે પ્રીતી ઉપર મુદ્દલ ધ્યાનજ નથી, તો પછી ચંદ્રને તે શું કરી શકનાર છે? ચંદ્રને માટે પ્રાણ તજનારાઓ શું ચંદ્રના અંતઃકરણમાં રાગ વિરાગ ઉત્પન્ન કરી શકે છે? તે તો માત્ર રજનીનાજ ઉછંગમાં આનંદ માનતો અસ્તોદયને અનુભવે છે. જગતમાં કોઈ ભલે અનેક યત્નોવડે તેને પકડવા ચાહે, તો તેથી શું તે હાથમાં આવશે? કોઇ ભલે તેની પ્રસંશા કરે, તો તેથી શું તે તેના

પર પ્રીતિવાન બનશે ? કોઇ ભલે નિંદા કરે, તો તેથી શું તે તેના કટાક્ષ ઉપર પોતે કટાક્ષ કરશે ? ચંદ્ર, પોતાની નિંદા કરનાર કે સ્તુતિ કરનાર ઉપર શુદ્ધ સ્નેહે અમૃતજ વરસાવે છે, એવો તેનો ધર્મ છે. એવા ધર્મથી વિચલિત નહીં થનારો પોતાના મહત્વને પૂર્ણપણે જાણે છે. ચંદ્રને ચાહનારાઓને એવી કયાં ખબર છે, કે તે અમને ચાહે છે.

બે વફાકો દીલ ન દીજે ગર રશ્કે બદ્રહો,
ચાહીએ ઉસીકો કે જીસ્કે ચાહનેકી કદ્રહો."

" તમારૂં લખવું અને બોલવું સ્પષ્ટ કહી આપે છે, કે તમારા ઉપર કુંદન સિવાય બીજું કોઇ પ્રેમ રાખે છે ખરૂં. અને તેને તમે જાણુતા તો હશોજ. વળી મને શંકા થાય છે, કે કદાચ કુંદને તમારા પ્રત્યે કાંઇ ગેરવર્તાણુંક ચલાવી હોય, અને આ કવીતા તેનેજ લાગુ પાડી લખી હોય. પણ મનેતો તે અસંભવીત જણાય છે. મને આ તમારૂં ગુહ્ય કહેશો ખરા?"

" તે તમે જાણો. તમારા મનને પુછી જુઓ, તે તમને કહેશેજ. હું વળી વિશેષ શું કહીને કહેવાનો હતો."

" મારૂં મનતો કાંઇ કહેતું નથી. તે વળી શું કહે ! આતો અજાયબી !"

" જાણીને જે સ્વાલ કરે, તે અજાયબી નહીં તો શું !"

" અજાણ્યાને જાણ્યાનું કહેવું, એ પણ એક અજાયબી નહીં તો શું ! "

" તમે જાણો છો, તે મ્હારે મ્હોંડેથી સાંભળવા સ્હામા સ્વાલ કરો છો, પણ તમારા હાથમાં રહેલા કાગળે, તમારો ચ્હેરો અને આંખમાં જે ફેરફાર કર્યો છે, તેથી સ્પષ્ટ વરતાઈ આવે છે, કે કવિતા નિશંક તમનેજ લાગુ પડતી હોય ખરી. "

" મને લાગુ પડતી હોય ! એવું તમે શા ઉપરથી કહો છો ? તમને શું કોઇએ મ્હારા માટે ખરાબ કહ્યું છે ? "

" હા. હમણાંજ તમારી અને કુંદન વચ્ચેની વાતચિતેજ મને મ્હારા હૃદયમાં તમારા માટે તુલના કરાવી છે. જે માન અને મતઓ આ મ્હારી આંખ જેટલે દરજ્જે એક કલાક પહેલાં જોતી હતી, તે હવે તેટલે દરજ્જે જોઇ શકતી નથી. "

" ઇંદ્રમણી, તમે સર્વથા સમજુ પુરૂષ નથી, એમ આ ઉપરથી સિધ્ધ થાય છે. "

" ખરેખર, પોતાના ધણીનું ધન ચોરાવવામાં સમજુપણું રખાવનાર, કેવી સમજુ અને બુદ્ધિશાળી છે, કેટલી વિનયી અને વિવેકી છે, કેટલી નીતિમાન અને ધર્મવાન છે, તે ખુલ્લે ખુલ્લું જણાઈ આવે છે. જાઓ મ્હેં તમને સર્વથા ઓળખી લીધાં છે. જો સમજો તો આજથી અત્યારથી મ્હારી આંખ ઉપર કદી ન આવશો. "

" હજુ પણ વખત આપું છું, સમજો તો વધારે સારૂં. એવો કોણ મુર્ખ હોય, કે ગાદી ઉપર બેસવા માટે મુકુટ ધારણ ન કરે ! "

" મુર્ખના મ્હોંડામાંથી નિકળતાં મુર્ખાઇ ભરેલાં વચનો તરફ મુર્ખનુંજ લક્ષ હોય છે, સમજુનું તો તે તરફ દુર્લક્ષ રહે છે. કુતરાં ગમે તેટલાં ભસે, તોપણ પૂર્ણ મદથી છલકાતો હસ્તી તે તરફ કતરાતો પણ નથી. એવું કયું સ્વર્ગ છે, કે પાપમાં ઉદ્યુક્ત એવા વ્યભિચારી જનોને માટે નિર્માણ થયું હોય ? "

" મુવા પછી સ્વર્ગ કોણે જોયું છે ? જે છે, તે સઘળું અહીંજ છે. તો પછી અહીં મળતા સ્વર્ગીય સુખોપભોગને લાત મારનારને તેનું ભાગ્ય સજજડ લાત મારે છે. "

" નર્કનો કીડો હમેશાં નર્કનેજ સ્વર્ગ માને છે. ખરૂં છે, કે ગરજ અને અક્કલને હદ વિનાનું છેટું છે. પાપી હવસથી ભરેલું હ્રદય આગળ પાછળનો વિચાર કરતુંજ નથી, સારા માઠા પરિણામનું ધોરણ બાંધતુંજ નથી, પરભવને માટે લેશ પણ દરકાર રાખતુંજ નથી, ઇશ્વરના ભયને લેખવતું નથી, પ્રભુના પ્રકોપને જાણતું નથી. તો પછી સંસારમાં આપ્ત વર્ગ કે ઇતર જનની શરમ તે શાનીજ રાખે. જાઓ જાઓ, બકુલ તમારો આ ઉદ્યમ સર્વથા નિષ્ફલજ છે. "

મ્હારાં વચનો સાંભળી, તે ખટ્ટ પડી ગઇ, તેનો ચ્હેરો લેવાયો, માન ભંગ થયાનું ભાન આવ્યું હોય, તેમ તેની આંખો ઉપરની તીવરી ચડેલી જણાઇ, તે રોષયુક્ત મને કહેવા લાગીઃ—

“ ચાલી ચલાવીને હાથમાં આવેલું ધન જે ગુમાવે છે, આવતા ઐશ્વર્યપદને જે પાટુ મારે છે, તે નિર્ભાગી નહીં તો બીજું શું. તમારા કપાળમાં ભાગ્યરેષા ઉંધીજ પડી છે. તમારો આગળનો સમય વિચારો. પગ પુજો મ્હારા બાપના, કે તમારા કંગાલપણાને માટે ભલામણ કરી તમને ઠેકાણે પાડયા. એનો પ્રમાણ થયું, કે કંગાલ સમયની કંગાળવાણી સારા સમયે યાદ રહેતી નથી. તે વખતની તમારી ગરજ અને અક્કલને કેટલું છેટું હતું ? જુઓ, તપાસો તમારા તે વખતના હાલ હવાલ થયેલા સમયને, તમારી હણાઇ જતી આબરૂને. અંતઃકરણમાં લાંબો ચિતાર ચિતરી આંખ આગળ ખડો કરો, તરતો કરો, અને પછી મને જવાબ આપો, પછી મારી સ્હામે વાતચિત કરો. ખરૂં છે, “ન મળ્યાને મળ્યું, ને ડહાપણ દળ્યું.” યાદ છે, તે તમારાં આંસુઓને લ્હોનાર કોણ હતું ? અને હમણાં પણ આ તમારો સબંધ સંધાવનાર કોણ છે, તેનો કાંઇ ખ્યાલ મગજમાં આવે છે ? અમારા ઉપકારના ભારને હજુ લેષમાત્ર પણ માથેથી ઉતારી શકયા નથી. ઉપકાર કરનાર તરફ આવી અપકાર

વૃત્તિ રાખનાર તમારા જેવા કૃતઘ્ન ઉપર કોઇ ઇશ્વરી પ્રકોપ ન ઉતરે તો સારૂં."

"ઉપકાર કરનાર, પોતે ઉપકાર કોઇના ઉપર કર્યો છે, એમ પોતાના મુખે વારંવાર કહી બતાવતો નથી. દુનિયામાં મોટાઇ મેળવનારા, પોતે ઉપકાર કરીને બદલામાં જનસમૂહની પ્રસંશા મેળવે છે, તેણે કરેલો ઉપકાર પાણીને મુલેજ વેચ્યો છે. તો પછી ઉપકાર કરનાર, પોતાની આત્મશ્લાઘા દુનિયાની આગળ કરી બતાવે, ત્યારે તેની કિમ્મત દુનિયા કેવી કરે છે, તે વિચારવા જેવું છે. કરેલા ઉપકારનો કાંઇ પણ બદલો લેવા ઇચ્છા કરવી, તે ઉપકાર કર્યો કહેવાય શું ? ઉપકાર કરનારની નિચ વૃત્તિને આધિન થઈ, તેના પાપી વિચારને પૂષ્ટિ ન આપવામાં કદાચ ઇશ્વરી કોપનો જવલંત ભડકો મ્હારૂં સત્યાનાશ કહાડી નાંખવા સળગી ઉઠે, તો તેને ઘણી ખુશીથી હું વધાવી લઇશ. તેને ભેટવા હું પાછી પાની નહીં કરૂં. સત્ય અને નીતિને પંથે વિચરનારાને માર્ગમાં ગમે તે મર્ણ તુલ્ય સંકટ આવી નડે, તો તેથી શું તે ડરી જાય છે ? નહીંજ. મુર્ખ બકુલ, તું આટલી બધી ગર્વથી શાની ફુલાય છે? તારા બાપે મ્હારા દુઃખમાં કોઇને કરેલી ભલામણ, મ્હારા હૃદયમાં તેના પ્રત્યે ઉપકારની લાગણીજ પ્રદર્શીત કરે છે, એટલુંજ નહીં, પરંતુ તે કદાચ મ્હારા પ્રાણ માગે, તો પણ તે હું આપવા, મ્હારી

ફરજ અને મ્હારા ધર્મ પ્રમાણે તૈયાર છું. પરંતુ આવા પાપી કાર્યને માટે તે મ્હારી પાસેથી એક ફુટી કોડી પણ કદાપી મેળવી શકશે નહીં. ત્હારા બાપ પ્રત્યેની મ્હારી ફરજ, કે જે વડે મ્હારે તેના અને તેના કુટુંબ પ્રત્યે વફાદાર અને પ્રમાણીક રહેવું જોઇએ, તેને ડુબાવી તેનો નાશ કરવામાં તુંજ મને ઉશ્કેરણી કરે, તુંજ ચાવી રૂપે થાય, તો ત્હારા જેવી પુત્રીને માટે બાપે શું વિચાર કરવો, તેનું સંપૂર્ણ મનન કર. કુંદનનું હૃદય મેં જીત્યું છે, કુંદને મ્હારૂં જીત્યું છે. અરસપરસ સજ્જડ સંલગ્ન થયેલાં હૃદયને છુટા પાડવામાં, ત્હારો ઉદ્યમ સર્વથા નિષ્ફળજ છે. અમારા સુખવૃક્ષનું છેદન કરવામાં ત્હારો પરિશ્રમ તદ્દન ફોકટ છે. જગતની નજરે અમારો સંબંધ બદ્ધ કરવામાં ત્હારો યત્ન સર્વથા માન્ય છે, પરંતુ તેનો બદલો આવી ગેરવર્તણુકથી લેવામાં ત્હારા નાંખેલ પાસા અવળાજ છે. ઓ દ્વેષી બાળા! અધમ વિચારના ઉંબાડીયા વડે તું બીજાના સુખ ઉદ્યાનને સળગાવવા ઉદ્યોગ આદરે છે, તેમ ત્હારા પોતાના સુખને પણ શામાટે સળગાવી નાંખે છે? જા, ચાલી જા, એક પણ શબ્દ બોલ્યા વિના ચાલી જા. ”

“ આ બકુલનો રોષ અગાધ છે હો. પ્રમાદી મિથ્યાવાદી જોઇ લેજો. ”

કહેતી રીસથી રાતી થએલી આંખોમાંથી અશ્રુ ટપકાવતી સપાટાબંધ ચાલી ગઇ. મ્હારી કવીતા પણ સાથેજ ગઇ.

येषां न विद्या न तपो न दानं ।
ज्ञानं न शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भार भूता ।
मनुष्य रुपेण मृगाश्चरन्ति ॥ *

માબાપના લાડમાં ઉછરેલી, નિરંકુશ સ્વચ્છંદ વર્તનને અનુસરનારી, સર્પને જેમ દુધ પાતાં વિષનોજ વધારો કરી બતાવે, તેમ સર્વાંગે વિષમય જણાતી બાળાઓ, વિદ્યારૂપી કરંડીયામાં પુરાયા છતાં પણ અધુના જાતી સ્વભાવને અનુસરી દંશ કરવા ચુકતીજ નથી.

દુર્બુદ્ધિને સદબુદ્ધિમાં પલટાવનાર, પાપીને પુન્યવાન બનાવનાર, મળમેલને ઉંડે તળીએ ઉતારી સ્વચ્છ જળની પેઠે શાંત નિર્મળ શોભા આપનાર, ઘોરતર તિમિરનો નાશ કરી, સુર્યની પેઠે પ્રકાશનાર, ચક્ષુ છતાં પણ અંધ બનેલને દેખતો કરનાર પ્રતાપી સદ્‌વિદ્યા, પૂર્વે પ્રાચિન કાળમાં આધિ વ્યાધિ અને ઉપાધિના કલેશને મુક્ત કરવાને અર્થેજ સંપાદન થતી હતી. કાળે કરીને સમય પલટાતાં, તેજ વિદ્યા સંસારના સૌખ્યનું આસ્વાદન કરવાને માટે રાગી

---

* જેઓને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સારો સ્વભાવ, ગુણ કે ધર્મ કાંઇ નથી, તેઓ પૃથ્વીને ભાર દેનારા પશુરૂપ છે, છતાં મૃત્યુ લોકમાં મનુષ્ય રૂપે ફરે છે.

અનુરાગીઓથી સંપાદન થવા લાગી. અને અધુનાતો તેજ વિદ્યાનું તોલ કે માપ કયાં રહ્યું છે ?

काहं ब्रह्मेति विद्या निरतिशय सुखं दर्शयन्ती विशुद्धं कूटस्थं स्वप्रकाश प्रकृति सुचरिता खण्डयन्तीच मायाम्। क्वाविद्याहं ममेती स्थगितपर सुखा वित्तभित्तौ लिखन्ती सर्वानर्थाननर्थान् विषय गिरि भुवा वासना गैरि केण॥*

કાપટય કળા વડે ધન પ્રાપ્ત કરવામાં, મિત્રના સાંધી, મિત્રનુંજ ગળું ચીરવામાં, ગુણમાં અવગુણનું અને અવગુણમાં ગુણનું આરોપણ કરવામાં, મિથ્યા આડંબર ધારણ કરવામાં, અવિદ્યાને ધારણ કરી વિદ્વાનમાં ખપવામાં, સ્નેહીનાજ ઘરપર હિણી નજર કરવામાં, વિશ્વાસ આપી વિશ્વાસઘાત કરતાં જરી પણ આંચકો નહીં ખાવામાં, મદ્ય પી નિર્લજ બની અયોગ્ય ભાષણનો ઉચ્ચાર કરવામાં, વિશેષતઃ વળી સ્ત્રીઓએ ધણીની ધન સ્થિતી તરફ ધ્યાન નહીં આપી, પોતા-

---

* જે નિત્ય નિરતિશય સુખરૂપ, વિશુધ્ધ, કુટસ્થ, સ્વયંપ્રકાશ એવા પરબ્રહ્મનાં સ્વરૂપને દર્શાવતી તથા માયાનું ખંડન કરતી, સ્વભાવથીજ સુચરિત્રવાળી ' **अहंब्रह्म** ' હું બ્રહ્મરૂપ છું, એવા આકારની બ્રહ્મવિદ્યા કયાં અને પરબ્રહ્મના સુખને ઢાંકી દેનારી તથા વિષયરૂપી પર્વત ઉપર ઉત્પન્ન થએલા વાસનારૂપી ગેરૂવડે ચિત્તરૂપી ભીંત ઉપર સર્વ જાતના અનર્થોને આળેખતી અર્થાત્ ચિત્તને અનર્થોના તરફ ઘસડી જનારી ' હું તથા મારૂં તારૂં ' એવા આકારની અવિદ્યા કયાં ?

ના શોખને માટે તેની પાસે ઉડાઉ ખર્ચ કરાવી, ખર્ચના ઉંડા ખાડામાં ઝીકી, તેને સદાને માટે દેવાના દુઃખમાં ડબોવી, ગરીબાઇના ઘરમાં ગોંધી, ગુંઠણુભર કરી, ઉપરથી મેણું ટોણુંની કાતરથી તેનું હૃદય કાતરી ખાવામાં, સ્વામીના કહ્યાઉપરવટ થઇ, મનમાનતા શણુગાર પોતાની જાતે ચૌટે ચડી ખરીદ કરવામાં, અને તેવા આછકલા શણુગારોથી સજ્જીત થઇ, વિના કામે બહાર હરવા ફરવામાં. પોતાનું શરીર તેવા તોછડાં કપડાંથી કેવું મનમોહક લાગે છે, એમ અન્ય પુરૂષોને બતાવી મોહના ફંદે ફસાવવામાં, ઇતર જનો સાથે નિશ્ચલ દ્રષ્ટી સાંધવામાં, પરની કુથલી કરવામાં, વડીલની મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં, વ્યભિચારના વંટોળીએ ચડી જગતની બત્રીશીએ ચડવામાં, અને આવા અનેક અવગુણો કે જે ગણ્યા પણ ગણાય નહીં, તે નિઃશંક ધારણ કરવામાં વિદ્યા હાલતો સંપાદન થાય છે. અવળી મતી વડે ગ્રાહ્ય થયેલી પ્રચલિત વિદ્યાની પ્રગતીને બદલે અવનતી કે અધોગતીજ હાલતો થતી જાય છે. માનવજાતી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, સ્ત્રીઓની કુલિનતાને લાંછન લગાડવામાં, સ્ત્રીઓની ગૌરવતાને હિન કરવામાં, સ્ત્રીઓના ધર્મને નષ્ટ કરવા સહાનુભુત થવામાં, વિદ્યા વાપરે છે. કેટલાએક વિધવાઓની તેમની ફરજ અને ઇશ્વર પ્રત્યેનો તેમનો ધર્મ ધુળધાણી કરાવે છે. પોતાનાં કુળ ગૌરવ

અને માનને ઉત્તમ રીતે નહીં સમજનારી, ઉચ્ચ જ્ઞાતીની અર્ધદગ્ધ થયેલી, અધર્મ યુક્ત કામ વાસનાથી ભરેલી કુટીલ કામિનીઓની ચલિત વૃત્તિ, મનમાનતો મારગ મલતાં, તુર્તજમાંજ ઉશ્કેરાય છે, પાપનેજ પગલે દોરાય છે. વિધવાઓ સંસાર સુધારાના ડાળ-ઘાલુ સુધારકોની સહાયતાવડે દુષ્ટ કામનામાં શોખીન બને છે. ધર્મના રહસ્યને ધુળમાં રગદોળે છે. વળી કામવાસનામાં અતૃપ્ત એવી વિધવાઓને છડેચોક પરણાવવા, જાહેરાતો છપાવવામાં આવે છે. "વિધવા વિવાહ" નાં પાટીયાં લટકાવવામાં આવે છે, તેમને મદદ આપવામાં આવે છે. અહાહા ! જમાના તારી બલીહારી છે ! વળી કેટલીક પુનર્લગ્ન નહી કર નારીને હાથે સંખ્યાબંધ ગર્ભનાશ પણ થાય છે. એક તરફ સ્ત્રી કેળવણીના હિમાયતીઓ બુમબરાડા પાડે છે, તો એક તરફ કેળવણી પામેલી, પાશ્ચિમાત્ય પ્રજાના ગુણ નહીં, પણ માત્ર શોખનેજ અનુસરનારી, વિલાયતી ડ્રેસના ભપકામાં સ્વતંત્રતાને માટે નિરંકુશ હિમાયત કરે છે. જેટલી છુટથી સ્ત્રીઓની વૃત્તિને મોગે મોકળો કરી દેવામાં આવે છે, તેટલી છુટના પ્રમાણમાં દીકરી, પોતાનાં માબાપને, અને સ્ત્રી, પોતાના સ્વામીને હડધુત કરવામાં પાછી પાની કરતી નથી. કેટલેક ઠેકાણે પાપી પીતાઓ પોતાની દીકરીઓને લઈ પરદેશમાં કમાઇ ખાવાને બાને જઇ વાસો કરી, દીકરીના દલાલ બની કિમ્મત

અંકાવે છે. મનમાનતા પૈસા લઇ પુત્રીને વેચી પોતાનું ઘર ભરે છે. પછી ગમે તો દીકરી સાસરે જઇ સુખ પામે કે દુખ પામે, ઘરને ઘર બનાવે કે ઉજડ કરે, ધર્મ ધારણ કરે કે પછી ઉધળી જાય, કે કોઇને લઇને નાસી જાય.

આ શું! વિશ્વવંદનીય મનુ મહારાજ અને અન્ય રૂષી મુનીઓએ આર્ય ગ્રહસંસારને માટે ધર્મ ધારા શાસ્ત્રનાં ચિંથરાં ફાડયાં છે? શુ તે વિદ્રતાથી ભરેલા જમાનાના મહાન્ વિદ્વાન રૂષી મુનીઓ કરતાં હાલની વિદ્રતાનો આડંબર કાંઈ વિશેષ છે? શું સ્ત્રીઓએ ધર્મ વિરૂદ્ધ પગલાં ભરવાં, એ હિંદુ ધર્મ શાસ્ત્રનો ધારો છે? સત્ય પુછો, તો હાલની સ્ત્રી કેળવણીજ કાર્યનું કારણ છે. હિંદુ બાળાઓને પ્રાથમીક સંસ્કૃતનું પગથીયું આપી, ધર્મનાં પુસ્તક સાથે ગ્રહસંસારનો સદ્બોધ શિખવવામાં આવે, તો તેવી કેળવણી પામેલી બાળાઓ, માતા થતાં, પોતાનાં સંતાનને કેવી કેળવણી આપે, તે જરા હાલના સ્ત્રી કેળવણીના હિમાયતીઓએ લક્ષમાં લેવાનું છે. હાલની સ્ત્રી કેળવણીની ઉચ્ચ પદ્વી પામેલી, પોતાના પગમાં બુટ પહેરી, હાથમાં છત્રી ધારણ કરે, તો પછી થોડું ઘણું ગુજરાતી અંગ્રેજી જાણુનારીને એવું અનુકરણ કરવામાં છલકાઇ જતાં શી વાર? વિદ્યાતો તેણેજ મેળવી, કેળવણીતો તેણેજ સંપાદન કરી, કે જે પોતાના પતીને પ્રભુ તુલ્ય માની લાજ

અને મર્યાદા યુક્ત ગ્રહસંસાર ચલાવે, પોતાનાં સંતાનને સદ્બોધથી શણગારી સંસારના શુદ્ધ સરલ માર્ગપર દોરવે.

जनयति सुतं कश्चिन्नारी सती कुल भूषणं
निरुपम गुणैः पुण्यात्मानं जगत्परि पालनम् ।
कथमपि न सानिन्द्या वन्ध्या भवेन्महतां यतः
सुरसरिदिव ख्याता लोके पवित्रित भूतला ॥ *

અરેરે ! પ્રાચીન સતી સન્નારીઓ, તમારી બેશહુર બાળાઓપર કૃપાજળ વરસાવો, સન્મતીની પ્રેરણા કરો, વા તો આવી બકુલબાળા જેવી અર્ધદગ્ધ, મોહાંધ, અમર્યાદ અને કુશીલ સ્ત્રી ઉપર તમારા શ્રાપનો અગ્નિ વરસાવો.

કોટી યત્નો કરે રવીકર
ભુગર્ભ સાગર તલ જાવા,
પૃષ્ઠ ધરી અગ્નિ ઝીલતો
ભલે બળે હું ન તોય ત્યમ થવા
યત્ન થતાં ભેદાય ન અંતર
અંદર આગું અજવાળું ક્યાં ?

* પતિવ્રતા સ્ત્રીઓ પોતાનાં પવિત્ર ચરિત્રોથી ગંગા નદીની પેઠે પૃથ્વીને પવિત્ર કરે છે, એટલુંજ નહીં પરંતુ અનુપમ ગુણવાળા અને કુળના ભૂષણરૂપ એવા પુત્રને ઉત્પન્ન કરે છે, કે જે પવિત્ર ચરિત્રવાળો પુત્ર આખા જગતનું રક્ષણ કરે છે. આવી સાધ્વી સ્ત્રી કોઇપણ રીતે નિંદા કરવા યોગ્ય નથી; પરંતુ મહાન પુરૂષોને વંદન કરવા યોગ્ય હોય છે.

દુઃખ દર્દથી બળે ભલે જે
થાય નહીં તે થાવું ક્યાં ?
ક્યાંથી હૃદય દુઃખ દર્દ તિમિરને
હઠાવવા યત્નો કેવા ?
વિદ્યાકર એ જ્ઞાન બુદ્ધિ સહુ
બાહ્યતણા બાહ્યજ રહેવા.
તમ્રુ સાગરતલ પ્રકાશ પ્હોંચે
યત્ન કરી અભ્યંતરમાં,
જશે ભળી લય પામી વચ્ચે
ગાઢ તિમિરના એ થરમાં.



તરંગ ૧૧ મો.

જીવનમાં રાત્રી.

ચલ બસા વ્હો દોસ્ત દિલકા દોસ્તદારી ઉઠ ગઇ,
દુશ્મન સતાને રહે ગયે ઈમાનદારી ઉઠ ગઇ.

*　　*　　*　　*　　*

બાગમેં બુલબુલને ગુલકો યહ કહા ગુલજાર હો,
આ ખડી ક્યા ક્યા ખીજાં ગુલજારી સારી ઉઠ ગઇ.

*　　*　　*　　*　　*

ભગવાન સુર્યનારાયણ એકાંત ઝુંપડાને અંદરના ભાગમાં જેટલો પ્રકાશ આપે છે, તેટલો મોટી ઇમારતને અંદરના ભાગમાં આપતો નથી ઈમારતના ઉંડા ઉંડા ખુણામાં તેના પ્રકાશના રજકણને પેસવા માર્ગ નથી. જેટલો પવન ઝુંપડાના વાસીને આંગણામાં બેઠાં બેઠાં મળે છે, તેટલો તવંગરને હવા માટે ફરતાં રખડતાં પણ મળી શકતો નથી. ગરીબ પોતાની સુકી રોટલીને સંપૂર્ણ સંતોષથી મીઠી કરીને ખાય છે. તવંગર ઉત્તમ પદાર્થને વખોડીને ખાય છે. ગરીબના દીલથી દયા જેટલી નજીક હોય છે, તેટલી તવંગરના દીલથી દુર હોય છે. ઝુંપડામાં જેટલા ભાગે સંપ હોય છે, તેટલા ભાગે મ્હેલાતમાં કુસંપ વસતો જણાય છે. ઝુપડામાં આનંદ હોય છે, તો મ્હેલાતમાં શોક અને દીલગીરી દેખાય છે. ઝુંપ-

ડામાં જેટલાં સ્નેહ અને માયા છે, તેટલાં તવંગરની મ્હેલાતમાં ત્રાસ અને વેર હોય છે. જ્યાં સુર્યનારાયણનો પ્રકાશ જતાં પાછો પડે છે, એવા કાળા અંધારા ભાગમાં જોકે કાળાં કૃત્યો થાય છે, છતાં તે જગતની નજરે અજવાળામાં બહાર આવ્યા વિના રહેતાંજ નથી. એતો સર્વથા સિદ્ધ છે, કે કાળાશથી કાળુંજ થાય, અંધારાથી અંધારૂંજ થાય. અંધારી રાત્રીમાં રસ્તે ચાલનાર ઠેસ પણ ખાય, પડે પણ ખરો, અને કદાચ તેનું માથું ફુટી લોહી પણ નીકળે, કે તે પ્રાણને પણ ગુમાવે. ચોર રાત્રીના અંધારામાંજ ચોરી કરે છે. યમના દુતો રાત્રીમાંજ પોતાનું કાર્ય વિશેષે કરી લે છે. વિષયાંધ કામભુખ્યા વ્યભિચારીઓને અંધારામાંજ કુકર્મ કરવા પ્રેરણા થાય છે. અનાચારનો અખાડો અંધારામાંજ ભુખ્યા વરૂની પેઠે મ્હોં ફાડી અત્યાચારીઓને ગળી જાય છે. સારાંશ કે વિશેષે એકાંત અંધારાના કાળા ભાગો અવગુણને ઉશ્કેરનાર છે. નિડર મનુષ્યના હૃદયને પણ એક વખત અંધારૂં કંપાવી નાંખે છે.

કાવત્રાંબાજ બકુલ શું કહેતી ગઇ ? એજ કે, યાદ રાખજો. મને તે શું કરશે ?

સીતમગ્રી કરના જફાહી કરના
નિગાહે ઉલ્ફત કભી ન કરના

તુમ્હેં કસમ હય હમારે સરકી
હમારે હકમેં કમી ન કરના

મ્હારા અને કુંદનના પ્રેમને વિછિન્ન કરશો ? ભલે તેમ કરે, કુંદનની હૃદય ભૂમિમાં મ્હારે માટે સ્ફુટ થયેલ પ્રેમ પૂષ્પના છોડને ભલે બાળીને ભસ્મ કરે, પરંતુ જેટલે દરજ્જે કુંદનની ગણુના મ્હારા હૃદયે કરી છે, તેટલે દરજ્જે ભવિષ્યમાં તે ગણુનાનું માપ ટકી રહેશે. અરે બલ્કે તેથી પણ વિશેષ વૃદ્ધિંગત થશે. જગત માંહેના દરેક જાતના કાંટાઓ એક સામટા ભલે મને રૂંવે રૂંવે ખુંચે, તો પણ હું તેને ભવિષ્યમાં સહન કરી લઈશ. કમળના મધ્યમાં મધુ ચુસતા મધુલીહને ભલે રાક્ષસી સંધ્યા આવી ગુંગળાવી નાંખે, પ્રાણ નાશ કરે, તો પણ બહાર નીકળવા તે કદાપી ચલાયમાન નહીંજ થાય.

“ બકુલના ઉપકારનો બદલો વાળવા પ્રભુ મને સમય આપો. ” એવા મ્હારા હૃદયના નીકળેલા ઉદ્‌ગારો ! હા ! તેણે દાબી દીધા છે ! શું ત્યારે મ્હારે તેના પાપી કાર્યનું પોષણ કરી આવા અત્યાચારથી બદલો વાળવો ? તેના દુર્ગુણુને ઉત્તેજન આપું ? કુંદનના હૃદયને કુહાડો મારૂં ? નહીં નહીં, તે પ્રાણાંતે નહીં બને. ભલે કુંદનના હૃદયને તે પલટાવી નાંખે, અને એવું પણ ભલે કરે, કે કુંદન જાતેજ મને તરછોડે, તો તેથી શું ?

વ્હો સિતમ કરે તો સહ્યા કરૂં
વ્હો જફા કરે તો વફા કરૂં,
વ્હો ઉઠાય છેડ તો ચુપ રહુ'
વ્હો કહ્યા કરે તો સુના કરૂં.

* * * *

* * * *

તેરે ઝુલ્ફકી મુઝે માર હો
કભી દિલ કીસીસે લગાઉં જો,
હમે શોલા જાંસે જ્યાં જલે
જો કલામ તેરે સિવા કરૂં.

કુટિલ બકુલના કાર્ય ઉપર અનેકાનેક વિચારો આવ્યા. અંતે હૃદયને સજ્જડ બનાવ્યું. દુઃખ સ્હેવા દ્રઢ બનાવ્યું. કુંદનની આંખની પાંપણમાંથી છુટતી પલકના દોર ઉપર જીવનને લટકવા દીધું. દેહોત્સર્ગ કરવા દ્રઢ પ્રતિજ્ઞા લીધી. કિસ્મત ન કરેને કદાચ એવુંજ થયું, તો કુંદન પાછળ ફકીરી લઇશ. વન વન ભટકીશ, રઝળીશ. સંસારના અન્ય સર્વ સુખોપ-ભોગનો ભોગ આપીશ. મળતા ત્રણ ભૂવનને પણ તિલાંજલી આપીશ. મ્હારૂં ગમે તેમ થાઓ, પણ આ હૃદયમાં કુંદન તે કુંદનજ રહેશે. અન્ય દુનિયાનું સર્વ કુંદન આગળ કથીરજ થશે. હૃદયને જે રંગ ચડયો છે, તે પ્રાણાંત સુધી બસ ટકશે. અન્ય કલ્પ-નાઓને ખીલે બાંધી દીધી.

નથી શુધ્ધ પ્રીતિતણા રંગ જોતાં સો હજાર,
રંગ શુધ્ધ જોતામાં તો એજ રંગ એક છે;
રંગ જેણે જોયો નહીં રંગે હૃદ રંગ્યું નહીં,
ધિઃક રંગ માંહી હૃદ તુરંગ અનેક છે.

પ્રેમનું અમૃત પિવા જતાં કદાચ ઝેર ફુટી નીકળે, તો તે પીવામાં શું આનાકાની કરવી? મર્ણથી ડરી નામર્દની નિશાની ધરી નફટ જીંદગાની લંબાવવી? નહીં નહીં.

દીધો ના પ્રીતિ માટે પ્રાણ,
જીવીને કર્યું શું?
કીધો પ્યારો પ્રીતિથી પ્રાણ,
જીવીને કર્યું શું?

પ્રેમ ગર્દિશને કદાપી,
સોમ ઘેરે ના પડયો,
જો ના કદા ગર્દન કપાવી,
ન પ્રેમના દર્દે પડયો.
ડર્યો પ્રેમે બચાવ્યા પ્રાણ,
જીવીને કર્યું શું?
ભલે શુરો ચડયો રણમાં,
ન સ્હામા છાતીના ઝીલ્યા,
થયું શું જીત પામ્યો,
જો હજારો પીઠના ઝીલ્યા.
ટળે તે પ્રાણથી જો પ્રાણ,
જીવીને કર્યું શું?

પિવાને અમૃત અંજલી,
દુનિયા દિવાની દોડતી,
હા, અજબ છે! પાછી હઠે,
જોઇ ઝેર, કેવી સ્વારથી!
ધર્યા તે બેવફા જો પ્રાણ,
જીવીને કર્યું શું?

પ્રેમના અગ્નિમાં પડી બળી મરવામાં પણ મજા છે. પ્રેમના કાંટાથી વિંધાવામાં પણ આનંદ છે. પ્રેમના વિષનો નિશો પણ અજબજ છે, પ્રેમનો કિનારો કોણે જોયો?

બ્હેરે ઉલ્ફતકા કીસીકોભી કિનારા ના મિલા,
યા ખુદા નાખુદાકા વ્હાંપર ઈસારા ના મિલા;
કિશ્તી હરગીઝ ના મિલી કુચ્છભી સહારા ના મિલા,
થાહ મુતલક ના મિલી દમભર ગુજારા ના મિલા.

* * * * *

* * * * *

ગરચે લગ ચુકી આગ દિલમેં,
સર પા તક જલ જાને દો.
દાગે ઇશ્કસે જલ જાય સભી તો,
જાનો તન જલ જાને દો.

ઇશ્કકે ગુલચમનમેં કયા,
શોલે ભભુકે ઉઠ રહે,
શજર કયા કયા જલ ગયે,
ફુલો કલી જલ જાને દો.

લાખ બુરા ચાહે વ્હો,
તક઼દીર વહ્લાહ તોભી ક્યા ?
શમ્સ ઓ ક઼મર ઉઠ ગયે,
તારે સભી જલ જાને દો.

સર્વ જલી જાઓ, ભસ્મિભૂત્ થઇ જાઓ, પરંતુ તે સર્વની ભસ્મના રાશીઉપર મ્હારા પ્રેમનો અંગારો સદાકાળ જલ્યાં કરો. બકુલ, દુષ્ટ બકુલ, ત્હારા બાપે મ્હારા ઉપર ઉપકાર કર્યો; એજ કે મને તેણે ભલામણ પત્ર આપ્યું. શું તેના બદલામાં પણ તું મ્હારો પ્રેમ માગે છે, તું પ્રેમને પિછાનતી નથી, તને પ્રેમની કિમ્મત નથી. પ્રેમ, શું હલવાઇની દુકાનની કોઈ મિઠાઇ છે ? મેવો વેચનારાને ત્યાં વેચાતો મળતો કોઇ મેવો છે? ગાંધીની દુકાનનો હળદરનો ગાંઠીઓ છે ? હકીમ કે વૈદ્યની દવાની કોઇ પડી છે ? ચિતારે ચિતરેલું કોઇ ચિત્ર છે ? લેખકે લખેલું કોઇ લેખનું પુસ્તક છે ? કવીએ કથેલું કોઇ કાવ્ય છે ? જંગલમાં ઉગેલા જંગલી છોડનું કોઇ ફુલ છે ? કે પછી ચોમાસાના પાણીથી ફુટી નીકળેલા જંગલી વેલા ઉપરની કળી છે ? પ્રેમને માટે નિકળતા ત્હારા શબ્દોને તાળવે ચોંટાડી ત્હારા મ્હોડાને તાળું માર. પ્રેમ વસ્તુ નહીં પારખનારને તેની કિમ્મત આંકવી મુશ્કેલ છે. જંગલમાંજ રહેનારો ઢોરને ચારનાર ભરવાડ શું હીરાની કિમ્મત આંકી

શકશે ? મુર્ખની સરદાર, પ્રેમની પરિક્ષા કરનાર તારી મુર્ખતા ઉપર હાસ્ય કરે છે. ત્હારા નિર્બળ મનની દયાજનક સ્થિતી ઉપર દયા ખાય છે, ત્હારા કુદ્રષ્ટીવાળા કાર્ય ઉપર ધિઃકાર વરસાવે છે. તો પણ તને કાંઈજ નથી. નફટ, નિષ્ઠુર, તને હજારો જુતિયાંનો માર પડે, જગતની નજરે તારૂં એક વખત પાણી ઉતરી જાય, તો પણ શું ત્હારૂં હ્રદય તે દુષ્ટ ચિન્તવનથી દુર રહેશે ? નહીંજ રહે, એ મને પૂર્ણ ખાત્રી છે. કોણ જાણે ભવિષ્યમાં તું કેવા કેવા તમાસા બતાવીશ ! અજાણ્યા નટની પેરે કેવા કેવા ખેલ ખેલીશ ! બાજીગરની પેઠે કેવી કેવી બાજીઓ રચીશ ! તે તું જાણે. જા, મ્હારી નજરે ત્હારૂં પાણી ઉતરી ગયું છે, તે હવે તને ચડેલું નહીજ નિહાળું. મ્હારો અડગ નિશ્ચય હું સમજું છું. તું ગમે તેમ સમજે.

હજુ હું પલંગમાંજ પડ્યો પડ્યો વિચારના અનેક હિંડોળા ઉપર હિંચતો હતો. એવામાં અગીયારના ટકોરા વાગ્યા. મ્હારી નજર, સામેની ઘડીયાળ ઉપર પડી. હું બેઠો થયો. ચાલ કુંદન પાસે જાઉં. કાળ રાત્રીના કાળા ભાગમાં થતા કાળા કૃત્યને કચરી નાખવા માટે મ્હારે પણ કાળાશની મદદની જરૂર જણાઇ. હું ઉઠયો, ટેબલપર બળતા લેમ્પને હોલવી નાંખ્યો. દીવાસળીની પેટી મેં મ્હારી પાસેજ રાખી, અંધારામાં હું મ્હારો રૂમ છોડીને બહાર

નિકળ્યો. રવેશમાં આવ્યો. સર્વત્ર નજર નાંખી જોયું. સામેનાં વૃક્ષો ઉપર ઘોર અંધકાર પસરી રહ્યો હતો. સર્વત્ર શાંતીનું રાજ્ય કાળાશની સાથે જામી ગયું હતું. બાજુનાં વૃક્ષોની ઓથમાં આવેલાં મકાનોનાં બારી બારણામાંથી દિવાનો પ્રકાશ ડોકીયાં કરતો હતો. આકાશમાં તારાઓ તપસ્વિની પેઠે શાંત સમાધિસ્થ ચુપચાપ ચળકયાં કરતા હતા. ગગન ગંગાની પેઠે તાપી નદી અંધારામાં એક લાંબા શ્વેત લીસોટા જેવી તારાઓથી પ્રતિબિંબીત થયેલી જણાતી હતી. દુર દેખાતો પુલ તે ઉપર જાણે કાળું વાદળું આડું પડયું હોય તેમ જણાતું હતું. હું જરા રવેશમાં આગળ ચાલ્યો, જોડેના ખંડનું બારણું જાળવીને ખોલ્યું, અંદર ગયો. તેની પાછળના ખંડમાં કુંદનનું શયનગ્રહ હતું. અને જોડેના ખંડમાં બકુલ સુઇ રહેતી હતી. કુંદનના રૂમમાં અંધારૂં હતું, તો બકુલના રૂમમાં અજવાળું હતું. બારી ઉપરની કમાનના કાચમાંથી બત્તીનો ઝાંખો પ્રકાશ ઓરડાને જરાતરા પ્રકાશીત કરતો હતો. સહજ વિચાર આવ્યો, બકુલ અંદર છે કે નહી? પાસેજ પડેલી ખુરશી ઉપર ઘણીજ છુપકીથી, સાવચેતીથી ચોરની માફક ચડયો. કાચમાંથી નિહાળીને જોયું ગજબ! ગજબ! હાય! નિશ્વાસ નિકળી ગયો. આ કોણ! બકુલ? અને આ કોણ? હું ઓળખી શકયો નહીં. કાળરાત્રીનું કાળું કૃત્ય!! એકમેકનાં

ગળામાં ભુજાઓ પડેલી હતી. બંને કાંઇ ગુપ્ત વાર્તામાં મશગુલ હતાં. હું સાંભળી શકતો નહોતો. માત્ર ચાળા ઉપરથીજ કલ્પના કરી શકતો હતો, કે તેઓ કોઇ છુપાં કાવત્રાંની મસલત ચલાવે છે. વાતવાતમાં વચ્ચે વચ્ચે બકુલ ભવાં ચડાવી, કરડી આંખો કરી, હાથ પવન સાથે અફાળતી હતી. કૃત્રિમ રોષ બતાવી, સ્મિત વડે સામાના હૃદય ઉપર સચોટ છાપ પાડતી હતી. હું જરા ડર્યો, કંપ્યો, અહીંજ ઉભો રહું ? ના. ચાલ્યો જાઉં ? ના. કુંદનને આ અદ્દભુત દ્રષ્ય બતાવું ? ના. ઘરનાં સર્વને જગાડી તે પાપીઓને પકડાવું ? ના. શામાટે ? કાંઇ નહી. કોઇની એબ જોવી અને જોઇને તેને જગજાહેર કરવી, તે મહા પાપ છે. પાપ શાનું ? કાળાં કૃત્ય કરનારનું કાળું અજવાળામાં આણવું, એ શું પાપ કહેવાય ? કરતારના કાયદાને કાપનાર શિક્ષાને પાત્ર છે. તો પછી જેનાથી તે કાયદા ઘડાયા છે, તેજ તેને શિક્ષા કરશે. આપણે શું ? કરશે તેવું ભરશે. વાવશે તેવું લણશે. સમયે પાપનો ઘડો ફુટી નિકળશે. એનાં કૃત્ય એને નડશે. પણ નહીં, કુંદનને તો આ દ્રષ્ય બતાવવુંજ પડશે. ચાલ ઉતર નિચે. હું ખુરશી ઉપરથી ઉતર્યો. અરે પણ મારાથી હિનમાન થયેલી મારા માટેજ કાંઈ કાવત્રું કદાચ ઉભું કરતી હોય તો ? આવી નિચ વ્યભિચારિણી પોતાની કામનામાં પછાત ગડેલી, ઇર્ષ્યાથી બળેલી, દ્વેષથી દાઝેલી મને દુશ્મન કેમ ન ધારતી

હોય ! મ્હારા ઉપરજ નિશાન કેમ ન તાકતી હોય ! કુટીલ કામાંધ સ્ત્રી, પોતાના તાકેલા નિશાન ઉપર ફેંકેલા તીરની ચોટ નિષ્ફળ થયેલી જોતાં, અંતરમાં ઇર્ષ્યાની આગના જ્વલંત ભડકાથી બળીઝળી રહે છે. એજ બળતરાની લ્હાયમાં તે વગર વિચાર્યે શું નું શું કરી નાંખે છે. એવા અનેક વાંચેલા અને નજરે જોયેલા દાખલા મ્હારી નજર આગળ તરવા લાગ્યા. મને કંપારી છુટી. રૂંવાડાં ઉભાં થઇ ગયાં.

હા જુબાંવાલી વોહો નાગન કાટતી હય,
બેવફા ઔરત હી નાગન કાટતી હય.

ભર તબક દે દુધ શક્કર કર ભરોસા,
યેહે ભરોસે પરભી નાગન કાટતી હય.

સરપે રખ લે તાજ મિસાલે બેવફાકો,
ઝુકકે ગર્દનકો વોહો નાગન કાટતી હય.

ફુલકી માલાસી ઝુલા લે યેહે સીનેપર,
બસ બદલકર ઝહેરી નાગન કાટતી હય.

નાજ઼ ઓ અંદાજ઼ નિગાહ મિઠ્ઠી મિઠ્ઠી,
બાત મિઠ્ઠી કરકે નાગન કાટતી હય.
કર ભરોસા, ફસ ફ઼ફસમેં બેવફાકે,
દેખલે ફીર કયા વોહો નાગન કાટતી હય !

શું કરૂં, એવા વિચારમાંજ ખુરશીની પીઠ પકડી હું ઉભો હતો. તેવામાં મ્હારી પાછળનું બારણું

ઘણીજ સંભાળથી અવાજ વિના ઉઘડતું જણાયું. તુર્તજ હું ખુણામાં પડેલ મ્હાના પલંગ નિચે અંધારામાં છુપાઈ ગયો. હું જાણતો હતો કે તે બારણું કુંદનના ઓરડાનુંજ હતું. તે ઉઘાડનાર કુંદનજ હોવી જોઇએ. અને હતું પણ તેમ. બારાનું ઉઘાડનાર કુંદનજ હતી. પણ તે કયાં જાય છે, શું કરે છે, તે જોવા જાણવાની મને ઇન્તેજારી ઉત્પન્ન થઈ. આસ્તેથી તેણે બારાનું પાછું બંધ કર્યું, અને હું જે બારણેથી અંદર આવ્યો હતો, તે બારણા બહાર રવેશમાં થઈ, તે મ્હારા ઓરડામાં દાખલ થઇ. હું પાછળ પાછળ ગયો. તેના મુખમાંથી નીકળતો ધીમો અવાજ “ ઇંદ્રમણી ઇંદ્રમણી ” મેં સાંભળી લીધો. તે મ્હારા માટેજ આવી હતી. મેં પણ આસ્તેથીજ તેણીને જવાબ આપ્યો. તે પાછી વળી. મેં તેનો હાથ પકડયો, અને જોડેના ખંડમાં ખેંચી ગયો. વગર બોલ્યે તે મ્હારી સાથે અંદર આવી. મેં તેને ખુરશી ઉપર ચડાવી, બકુલના કૃત્યની ઝાંખી કરાવી. તુર્તજ તે નિચે ઉતરી ગઈ. તેની આંખે તમ્મર આવ્યાં હોય, તેમ જણાયું. એક પળમાં તે સાવધ થઇ ગઇ. મારો હાથ પકડી તે મને મ્હારા ઓરડામાં ખેંચી ગઇ, બત્તી કરવા જણાવ્યું. મેં બત્તી કરી, એટલામાં તે પાસેની આરામ ચેરમાં પડી ગઇ. લોટામાંથી પાણી લઇ મેં તેની આંખો ઉપર લગાવ્યું, તે જાગી. હું પલંગ ઉપર બેઠો. તે ખુરશી ઉપરથી

ઉઠી પલંગ ઉપર એક પગ મુકી સામે ઉભી. પગના ઢીંચણ ઉપર કોણી ટેકવી ગાલે હાથ દઈ નિચી નજરે જોવા લાગી. આંખમાંથી ટપક ટપક આંસુ પડવા લાગ્યાં.

“ ન રડો, મ્હારા સમ કુંદન, આ શું ? ” મેં ઉભા થઈ તેને છાતી સરસી ચાંપી, પ્રેમનું એક ચુંબન કર્યું. તેનાં આંસુ સુકાઇ ગયાં.

“ ઇંદ્રમણી વ્હાલા ઇંદ્રમણી, મ્હારો જીવ ચુંથાય છે, મને કાંઇ ચેન પડતું નથી. શું સાફ અને સરલ રસ્તા ઉપર પણ ચાલતાં કાંટા વાગતા હશે ? ”

“ તેથી શું ? પ્રતિકુળ પવને કરી કદાચ આડે અવળેથી કાંટા ઉડી આવી સાફ રસ્તા ઉપર પડે, તો શું તેથી ડરી જવાનું છે ? મ્હારા માટે કહેતાં હો તો ”—

“ નહીં તમારા માટે તો મને ખરેખરી ખાત્રી થઇ ચુકી છે. અને તે મેં આજેજ પુરેપુરી અનુભવી છે. ” મને તેણે પુરો બોલવા ન દીધો. “પરંતુ આ સ્વભાવ કેવો ? ”

“ કાંટાનો સ્વભાવ કેવો હોય છે ? તેતો તમે જાણો છો. પણ તેથી ડરવાનું શું છે ? વ્હાલાં કુંદન, અંધારૂં હોય તોજ અજવાળાની, રાત્રી હોય તોજ દીવસની, સંકટ હોય તોજ સ્નેહની, તાપ હોય તોજ

વરસાદની, તૃષા હોય તોજ પાણીની અને દુશ્મન હોય તોજ દોસ્તની કિમ્મત થાય છે. વળી પ્રેમે કયા પ્રેમીને પારાવાર સંકટ વિના પાર ઉતાર્યો છે ? એવો કયો પ્રેમી છે, કે જેણે દુઃખ દિલગીરી અને ત્રાસને અનુભવ્યાં ન હોય. જગતમાં જેટલા પ્રેમીઓ થઈ ગયા, થાય છે અને થશે, તેઓનાં હૃદયને નિઃસંશય દિલગીરીએ ત્રાસ આપ્યો છે, આપે છે અને આપશેજ. પરંતુ પ્રેમમાં નિમજ્જન કરતા એવા મસ્ત પ્રેમીઓને તે કાંઇ બિસાતમાં નથી. તેઓ ત્રાસમાં આનંદ માને છે, સંકટનેજ સુખ માની તેની ઓર મજા લુંટે છે. જેટલા પ્રમાણમાં તેમને ત્રાસ હોય છે, તેથી બમણા પ્રમાણમાં તેમના પ્રેમનો ઉત્સાહ વધે છે, શોક અને દિલગીરીના પહાડોને તેઓ પોતાનાં હાથમાં પુલના દડાની માફક રમાડે છે. પ્રેમના કેદખાનામાં ચોતરફ ફરતી સંકટની લોહમય ભિંતોને તે કાગળની દિવાલ સમજે છે. શુદ્ધ પ્રેમનું શુરત્વ કોઈ અજબજ છે. તમે એમ ન સમજશો, કે આ ઇંદ્રમણી, આવી એક નજીવી પીડાથી તમારા પ્રેમને તિલાંજલી આપવા તૈયાર થયો છે. નિર્બળ મનનો ભિરૂ બન્યો છે. નામર્દ બિકણ બાયલો બન્યો છે. કહીને શું કહું ? પણ સમય આવ્યે, તેજ તમે નજરે નિહાળશો, કે પ્રેમની મસ્તી એક વખત માથું ઉતારી હાથમાં આપે છે ! તમારા પ્રત્યે મ્હારો અનિવાર્ય અકથનિય પ્રેમ છે,

એમ કહેવું, અત્યારે સર્વથા અમાનનિય છે. પરંતુ તે પણ વખત આવ્યે તમે જોશો. હું તમને પૂર્ણ પરવાનગી આપું છું, કે આ હૃદયથી નીકળી જાઓ અને તેનો ઇચ્છામાં આવે તેવો ઉપયોગ કરો. જેટલું મહીને વિશેષ વલોવશો, તેટલું વિશેષ માખણ મેળવશો. પતંગને અગ્નિમાં પડતાં જોઇ, જોનારા તેની દયા ખાય છે. પરંતુ તેના મનમાં તેને તો આનંદના આવેશની પ્રેમની રમત છે. પ્રેમ એજ આ સંસારનું પરમ સૌખ્ય છે. એજ આ જગતમાં દેખીતો મોક્ષ છે. વ્હાલાં કુંદન, મ્હારાં હૃદય કુંદન, આવો આવો, આ જગતના દરેક કાંટાઓને નવાં નવાં કુમળાં કુસુમો બનાવીએ. વિષય તો મોહાંધ, કામાંધ વ્યભિચારીઓનેજ વ્હાલો છે. પ્રેમનાં પંખીડાંતો ચળકતા અંગારાનેજ વીણી ખાય છે. નેત્ર મિલન અને કવચિતજ હૃદય મિલન, એજ એમને માટે પ્રાધાન્ય છે. આવો હૃદયે હૃદય મેળવો. આજની રાત્રી સફળ છે, અત્યારની પલઘડી પણ સફળ છે. એજ રાત્રી અને પલઘડી વડે સર્વથા જીવન પણ સફળજ છે.”

હું ઉભો થયો કુંદન મ્હારા હૃદય સરસી આવી આલિંગન આપ્યું. અરસપરસ પ્રેમનાં ચુંબન લીધાં દીધાં. પરંતુ અમારી ઉભયની અનુલંઘનિય મર્યાદા તે અનુલંઘનિયજ રહી. કુટિલ કામને લાત મારી અમે કબજે કર્યો હતો. પ્રેમના અતુલ પ્રભાવથી

બંધાયેલી મર્યાદાએ પોતાના પગતળે દુષ્ટ વિકારને દબાવી દીધો હતો. વિશુદ્ધ પ્રણયના આવેશેજ અમારૂં હૃદય મિલન નિર્દોષ બનાવ્યું હતું. હા! તેજ હૃદય મિલન છેલ્લુંજ હતું. જીવનમાં છેલ્લુંજ રહ્યું."

પોતાની દુખદ વાર્તા કહેતાં કહેતાં દુઃખનો નિરતિશય બોજો સહન ન કરવાથી મ્હારો નુતન સન્મિત્ર ઇંદ્રમણી, એક ન્હાના બચ્ચાની પેઠે રડવા લાગ્યો મને પણ રડવું આવ્યું. મેં તેને છાનો રાખવા પ્રયત્ન કર્યો.

"વ્હાલા સુહૃદ, પ્રેમનું શુરાતન તો તમે ખુબ વર્ણવો છો, અને આટલા નિર્બળ કેમ બનો છે? પ્રેમની પીડા ભોગવનારને ધૈર્ય એજ જીવનદાતા છે. ભાઈ, શાંતી ધરો. મેં પણ તમારી પેઠેજ પીડાનો પોટલો ઉઠાવી લીધો છે. હમણાં મારી વ્હાલીના વિરહનોજ અનુભવ કરૂં છું. દુનિયામાં તમે પોતે એકલાજ આવા સંકટના સંકજામાં સપડાયા છો, એમ ન ધારશો. હું પણ તમારો એક સ્હોબતી સાથેજ છું." મ્હારાં ધૈર્યનાં વાકયો સાંભળી, મને પણ પોતાના જેવાજ જાણી, તેને ધીરજ આવી. ચુંથાતા ચિત્તને તેણે મજબુત બનાવ્યું. ધીરજ અને શાંતી તેના ચ્હેરા ઉપર પથરાઇ ગઇ, તેનું વદન ગંભીર થયું.

" સુહૃદ, તમે આ વખતે મને પૂર્ણ આશ્વાસન રૂપ થયા છો " તેણે આભાર દર્શાવતાં કહ્યું.

" ભાઈ, દુઃખી મનુષ્યને પોતાના દુઃખથી મુક્ત થવું હોય, તો અન્યનું દુઃખ જોવું, જાણવું, એજ ખરૂં સાધન છે. ચલાવો આગળ આપનું સંકટ સાંભળી, મને અતૂલ શાંતી થાય છે." તેણે વાર્તા આગળ ચલાવી.

" મ્હારૂં તે પ્રિયા સાથેનું મિલન, આલિંગન, ચુંબન સર્વથા છેવટનુંજ હતું. અમે બંને પલંગમાં સાથેજ બેઠાં. કુટિલ બકુલના કાળા કાર્યથી શોકના આવરણ નિચે દબાયેલાં અમે એકમેકના વિચારોને દર્શાવતાં હતાં.

" હા પ્રભુ ! આવો અનાચાર ! અત્યાચાર ! અને તે પણ મ્હારા પિતાનાજ ઘરમાં ? બકુલ, બકુલ, તને કાંઇ શરમ નથી ? લાજ નથી ? નિચ અધમ નારી, તારી આવી નિચ વર્ત્તણુક સર્વથા મને જગતમાં નિચું જોવરાવે છે. બસ જાઉં, પિતા પાસે જાઉં, માજીને કહું, હમણાંજ તે રાં—ને ઘરમાંથી હાંકી કહાડું. " કુંદન રોષ યુક્ત શોકના આવેગથી બોલી ઉઠી.

" નહીં, મ્હારી વ્હાલી કુંદન, હમણાં નહીં. અત્યારે સાહસ કરવા સમય નથી. સહવાર પડવાદે,

પછી સર્વે થઇ પડશે. " તેના ઉશ્કેરાયલા હૃદયને ઠંડું પાડતો હું તેની શાંત્વના કરવા લાગ્યો.

" મ્હારૂં હૃદય સહસ્રધા તુટી પડે છે. અરેરે! જેને મ્હારૂં હૃદય અને તનમન ધન સમજતી હતી, મ્હારી પરમ સહચારિણી સમજતી હતી, શું તેજ મ્હારા કલેજાનું માંસ કોતરી ખાવા તૈયાર થઇ? અને તે પણ આવી દુષ્ટ વ્યભિચારિણી નીકળી. ઓ! મ્હારૂં મગજ ભમી જાયછે. બકુલ, જો હું શુદ્ધ કુંદની હોઉં, તો આજથી ત્હારૂં પાપી મ્હોડું સ્વપ્ને પણ નહીં જોઉં. જા મ્હારા હૃદયમાંથી સદાને માટે નિકળી જા. બસ હવે ત્હારે માટે મ્હારા હૃદયના કોઇ પણ ખુણામાં માર્ગ નથી. આનંદ તો નહીં પણ અફસોસ કરવાને માટે પણ માર્ગ નથી, જા, અને સહવારે મ્હારા ઘરમાંથી પણ સદાને માટે નિકળી જા. ત્હારૂં વચન, ત્હારૂં હૃદય અને ત્હારૂં કાર્ય, મેં સાંભળ્યું, જાણ્યું અને જોયું. "

કુંદનની છાતી ભરાઇ આવી. ઘેલાની માફક બકતી બાળા મ્હારા ખોળામાં માથું નાંખી ધીમાં ડુસકાં ભરવા લાગી. હું તેનું આશ્વાસન કરતો તેની પીઠ ઉપર હાથ ફેરવવા લાગ્યો. મારા હૃદયમાં અનેક તરંગો ઉઠયા. અનેક શોકના વિચારોમાં લીન બનેલો હું, મહારા ખોળામાં તે કયારે નિદ્રાવશ થઇ ગઈ તે જાણી શકયો નહીં. વિચારમાંને વિચારમાં લગભગ અર્ધો કલાક નીકળી ગયો હશે. અને ત્યારેજ મને

ભાન આવ્યું, કે કુંદન ઉંઘે છે. ખરેખર અતિશય શોકના દબાણથી કેટલાએકને નિદ્રા તુર્તજ આવે છે. હજુ પણ મ્હારા ખોળામાં તે ઉંઘતીજ હતી. જગાડું ? શામાટે ? જગાડીને તેને પાછી દુઃખી કરવા ? ના. હું જાગીશ પણ તેને નહીં જાગવા દઉં. હું જરા આસ્તેથી, તે ન જાગે તેમ, પલંગમાં પડેલાં ઉશીકાં એકઠાં કરી, તેને અઢીંગી આડો પડ્યો. વિચારમાં હું પણ નિદ્રાવશ થઇ ગયો. તે દીવસની રાત્રી, તે મ્હારા ચળકતા જીવનની ઘોર અંધારી રાત્રીજ રહી. જીવનમાં અમાસનો અમોઘ અંધકાર ફેલાવી ગઇ.



તરંગ ૧૨ મો.

કાળનું પરિવર્તન.

વિભુની વિશ્વ વાડીમાં
કહીં કંઇ ફુલ ફુલ્યાં છે.
રૂતુના રંગ બેરંગી
ઉગી કંઇ એમ ઉલ્યાં છે.
કહીં ઉગે કહીં ફુલે
વિના જળ એમ જંગલમાં.
કહીં કંઇ પાણીને આરે
પડયાં સુકાય છે પળમાં.

એક વખત ખેતરો, બાગબગિચા અને જંગલની ભૂમિ, હરિયાળીથી શોભતી, મયુરોને છાતી ઉપર થનગન નૃત્ય કરાવતી, હરિણનાં ટોળાંને ગેલ કરાવતી આંખને આનંદ આપે છે, તો એક વખત તેજ ભૂમિ સુકાઈ જઇ ભયાનક કાળ જેવી ખાવા ધાય છે. એક વખત નદીનો પ્રવાહ પુર જોસમાં ગર્જના સાથે ઉછળતો હોય છે, તો એક વખત તે સુકાઇને કૃષ થઇ ગયેલી, દયામણા દેખાવવાળી દુઃખી સ્રીના જેવી, પાણી વિનાની, હંસ, સારસ, બક અને કારંડવથી તજાયલા તીરવાળી, હૃદયને શોક ઉત્પન્ન કરનારી ભયંકર ભાસે છે. જે જગોએ એક વખત વાજીંત્રના નાદ અને વિલાસી વર અંગનાઓના

મેખલા, નુપુર અને કર કંમનિયના મિશ્રિત કલરવ વડે કર્ણપ્રિય મ્હેલો હતા, જે જગોએ નુતન રંગો વડે રંગાયેલી, વિચિત્ર ચિત્રો વડે ચિતરાયેલી જેની દિવાલો અને છતોની અવર્ણનિય શોભા, ઓરડાની અંદરના ભાગમાં ગોઠવાયેલા ગ્રહશૃંગારોની શોભામાં ભળી જઇ પોતાની અદ્‌ભૂત રચના વડે જોનારની આંખોને ઘડીભર તો નિશ્ચળ કરી નાંખતી, એવી હવેલીઓ હતી, અને જે જગોએ દુનિયામાં પોતાની મોટાઇ મનાવતી, મગરૂબીથી મેઘ મંડળની સાથે સ્પર્ધા કરવા ઇચ્છતી એવી ઉંચી અગાશીઓ વાળી મેડીઓ, દુશ્મનોનાં દિલને પણ સ્થંભિત કરી, તેમના મ્હોંડેથી વાહવા બોલાવતી વિલસી રહી હતી, તે જગોએ તે મેડી, હવેલી અને મ્હેલોની માત્ર સ્મરણિય શેષ રહેલી ઇંટોનાં રોડાંજ હદબહદ બનાવતાં, ફકત લિસોટા રૂપેજ, જંગલી પશુઓનાં જંગલમાં પડેલાં સુકાં હાડકાંની પેઠે પવનના ઝપાટા અને વરસાદનાં ઝાપટાં ઝીલતાં હતાં. ટાઢ તડકાનું સેવન કરતાં હતાં. જે દેવનાં દહેરાંઓ, અસાધારણ મોટા ઘંટોના નાદથી ગાજી રહેતાં હતાં, અને ઝાલરોના ઝણત્કાર વડે ઝણઝણી રહ્યાં હતાં, અનેક શંખોના ઘોષથી પ્રતિઘોષ પાડી રહ્યાં હતાં, જેના રત્નજડીત સૂવર્ણમય શિખરના ઇંડા ઉપર ધ્વજાઓ આકાશની ઉંચાઇને પકડતી હવામાં ફરફરી રહી હતી, જેના મહાન ઐશ્વર્યથી શોભતી જયશ્રી વડે

જગતના ભાવિક ભકતો લલચાઇ આર્યાવર્ત્તના આ છેડેથી પેલા છેડા સુધી ઉભરાઇ દર્શને આવતા હતા, તે ગંજાવર મેળાનાં અગણિત મનુષ્યોનાં પગલાં વડે જેનાં પગથીયાંને ઘસારા લાગ્યા હતા, તેમાં અધુના નથી દેખાતા દેવ, કે નથી દેખાતા પુજારીઓ, નથી ત્યાં દર્શને આવનારા ભાવિક ભકતોના અગણિત મુખમાંથી નિકળતા જયજયના ધ્વનિ, કે નથી ત્યાં કોઇનું નામ નિશાન. અત્યારે માત્ર કાળના પ્રભાવથી કાળી થઇ ગયેલી પત્થરની દિવાલો અને ઘુમટ ઉપર સુકું ઘાસજ ઉભેલું જણાય છે. અરે ! કાળનું ચક્ર કોને પોતાના અણીદાર દાંતા ઉપર નથી ચડાવતું ? કાળનું પરિવર્ત્તન પોતાની બાથમાં કોને નથી પકડતું ? સર્વ કોઇને પકડે છે. સમયે સર્વ ચાલ્યું જાય છે, પરંતુ મહાન પુરૂષાર્થી પુરૂષોના ભાગ્યની નિશાનીઓ માત્ર દ્રષ્ય રૂપેજ જગત ઉપર તેઓનું નામ કાયમ રાખે છે.

જગતમાં કેટલાએક પુરૂષાર્થથી ચડે છે, અને પુરૂષાર્થથી પડે પણ છે. કેટલાએક ભાગ્ય ઉપર ભરોંસો રાખનારા ભાગ્યવડે ચડે છે અને ભાગ્યવડે પડે પણ છે. કેટલાએક કાળે કરીને ચડે છે અને કાળે કરીને પડે છે. દુનિયામાં જેને જેમ ફાવે તેમ સહુ કોઇ બોલે છે. ફાવે તેમ કહે છે. તો પણ આપણે પુરૂષાર્થ, ભાગ્ય અને કાળને એકજ ગણનામાં ગણીએ, એકજ રૂપમાં મુકીએ તો

જેમ જગતની ત્રણ અવસ્થા ઉત્પત્તિ, સ્થીતિ અને લય છે, તેમ તેની પણ ત્રણ અવસ્થા ગણી શકાય. બિજક કે ઉત્પત્તિમાં પુરૂષાર્થ, સ્થીતિમાં ભાગ્ય અને અંતમાં કાળ, એમ કહીએ તો ખોટું નહિજ કહેવાય. તેમ કદાચ કાળે કરીને ઉત્પત્તિ, કાળે કરીને સ્થીતિ અને કાળે કરીને લય કહીએ, તો પણ ખોટું તો નહીંજ કહેવાય. અને તેથી આદિ મધ્ય અને અંતમાં સર્વત્ર કાળજ રમણ કરે છે. આ જગત સર્વ કાળનુંજ પરિવર્ત્તન છે. કાળનોજ પ્રતાપ છે. કાળનાજ ડાચામાં સર્વની ઉત્પત્તિ, સ્થીતિ અને લય છે. તો પણ સંસારની પાટી ઉપર મહાન નરોના સૂવર્ણ અંકિત, કે પછી કાજળથી ખરડાયેલ કૃત્યોરૂપી લેખની સારી માઠી કીર્તિનો કાળ કોળીઓ કરી શકતો નથી. તે મહાન પુરૂષોના સુચરિત્રના સુકીર્તિરૂપી પ્રકાશને ગળી શકતો નથી, તેનું કારણ એજ કે ક્રૂર કૃત્યો કરીનેજ તે કાળ કહેવાયો છે, અને તેથી કાળનાં કરેલાં કાળાં કામની કાળાશ (અંધારૂં) પ્રકાશ આગળ ઉડીજ જાય છે. તેમજ કાળ જોકે સર્વાંગે કાળાશથી ભરેલો હોવા છતાં, માનવની અપકીર્તિ રૂપી કાળાશથી તે ત્રાસે છે, દુર નાસે છે. તેને પોતાનામાં સમેટી લેવા તે શક્તિવાન થઇ શકતો નથી. તેથીજ થઈ ગયેલા નામાંકિત નિર્દય નરો પોતાની કાળી કીર્તિ વડે હજુ પણ જગતનાં જોડાં ખાય છે. જેમ કાળથી જગત ત્રાસે છે, તેમ કાળ

કાળાં કૃત્યવાળાની કાળી કીર્તિથી ત્રાસે છે, સુકીર્તિવાન મહા પુરૂષોનાં પ્રાતઃસ્મરણિય નામ અને કામ ઉપર જગત ચિરકાળ વાહવા બોલે છે, તે બોલશે. અને કુકર્મીઓના કાર્ય ઉપર જગત ગાળોનો વરસાદ વરસાવે છે, તે વરસાવશે. તોપણ બંને ચિરઃસ્મરણિય રહેશે. કાળનું કાર્ય તે બંનેથી અલગજ રહેશે.

મુંબાઈમાં એક નામાંકિત બેંકનું તળીયું બેસી ગયું. જેના યોગે કંઇ કંઇને રડાવ્યા, કંઇને ભીખ માગતા કર્યા, કંઇને ઝેર ખવરાવ્યાં, દુનિયાની પીઠ ઉપરથી નાબુદ કર્યા, અને કેટલાએકની આબરૂને મોટો ધક્કો પ્હોંચાડ્યો. ભલભલા વેપારીઓ ઉથલી પડયા. જગતના મ્હોંડેથી ગાળો અને શ્રાપનો વરસાદ બેંકના કાર્યવાહકો ઉપર અનંત ધારાએ વરસ્યો. અમારી ચાલતી પ્હેડીને પણ જબરજસ્ત ફટકો લાગ્યો, કે જેથી તે ફરીવાર આ જગતમાં જન્મવા પામીજ નહીં. સર્વસ્વ ગયું.

એક સમયે હું અમારા વાલકેશ્વર ઉપરના બંગલામાં સાંજનો ઇઝીચેર ઉપર પડ્યો પડ્યો વિચારના મણકાઓને ફેરવતો હતો. સાંજની દરીઆની હવા મ્હારા શરીરને શાંતી આપતી હતી, છતાં હૃદયમાં શાંતી નહોતી. અસ્ત પામેલા સુર્યનારાયણની સૂવર્ણ અને તામ્રવર્ણ મિશ્રિત રંગથી રંગાયેલી વાદળીઓની લાલિત્ય શ્રેણી સામેના દરીયાનાં મોજાં

ઉપર વેરાઈ હતી. જાણે સુરજમુખી પીળાં પુષ્પોએ સુર્યના અસ્ત થવાથી પોતાનું હૃદય સહસ્રધા ફાડી નાંખ્યું હોય, પોતાની પીળી પાંખડીઓને જાણે તેના વિયોગ દુઃખમાં વેરી દીધી હોય, તેમ જણાતું હતું. કુદરતની સંધ્યા સમયની આવી સુંદિરતાએ આ વખતે દરેકને સૌન્દર્ય બક્ષ્યું હતું. પ્રાણી માત્રના હૃદયને શાંતિમાં સ્થાપી, આનંદથી ઉભરાવી સુંદિર બનાવ્યાં હતાં. મ્હારી આંખો આ સુંદિરતાને નિહાળી રહી હતી, પણ હૃદય તેને પકડી શકતું નહોતું. હૃદયતો પદ્માસરમાંજ ચોંટ્યું હતું. તેવામાં તારનું પરબીડીયું લઇ એક નોકર આવી ઉભો રહ્યો. હૃદયમાં જેના માટે ચિંતા થતી હતી, તેનાજ વિષયનો તાર હતો. પિતાએ વાંચીને તે વાંચવા મને મોકલ્યો હતો. તારમાં પદ્માસર તુર્તમાંજ જવા સુચન હતું. તુર્ત તૈયારી કરવા માટે પિતાજીએ પણ અનુમોદન આપ્યું હતું. મ્હારી મુદ્રા માંદગી ભોગવે છે. હા દૈવ ! શું હશે. મને તેના અમંગલના વિચારોજ આવવા લાગ્યા. જીંદગીમાં પ્રથમ દુઃખનું પ્રથમ પગથીયું મને મળ્યું હું તેનાપર ચઢ્યો. દુઃખ, શું વસ્તુ હતી, તે મેં આજેજ જોઇ. મ્હારો જીવ મુંઝાવા લાગ્યો, તેને મળવા તડપી રહ્યો. તૈયારી કરી. મ્હારા એક ડાકતર મિત્રને મેં મ્હારી સાથે લીધો. રાત્રે મેઇલમાંજ ચાલી નીકળ્યો. આખી રાત્રી ઉજાગરામાં કહાડી. સર્વથા અશુભજ વિચારોનું સેવન કર્યા કર્યું.

આજે દીવસે ઘેર પ્હોંચ્યો. જતાંવેંતજ જોયું તો મુદ્રા છેલ્લી ઘડીઓ ગણતી હતી. હું અને દાકતર ઓરડામાં ગયા. બીજાં બૈરાંઓ બ્હાર ગયાં. માજી મુદ્રાની આનાકાની છતાં પણ બહાર ગયાં. હું તેના પલંગપર બેઠો. દાકતર સામે ખુરશીપર બેઠા. નાડ હાથમાં લીધી, તપાસી, દવાને માટે બહાર પડેલી પેટી ખોલવા દાકતર ગયો. મ્હારી મુદ્રા કરમાઇ ગયેલી વેલની માફક પડી હતી. મેં તેનો હાથ મારા હાથમાં લીધો. પ્રેમનું એક ચુંબન લીધું. તેની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં.

" બસ વ્હાલા, હવે હું આનંદથી જઇશ હોં. તમે આવ્યા, મ્હારા જીવને ટાઢક વળી. "

" મુદ્ર, રડ નહીં, તને સારૂંજ થઇ જશે. મુંબાઇથી આવેલા આ મ્હારા મિત્ર દાકતર ઘણાજ હુંશીયાર છે. તને જલ્દી આરામ કરી આપશે. "

"મને આરામજ છે. તમારાં દર્શન થયાં, મ્હારી મુંઝવણ મટી, એજ મને મોટો આરામ છે. પરમ શાંતી છે. માજી કયાં છે? મને પાણી "—

" માજી આ આવ્યાં. "

માજીએ ચમચાવતી તેને પાણી પાયું.

" બા હું દવા લઉં? મને સારૂં થશે? તમે કહો તો લઉં.

" દવા નહીં લે, તો સારૂં કેવી રીતે થશે બેટા?

જો દાક્તર આપણા ઘરના જેવા છે, સ્નેહી છે. તે દવા તને સારીજ આપશે."

દાકતરે દવા તૈયાર કરી આપી.

"તો લાવો પી જાઉં"

મુદ્રા દવા પી ગઈ.

"હવે તને સારૂંજ થઇ જશે" મેં કહ્યું.

"તો ભલે. મને સારૂંજ થઈ જશે. માજી તમે ફીકર કરશો નહીં. એમને કહેજો કે મ્હારા માટે જીવ ન બાળે. મ્હારા સમ બા હો. તમે જોયું? એમનો ચ્હેરો કેવો કરમાયેલો છે તે. એ મ્હારા માટે ચિંતા કરે. એ મને ઠીક લાગતું નથી."

"મુદ્રા, બેટા, જો દાક્તર તને વધુ બોલવાની ના પાડે છે."

"બારૂ હું નહીં બોલું લ્યો."

માજીની ઈસારતથી અમે ડેલીના મેડા ઉપર ગયા. ત્યાં ચાહ તૈયાર થઇ આવ્યો. કપડાં ઉતારી અમે બંને ચાહ પીવા બેઠા.

"દાકતર, તમને કેમ લાગે છે?"

"એજ કે મુદ્રા હવે બે દીવસની મિજબાન છે. તમે તેને રેઢી મુકશો નહીં. બરાબર સંભાળ રાખજો. તે આવી રીતે બોલતાં બોલતાં ચાલી જવાની."

મને હૃદયમાં ઉંડો ધ્રાશકો પડયો. જેના સહવાસમાં હું બચપણથીજ રહ્યો હતો, જેની સાથે હું અત્યાર સુધી હૃદય ગ્રંથીથી ગુંથાઈ ગયો હતો, હા ! તે વિખુટી થતાં મને કેટલું કષ્ટ ! મને શરીરે પરસેવો છુટયો. દાકતરે મને આશ્વાસન આપ્યું. વળી મેં મન વાળ્યું, કે પ્રભુ કરે, ને દાકતરનું ભવિષ્ય ખોટું પડે. શું આવા કોઇ દરદી સાજા નથી થયા ?

"દેવની જેમ મરજી હશે, તેમ થશે. આપણે ઘણા ઉપાય કરીશું, અગર તદ્દન નહીંજ કરીએ, તો પણ જે થવાનું હશે તે ચોક્કસ થશેજ." દાકતરે સલાહ આપી. અને મારી પાસેથી જવાની રજા માગી. દવાનો ઉતારો કરી આપ્યો. રજાની સાથે તેમના હાથમાં અમુક રકમની નોટ મેં મુકી, તે તેમણે ન લીધી. અમે બંને જમી કરી સ્ટેશને ગયા. દાકતરને મેં ટીકેટ કઢાવી આપી, તેમને મુંબાઇ રવાના કર્યા. હું ઘેર આવ્યો.

મ્હારી મુદ્રા, ત્રણ દીવસજ રહીને પ્રભુના દરબારમાં પ્હોંચી ગઇ. સદાને માટે આ દુનિયાની હવામાંથી નિકળી ગઇ. મેં મુંબાઈ વિગેરે સ્થળે તાર કર્યા. તેજ રાત્રે મુંબાઇથી વળતો તાર આવ્યો. જેનું વર્ણન કરતાં અત્યારે મને કંપારી છુટે છે. અમારી ચાલતી પેઢી ઉડી ગઈ. સદાની રોજી તુટી ગઈ.

જાંહાજલાલી ગઈ. માનમર્તબો ગયાં. મુદ્રા ગઇ તેની સાથે એ પણ ગઇ. સર્વસ્વ ગયું. હું તો આભોજ બની ગયો. વળતે દીવસે વળી તાર આવ્યો. પિતાજી દેવલોક ગયા. મ્હારી સ્વતંત્રતાના સુખચેનના દિવસો ઉડી ગયા. આવી ઉત્તરોત્તર વધતી જતી પારાવાર અસહ્ય પીડાઓના અમોઘ મારથી મ્હારાં માતુશ્રીનું હૃદય એકાએક બંધ પડી ગયું. બે દિવસ અવાક રહી, તે પણ આ ફાની દુનિયાને છેલ્લી સલામ કરી સદાને માટે મને તજી ચાલ્યાં ગયાં. હું ઘરમાં એકલો અટુલોજ રહ્યો. મને કોઈ ધિરજ આપે તેવું પણ ન રહ્યું. મુદ્રાનું મર્ણ, પેઢીનું રામચર્ણ, પિતા માતાનું પણ રામચર્ણ, મને રામશરણ કરવા જેવું થયું. ગામમાં હાહાકાર થઇ રહ્યો. બનતી ત્વરાએ હું મુંબાઇ ગયો. ત્યાં જઈ જોયું, તો સર્વ ઐશ્વર્ય લુંટાઇ ગયું હતું. બંગલો, વાડી સર્વે ગયાં. ત્યાંનું ત્યાંજ રહ્યું. એક ન્હાની પેટી, કે જેમાં માત્ર ચારસો થી પાંચસો સુધીની નોટોના કકડા, અને કેટલાક ઘરના ખાનગી કાગળીયા હતા, તે મ્હારા વૃદ્ધ મુનીમે મને પોતાને ઘેર તેડી જઇને આપી, જે તેણે ખાનગી રીતે લઈ સાચવી રાખી હતી. વૃદ્ધ મુનીમે મને સારી સલાહ આપી. રડતી આંખે મેં મુંબાઇને છોડી.

હા ! દુઃખ ઉપર દુઃખ ! દાઝયા ઉપર ડામ ! ડામ ઉપર નીમકના પાણીનો છંટકાવ! કયાં જાઉં? શું કરૂં? હા દૈવ ! પરભવનાં મ્હારાં આ કેવાં સંચિત !

કે મ્હારી આટલી ન્હાની બાવીશ વર્ષની ઉમ્મરમાં મ્હારે મહાન ઐશ્વર્ય પદ છોડી, કંગાલ ભિખારી હાલતે થવું પડયું ! સપાટ રેતીના રણના મેદાનમાં ઉભેલા એક ન્હાના છોડવાના મીસાલે હું એકલોજ મ્હારા ઘરમાં નિરાધાર રહ્યો. દુનિયા એમજ ધારતી હતી, કે હું ગાંડો થઈ જઇશ, અગર મરણને શરણ થઇ જઇશ, પરંતુ ભવિષ્યનાં સુખ દુઃખ ભોગવવાં હજુ મ્હારા લલાટમાં લખાયેલાં હતાં, તે કેમ મિથ્યા થાય ! આવા કફોડા, કષ્ટથી ભરેલા સમયમાં મ્હારૂં હૃદય સખ્ત સંકટ સહન કરવાને, પડતી આપત્તિઓના પત્થરોને ઝીલવાને પત્થરમયજ બન્યું હતું. મુંબાઇથી આવ્યા પછી હું ઘણું રડયો. ઘણાએ છાનો રાખવા આવતા હતા, પણ તેમાં મ્હારૂં કષ્ટ કાપવાવાળા કોઇ નહોતા આવતા. જે આવતા, તે મને રડાવતા હતા. પરિણામમાં મ્હારી આંખોજ સુજાવી દીધી. જેટલા જેટલા આવતા, તે મ્હારી પાસે રડતા હતા, અને સંભારી સંભારી મને રડાવતા હતા. રડવા આવનાર ઝાઝા, ને સામે રડનારો હું એક. શું કરૂં, રડવુંજ પડતું. બેચાર દીવસ તો આમ રડવું ચાલ્યું. પણ પછી હું સમજયો, કે જો હું આમ સર્વેની પાસે રડીશ, તો હું કાયર છું, એમ સહુ જાણશે. માટે વિપત્તિ વખતે ધૈર્ય રાખવું, એજ સર્વોત્તમ ઉપાય છે.

મ્હારે પડયા ઉપર પાટુ જેવું થયું, છતાં તેના ઉપર હજુ માર પડવાનું બાકી રહ્યું હતું, તે મ્હારા

પિત્રાઇઓ અને અન્ય સગાં વિગેરેએ મ્હારૂં શેષ રહેલું ધન ઘોઈ નાંખવા કમ્મર કસી. મ્હારી મિટ્ટી ખરાબ કરી નાંખી. મને રઝળતો ભિખારી બનાવી દીધો. " ત્રણ ત્રણ મરણાં થયાં અને તેની પાછળ કાંઇ એંઠા હાથ ન થાય, તો પછી નાતીલાઓ અમને મેણાં મારી મારીને જગતમાં જીવતા પણ શેના રહેવા દે. જે થયું તે થયું, પણ ત્હારે વરાતો કરવાજ પડશે. કંકોત્રીઓ લખવીજ પડશે. ત્હારી પાસે નાણું ન હોય, તો ના કહે, એટલે અમે અમારા પદરથી ખર્ચ કરીશું. પણ વરા કર્યા વિના તો નહિજ ચાલે "

કોણ જાણે તે વખતે મ્હારી મતીજ મુંઝાઈ ગઇ હતી. કારણકે એવું કોઇ મ્હારૂં હિતેચ્છુ ન હતું, કે જે મને સારી શિખામણ આપે. હું અકળાયો, મ્હારે વરા કરવાજ પડયા. જર ઝવેરાત વેચવાંજ પડયાં. મુંબાઇથી આવેલી નોટો તો કયાંઇ તણાઇ ગઇ. મુંબાઇમાં જાથુ રહેઠાણ હોવાથી મારા પિતાશ્રીએ પદ્માસરમાં કાંઇ ઝાઝું મુકયું નહોતું. તો પણ જેટલું નિકળ્યું તેટલું વેચ્યું. ખેતર પાધર પણ વેચી નાંખ્યાં, અને એકને બદલે ત્રણ વરા કરવા પડયા. વળી બાકી રહી જતું હતું, તે તે ઉપર લ્હાણી પણ કરવી પડી. વાળીચોળીને ઘર સાફ કર્યું. છેવટ હિસાબ ગણતાં ગામના હજારેક રૂપીઆ લગભગ દેવા રહ્યા.

સમય ઘડીમાં શુંનું શું કરે છે ! એક મહીના

મ્હેલાં મનમાં કિંચિત્ પણ એવો ખ્યાલ નહોતો, કે મ્હારે આવા અમોઘ દુસ્તર દુઃખના દરિયામાં ઝંપલાવું પડશે. હા ! મ્હારી કેવી કફોડી સ્થીતિ ! વરો વિત્યો. અઠવાડીયું થયું. લેણીયાતોની ધમાલ મારે આંગણે ચાલી. રાત્રિદીવસ ઘરમાં હું એકલોજ અફસોસ કરતો પડયો રહેતો. મ્હારાં આંસુ લ્હોનાર તો શું પણ મને સારી સલાહ કે શાંત્વના આપનાર પણ કોઈ નહોતું. જે સગાં મ્હારે ઘેર પોતાના ઘરનું કામકાજ છોડી ગણ્યા ગાંઠયા દીવસ પડયાં પાથર્યાં રહ્યાં હતાં, તે અત્યારે મને તજી અલગ થયાં, ઐશ્વર્યના વખતમાં જે મને ભાઇ ભાઇ કહી સલામો ભરતા હતા, તે હવે દેખાતાજ નહોતા.

કયા ખીજાં આઇ ચમનમેં શજરે ગુલ જાતા રહા,
ચેન ઓ મેરે જીગરકા સબભી જાતા રહા.
ક્યું ન તડપે વ્હો હુમા અબ દામમેં સૈયાદકે,
ચયઠનાં દો દો પહર અબ તખ્તકા જાતા રહા.

સ્નેહી કહેવાતા હતા, તે પણ આવે વખતે મ્હારૂં મ્હોંડું ન જોવાને માટે મારાથી સંતાતા ફરતા હતા. કોઇ કદાચ રસ્તામાં અચાનક મળી જતો, તો પોતે જાણે મને ઓળખતોજ નથી, તેમ આડું જોઈ રસ્તો માપી જતો હતો. સમય ! સમય ! તારો આ કેવો પ્રભાવ !

સંસારમાં સગું કોઈ કોઈનું નથી. સગું સર્વ ધનીનું. નિર્ધનીનું કોઇ નહીં. ધનવાન પુરૂષો ધનવાન સગાનેજ ચાહે છે, પછી ભલે તેમાં હજારો અવગુણ હોય. ગુણવાન હોય પણ તે જો નિર્ધની હોય તો તેને આંગણે પણ ઉભો નહીંજ રાખે. પોતાને ઘેર જો પોતાનો ગરીબ સગો આવ્યો હોય, તો ધનવાન તેમાં પોતાની હલકાઇ સમજે છે. ગરીબ સગાને બોલાવતાં લજવાય છે. સમૃદ્ધિના કેફથી છાકટો થયેલો ધની તે બિચારા નિર્ધન સગાની સામે પણ જોતો નથી. તેના તરફ જોતાં શરમાય છે. કદાચ તે પીવાને માત્ર પાણીજ માગે છે, તો તેને એવાં કડવાં વેણ સંભળાવે છે, કે તે બિચારો ફરીથી તેને આંગણેજ જઇ શકતો નથી. અહાહા! તમારા ધનમાં અત્યારે તમે છાકેલા છો, પણ યાદ રાખજો કે મારી પેઠે તમારો પણ એક વખત આવો કફોડો અવસર આવશે, જે તમને ઘર ઘર ભીખ મગાવશે ભુલી નહીં જાઓ. અત્યારે તમે જે લક્ષ્મીના મદથી આંધળા થયા છો, તેજ લક્ષ્મી તમને ચોધાર આંસુએ રડાવશે, તે વખતે તમને પૂર્ણ ખાત્રી થશે. સ્વાર્થના આંધળાઓ લક્ષ્મીને પોતાનીજ સમજે છે પણ તેમને એવી કયાં ખબર છે, કે લક્ષ્મી કોઇની થઇ નથી ને થવાની પણ નથી. આજે છે, ને કાલે નથી.

મ્હારા પિતાની જાહોજલાલીમાં પચાસરમાં

મ્હારા ઘરની જોડે મુદ્રાનાં માતાપિતા રહેતાં હતાં; તેઓ બિચારાં નિર્ધન અવસ્થામાં પણ પણ પ્રમાણિકપણે જીંદગી ગુજારતાં હતાં. તેમને સંતાનમાં માત્ર આ એક મુદ્રાજ હતી. પાંચ વર્ષની તેને ન્હાની મુકી તેઓ પરલોક પ્હોંચી ગયાં હતાં. મુદ્રાને ઉછેરી મોટી કરવા તેઓ મ્હારાં માતુશ્રીને સોંપી ગયાં હતાં. મુદ્રા બચપણથીજ ગુણિયલ હતી. તે અને હું બંને સમાન વયનાંજ હતાં. અમે સાથેજ રમતાં હતાં. તે મ્હારા કહ્યાઉપરવટ કદી પણ કશું કરતી નહોતી. મને તે પૂર્ણ પ્રેમથી ચાહતી હતી. મ્હારા વિના તે કદી જમવા પણ બેસતી નહોતી. હું ને તે હમેશાં સાથેજ જમતાં સાથેજ રમતાં હતાં. હું નિશાળે જવા લાગ્યો ત્યારે મ્હારા પિતાશ્રીએ તેણીને ભણાવવા માટે એક સ્ત્રી શિક્ષકને ઘેર પગાર આપીને રાખી હતી. અમે બંને તેર વરસની વયે પરણ્યાં. બચપણનો પ્રેમ છોડવો વધીને એક મ્હોટું વૃક્ષ થયું હતું. પરંતુ કમભાગ્યે તે પ્રેમ વૃક્ષનું દૈવે છેદન કરી નાંખ્યું. મુદ્રા ગઇ તો ગઇ, પણ સાથે મ્હારાં માતા, પિતા અને મ્હારા પૂર્ણ વૈભવને પણ લેતી ગઈ. કેવો ચમત્કાર ! કેવો અજબ ફેરફાર ! હું કંગાળ, નિર્ધન જ્યાં જતો ત્યાં મને કોઇ આંગણે ઉભું રહેવા દેતું નહોતું. મ્હારી કંગાળ વાણી કોઈ સાંભળતું નહોતું. સર્વ મ્હારો તિરસ્કાર કરતા હતા. સગાં તો સામે આવતાંજ નહીં. બોલાવતાંજ નહીં. પરંતુ જે મિત્રો મ્હારે ઘેર આવી

નાસ્તાપાણી ઉડાવતા હતા. મન માનતા પૈસાનું પાણી કરતા હતા. સમયે મારી પાસેથી મોટી રકમ પણ લઇ જતા હતા, તેજ મિત્રો, તેજ સ્નેહીઓ, પલટાઇ ગયા ! તેજ હૃદયો બદલાઈ ગયાં ! ન કોઇ મને વિશ્રાંતી આપતું, ન કોઇ મને શાંતી આપતું. ન કોઇ મ્હારી વાત સાંભળતું, કે ન કોઇ મને ચાંગળું પાણી પાતું. સર્વકોઇ વિમુખ ! બસ મિત્રતા પણ જાહોજલાલીની, ઐશ્વર્યની, માત્ર સ્વાર્થનીજ છે. મિત્રતા માત્ર નામનીજ છે, થયું. જોયું, જાણ્યું, અનુભવ્યું. ખરે વખતે ખરા પણ ખસી જાય ! આ શું ! કાંઈ નહીં. આ સર્વ કિસ્મતનોજ પ્રભાવ ! કાળનોજ પ્રભાવ ! તેઓ બિચારા શું કરે ! જ્યાં મ્હારૂં ભાગ્ય અવળું હોય, ત્યાં સવળું કેમ થાય. પૂર્વનાં મ્હારાં પૂન્યમાં કે દત્તમાં ખામી હશે. સંચિત હતું તેટલું વાવરી ખાધું. હવે તેનો શોક શો ? પરિતાપ શો ? પશ્ચાતાપ શો ?

भीमं वनं भवति तस्य पुरं प्रधानम

सर्वोजनः सुजनतामुपयाति तस्य ।

कृत्स्ना च भूर्भवति सन्निधि रत्नपूर्णा

यस्यास्ति पूर्वसुकृतं विपुलं नरस्य ॥

જે માણસે પુર્વ જન્મમાં પુષ્કળ પુણ્ય કર્યાં, હોય, તે માણસ માટે ભયંકર વન પણ મોટું નગર

થાય છે. સઘળા મનુષ્યો સજ્જન થાય છે અને આખી પૃથ્વી ઉત્તમ ભંડાર તથા રત્નથી પૂર્ણ થાય છે, એટલા માટે માણસે પુણ્યજ કરવું જોઇએ.

મ્હેં મ્હારા હૃદયને પૂર્ણ ધૈર્ય આપ્યું, શાંતી પકડી. દીવસ હતો તેની રાત્રી થઈ અને રાત્રીનો પાછો દીવસ પણ સમયે થશેજ.

छिन्नोऽपि रोहति तरुः
क्षीणोप्यु पचीयते पुनश्चन्द्रः ।
इति विमृशन्तः सन्तः
सन्तप्यन्ते न विप्लुता लोके ॥

છેદેલું વૃક્ષ પણ ફરીથી ઉગે છે અને ક્ષીણ થયેલો ચંદ્ર પણ ફરીથી વધે છે; એવી રીતે વિચારતા સત્પુરૂષો વિપદનું દુઃખ ધરતા નથી.

મેં સર્વથા મ્હારા હૃદયને પડેલાં અને ભવિષ્યમાં પણ પડનારાં સંકટોની સામે ટક્કર ઝીલવા, સખ્ત બનાવ્યું. હું મ્હારા એક નજીકના સગા પિત્રાઈને ત્યાં જમતો હતો. પરંતુ હવે તે હૃદયમાં કચવાતો હતો. પારકે ઘેર પેટ ભરી એક મહિનો માંડમાંડ કહાડયો. કંગાલ અવસ્થામાં, ભિખારી હાલતમાં જન્મ ભૂમિમાં સગાંઓની વચમાં મેણા ટુણા ખાવા રહેવું, સર્વથા મ્હારા જેવાને શરમ જેવું છે.

वरं वनं व्याघ्र गजेन्द्र सेवितम्
द्रुमालये पक्व फलाम्बु भोजनम् ।
तृणानि शय्या परिधान वल्कलम्
न बंधु मध्ये धनहीन जीवनम् ॥

વાઘ અને હાથીથી સેવિત વનમાં રહેવું સારૂં, ઝાડ તળે ઘર કરી રહેતાં પાકાં ફળ અને પાણીથી ભોજન કરવું એ સારૂં, તૃણની શય્યા, વલ્કલ પહેરવાં એ સારૂં, પણ બંધુ જનમાં-કુટુંબમાં ધનહીન જીવવું, એ સારૂં નથી.

મદદને માટે પરદેશના કેટલાક મિત્રોપર પત્રો લખ્યા, મ્હારી અવદશાનું વર્ણન કર્યું. પરંતુ કોઈના જવાબ આવ્યા અને કોઈના નજ આવ્યા. જેના જવાબ આવ્યા, તે સંતોષકારક તો નહીજ. આ ઉપરથી પરદેશમાં કોઇના ઉપર ભરોંસો રાખી કોઇને ત્યાં જવું કે કોઇને મ્હોં બતાવવું, એ વિચાર મેં પૂર્ણપણે માંડી વાળ્યો. મારી પાસે જુજ પૈસા હતા. પહેરવાને માત્ર એક જોડી કપડાંજ હતાં. એક અંધારી રાત્રે માત્ર પ્હેર્યે લુગડે કોઇને કહ્યા વિના ઘરને તાળું મારી એમને એમ ચાલી નિકળ્યો. વિપત્તિથી ઘેરાયલા હૃદયને અંધારી રાત્રી, ચોર જાનવર કે ભુત પલિત પણ કોઈ ડરાવી શક્યું નહીં. હું ચાલ્યોજ ગયો. કોઇ દીવસ ચાલેલો

નહીં, તેથી મને થાક લાગતો, પણ અપાર સંક-
ટના ઘાની વેદનાઓથી ઘડાઇ ગયેલાં તન મને
થાકને પણ કાંઇ ગણુકાર્યો નહીં, લેખવ્યો નહીં.
બે દીવસ સતત ચાલીને ત્રીજે દીવસે રાજનગર
આવ્યો, જ્યાં સદ્‌ભાગ્યે મ્હારા પિતાશ્રીના ઓળ-
ખીતા નંદીપ્રસાદ અચાનક રસ્તામાં મને મળી ગયા.
જે મને પોતાને ઘેર લઇ ગયા. મેં મ્હારી સર્વ
હકીકત નિવેદન કરી, તેમણે અફસોસ દર્શાવ્યો.
આ નંદીપ્રસાદ બીજો કોઇ નહીં પણ બકુલનો બાપ
હતો. બકુલ જ્યારે પરણી ત્યારે હું તેમને ઘેર મુંબાઇથી
આવ્યો હતો. મ્હારૂં દુઃખ સાંભળી તેમને દયા આવી
અને મને એક વકીલ ઉપર ભલામણ પત્ર લખી
આપ્યું. જ્યાં મને પંદર રૂપીઆના વકીલના કારકુનની
જગા મળી. બકુલે મને જે વિષે ટોણો માર્યો હતો,
તે ભલામણ પત્ર આ જ હતું. આવા દુઃખમાં મને
કરેલી આવી મદદનો ઉપકાર ભુલી જાઉં, તેવો હું
મુર્ખ નહોતો. અને હજુપણ હું તે ભુલી જવાને
મુર્ખ બન્યોજ નથી. મ્હારા ઉપર બકુલે કરેલા
વિપત્તિના સંસ્કાર જો કે હજુ તાજાજ છે, અને
હજુપણ તે હું ભોગવ્યેજ જાઉં છું. છતાં પણ હું તે
ઉપકારનો બદલો બનશે તો બહુ સારી રીતે આપીશ.
ભલે મર્ણ થાય, તોપણ બદલો બુરી રીતે તો
નહીંજ વાળું. તેને મન સવળું ને મ્હારે મન
અવળું; તે કેમ બને ?

લગભગ ચારેક મહિના નોકરી કર્યાબાદ કાંઇક

મુજ રકમ લઇ, હું આઠ દીવસની રજા ઉપર પધાસર આવ્યો. બીજે દીવસે સવારમાં વ્હેલો ઉઠયો. તે દીવસનો સુર્યનારાયણ કોઇ અદ્ભુત, મ્હારા ભાગ્યની કળાને ચમકાવતોજ ઉગ્યો. મ્હારૂં વિપત્તિમાં રહેલું ધૈર્ય તેણે પારખ્યું હોય, અને તેથી જાણે તેને મ્હારી આ કંગાળ દશા ઉપર દયા આવી હોય, તેમ મ્હારી સ્થીતિનું રૂપાંતર કરવા, તે જાણે વિશેષ પ્રતિભાથી, વિશેષ સૌન્દર્યથી ઝળહળતો ઉગ્યો. રસોઈ બનાવી જમીને જેવો હું પથારીમાં સુતો, તેવીજ સામેની અભરાઇ ઉપર મ્હારી નજર ગઇ. જ્યાં ન્હાની લાકડાની પેટી, જે મને મ્હારા મુનીમે મુંબાઇમાં મ્હારા પિતાના મર્ણ બાદ હું ગયો ત્યારે આપી હતી, તે પડી હતી. તેમાં મારા પિતાશ્રીના ખાનગી કાગળીયા હતા, જે વાંચવા મને સમય પણ મળ્યો નહોતો. હમણાં હું શાંત ચિત્તવાળો હતો, અને તેથી તે વાંચવાનું મને મન થયું. પેટી ઉતારી તેમાંથી કાગળીયા ક્હાડી હું પથારી ઉપર બેઠો બેઠો વાંચવા લાગ્યો તેમાંથી એક કાગળના ટુકડાએ મ્હારી કંગાળ દશા કાપી નાંખી, ભિખારીપણું ભાંગી નાખ્યું. ભાગ્ય ખરેખર ચડીયાતું કર્યું. તે વાંચીને હું અજાયબી આનંદ અને ખુશીના આવેશમાં ગરકાવ થઈ ગયો. શું મુનીમે આ કાગળનો કકડો વાંચ્યો હતો ? તેને ખબર હતી ? નહીં; મુનીમ અજાણ્યોજ હતો. નહીં તો

મને તે આવી વાત કર્યા વિના ન રહેત. પિતાજી પણ ભુલી ગયા હોવા જોઈએ. નહીંતો તેમનું અકાળ મર્ણ પણ ન થાત. સર્વથા આ ટુકડો સર્વેની જાણ બહારજ હતો. મ્હારી ડેલીની સાંકળ બંધ હતી. મેં એક લોઢાનું હથીઆર હાથમાં લીધું અને કાગળમાં બતાવેલી નિશાનીવાળા સ્થળે ઘરના એક ખુણામાં પડેલી ચીજો આઘી પાછી કરી ખોદવું શરૂ કર્યું. લગભગ અર્ધોએક કલાક મજુરી કર્યા બાદ મ્હારી મોટી અજાયબી વચ્ચે એક લોઢાની મોટી પેટી અંદર નજરે પડી. મોટી મહેનતે તેને બહાર કહાડી, ઉઘાડી. અહાહા ! હીરા મોતીના દાગીના ! માણેક નિલમ પાખરાજના દાગીના ! ચકચકીત સૂવર્ણમય દાગીના! એક તરફ સુવાર્ણના સિક્કાઓનો ઢગલો ! બેશુમાર દોલત ! દશ હજારની નોટો ! રૂપાના સિક્કા ? માત્ર એકસોને એકજ!!!

પુરૂષાર્થ, ભાગ્ય, કાળ, તમારૂં આ કેવું પરિવર્ત્તન! કેવો ચમત્કાર ! કેવો અચાનક, આશ્ચર્યજનક ભવિષ્યનો ફેરફાર ! ! દૈવ ત્હારી વિચિત્ર ગતીની બલીહારી છે !! બલીહારી છે !!!

પ્રથમ ભાગ સમાપ્ત.

આશ્રયદાતાનાં મુબારક નામ.

મે. કુમારશ્રી લાલસિંહજી રાયસિંહજી	વિરમગામ
શેઠ ગોવરધનદાસ મોહનલાલ	,,
શેઠ દામોદરદાસ હિરાચંદ	,,
શેઠ કેશવલાલ હિરાચંદ	,,
રા. માણેકલાલ કુબેરદાસ	,,
રા. બાલુપ્રસાદ ડાહ્યાભાઇ	અમદાવાદ

જલ્દી નામ નોંધાવો.

પ્રસ્તુત પુસ્તકનો બીજો ભાગ
જન સમાજની સેવા બજાવવા
તુર્તમાંજ તૈયાર થાય છે.

લી,

માણેકલાલ જેઠાભાઈ પટેલ.

સદરહુ પુસ્તક નિચેને સરનામે લખવાથી મળી શકશે.

ધ્રાંગધરા—કર્ત્તાને ત્યાંથી.

અમદાવાદ—માણેકલાલ જેઠાભાઇ પટેલ.

માસુનાયકની પોળ.

ડાહ્યાભાઇની હવેલી

નં. ૨૨૨૬.